કિં. ₹૨૦/-
પાના નં-૧

ડિસેમ્બર-૨૦૧૭
જાન્યુઆરી-૨૦૧૮

સળંગ અંક:૭૩
વર્ષ : ૧૨

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ અમદાવાદ

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એક્તા કટ્ટા


નવનિયુક્ત મહામંડળનાં પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગાનું શ્રી પ્રભુદાસભાઈ દ્વારા સન્માન



નળ સરોવર મુકામે યોજાયેલ યુવા સંવાદ કાર્યક્રમ

મહામંડળ દ્વારા વરિષ્ઠ દંપતિઓનું સન્માન




મહામંડળ આયોજીત કાર્યક્રમમાં સાંસ્કૃતિક સમિતિ દ્વારા ભવ્ય રજુઆત


ઉચ્ચ શૈક્ષણિક સન્માન

વડિલ વંદના ...૧૨ | વાર્ષિક સ્નેહ મિલન- અમદાવાદ..૨૨ | એન્ટાર્ટીકાનાં અભ્યાસ માટે જઈ રહેલ આન્યા સોની ...૩૪

# હાર્દિક અભિનંદન



## શ્રી ભરતભાઈ બેચરલાલ સોની

**પ્રમુખશ્રી,**
**અખિલ ભારતીય**
**મારૂ કંસારા સોની**
**જ્ઞાતિ મહામંડળ**

જય ભરત-વંદે માતરમ્,

પ્રતાપી પૂર્વજો, પુણ્યશાળી માતાજી-પિતાજી, સ્નેહાળ પરિવાર, હેતથી છલકતા જ્ઞાતિજનો અને મોંઘેરા મિત્રોના અગાધ સ્નેહ વચ્ચે તમારો ઉછેર થયો છે.

નખત્રાણામાં જનસેવાક્ષેત્રે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ ભારતીય જનતા પક્ષમાં વિવિધ હોદ્દાઓ ઉપર શોભાયમાન થઈને સંગઠન-સેવા-જનસુખાકારી ક્ષેત્રે યશસ્વી કામગીરી કરતા રહ્યા છે.

મણિનગર નખત્રાણાનું હૃદય છે. એના આંગણે અભૂતપૂર્વ ગરબી, રમત-ગમત, સામાજિક, સાંસ્કૃતિક ક્ષેત્રે તેમજ નખત્રાણા તેમજ આસપાસના વિસ્તારોમાંથી જન-ગણ-મનની સેવા માટે હર ક્ષણે તત્પર રહ્યા છો.

આજે જ્ઞાતિના મહા સંસ્થાન એવા "અખિલ ભારતીય મારૂ કંસારા જ્ઞાતિ મહામંડળ"ના અધ્યક્ષપદે નિયુક્ત થયા છો ત્યારે આપની પ્રબળ વિચારશક્તિ, દૂરંદેશી વિચારણા, મુત્સદીગીરી, ચતુરાઈ, કાબેલિયત અને સમાજને એક સૂત્રે બાંધી રાખવાની પ્રતિબદ્ધતાનો સાચો લાભ જ્ઞાતિજનો સુધી પહોંચશે જ.

સુવર્ણ, રજત, હીરામોતી સાથે વ્યવસાયરત આપણી જ્ઞાતિના પુણ્યશાળી સંતાન તરીકે આપશ્રીની આ ગૌરવાકિંત નિયુક્તિને પોંખતાં-વધાવતાં અમને આનંદ થાય છે.

આપની સેવા આપના સમાજ ઉપરાંત સંઘ વિચારધારાથી પોષાયેલી પ્રકૃતિ અને પ્રવૃત્તિથી આપના સંબંધો સતત વિસ્તારતી રહે અને આપ જીવનમાં સતત પ્રગતિનાં શિખરો સર કરો એવી અમારી અંતરની અભિલાષા...

- **શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - નખત્રાણા**
- **શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ - નખત્રાણા**
- **શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - નખત્રાણા**

સુમિ એડ - નખત્રાણા - (૦૨૮૩૫) ૨૨૨૬૩૮

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૨ ● અંક : ૬

ડિસેમ્બર '૧૭ – જાન્યુઆરી '૧૮

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન / ડિઝાઇન**

જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઇટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

પ્રશાંત બીજલાણી

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪ (રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫ (ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**

દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com


**ઈ-મેલ :** gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**

## તંત્રી સ્થાનેથી



*૨૦૧૭નું વર્ષ, શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજ માટે પ્રવૃત્તિમય અને પ્રગતિશીલ રહ્યું. ખાસ કરીને એના આખરી બે માસ એટલે કે નવેમ્બર અને ડિસેમ્બર યાદગાર પ્રવૃત્તિઓથી ભરચક રહ્યા. એક તરફ અમદાવાદ જ્ઞાતિ મંડળ આયોજીત 'યુવા સંવાદે' સમસ્ત સમાજના યુવા વર્ગને ચેતનવંતુ કર્યું. તો, રાયપુર જ્ઞાતિ મંડળે, ભાગવત કથા દ્વારા સમાજના ભાવિક વર્ગને ભક્તિ રસથી ભીંજવ્યા. આ તરફ મુંબઈ તેમજ અન્ય સ્થળોના કાર્યરત મહિલા અને યુવા મંડળોએ પણ પોતપોતાની નાની મોટી પ્રવૃત્તિઓ થકી સમાજની સરગમ રેલાવતા રહ્યા. ભુજ મહિલા મંડળે એના વિવિધ કાર્યક્રમો દ્વારા સમાજલક્ષી પ્રવૃત્તિઓનો સમાજને લાભ આપ્યો અને આ બધા સ્થાનિક કાર્યક્રમોના શીરમોર સમો હતો ભુજ જ્ઞાતિ ટ્રસ્ટનો એકત્રીસમો સમૂહ લગ્ન કાર્યક્રમ. ભુજ જ્ઞાતિના નવા પ્રમુખશ્રી અને નવી કારોબારી માટે ચેલેન્જ સમાન આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. એ માટે ભુજ જ્ઞાતિ મંડળને 'સેતુ'ના હાર્દિક અભિનંદન.*

*આ તો વાત થઈ આપણા ઘટક સમાજો અને એના અંતર્ગત કાર્યરત મહિલા અને યુવા મંડળોની. પરંતુ ૨૦૧૭ના અંતિમ દિવસોમાં હજી પણ કાંઈક નવું Christmas જેવું શાન્તા ક્લોજ આપવાનું બાકી હતું અને આપણી જ્ઞાતિના મહામંડળે એની પરિપૂર્તિ કરી. તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ મહામંડળે આપણા સમાજના વરિષ્ઠ દંપતિઓ અને વયસ્કો તેમજ તેજસ્વી તારલાઓનું સન્માન કર્યું. તદુપરાંત વાર્ષિક સામાન્ય સભા અંતર્ગત નવા પ્રમુખની વરણી પણ કરી.*

*અત્રે આ બાબત બે વધુ વાક્યો કહેવા આવશ્યક જણાય છે. મહામંડળની સ્થાપનાથી લઈને ૨૦૧૭ની ૩૧મી ડિસેમ્બર સુધી આ સન્માનિત પદ પર બિરાજમાન હતા, આપણા સમાજના શ્રેષ્ઠી શ્રી પ્રભુદાસભાઈ સોનીની અવસ્થા તેમજ નાદુરસ્ત તબિયતને લીધે તેઓશ્રીએ સ્વયં ઈચ્છાથી આ પદ પરથી મુક્ત થવાનું એલાન કરેલું. અને એટલે જ નવા પ્રમુખની વરણી આવશ્યક હતી. હવે આગામી વર્ષો દરમ્યાન આ પદ આપણી જ્ઞાતિના સર્વમાન્ય આગેવાન શ્રી ભરતભાઈ બગ્ગા શોભાવશે. આપણો સમસ્ત સમાજ એમના વ્યક્તિત્વ અને કાર્યોથી પરીચિત છે. "સેતુ"એ પૂર્વ પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈના 'નેતૃત્વ'ના અનેક પ્રસંગો 'મહામંડળની મહેક' અંતર્ગત પ્રકાશિત કર્યા છે. એ સર્વેને યાદ કરી 'સેતુ' એમની જ્ઞાતિ સેવાઓને સાભાર બિરદાવે છે. સાથે સાથે નવ નિર્વાચીત પ્રમુખ શ્રી ભરતભાઈને ઉમંગથી આવકારે છે.*

*સર્વે વાચકોને અંગ્રેજી બેસતા વર્ષના હાર્દિક અભિનંદન. અસ્તુ.*

**– અતુલ સોની**

# હિંદુ ઇઝમ – (૨)

પ્રેષક : તુલસીદાસ કંસારા

*શ્રી સ્વામિનારાયણ સંસ્થા બાપ્સ દ્વારા બે વોલ્યુમમાં પ્રકાશિત ઉપર લખેલ ટાઈટલ ધરાવતા ગ્રંથ સમાન અંગ્રેજી પુસ્તકના પ્રકરણ-૧ થી ૪ નો સાર તમે ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૭ના અંકમાં વાંચી ગયા. હવે આગળ વાંચો, પ્રકરણ-૫ થી ૧૦માંથી મેળવેલ માખણરૂપી ભાવસંક્ષેપ અહીં પીરસેલ છે.*

## પ્રકરણ-૫ : પવિત્ર ગ્રંથો ભાગ-૩

૧. કેટલાક ધાર્મિક અને આધ્યાત્મિક વિદ્વાનો આગમોને વેદિક ગ્રંથો જેવા જ ગણે છે. તેઓ મંદિરોમાં દેવોની પૂજા કેવી રીતે કરવી તેમજ શાસ્ત્રોક્ત રીતે ભક્તિ અને પૂજા-પાઠને જીવમાં કેવી રીતે વણાય તે દર્શાવે છે.

૨. અન્ય શાસ્ત્રોમાં વેદાંગો અને ઉપ-વેદો આવે છે. વેદાંગોમાં શિક્ષા (ઉચ્ચાર શાસ્ત્રને લગતું), છંદો (પીંગળશાસ્ત્ર), વ્યાકરણ, નિરૂકતા (વ્યુત્પત્તિ શાસ્ત્ર), જયોતિષ (ખગોળ વિદ્યા, જયોતિષ શાસ્ત્ર, ગણિત અને ભૂમિતિ) અને કલ્પ (બલિદાનનાં મંત્રો અને પ્રાર્થનાઓનું વિજ્ઞાન) આવે છે.

૩. વેદોમાંથી નિષ્પન્ન થતા ઉપવેદોમાં આયુર્વેદ (શરીરશાસ્ત્રનું વિજ્ઞાન), ગાંધર્વવેદ (સંગીતશાસ્ત્ર), ધનુર્વિદ્યા (યુદ્ધ કૌશલ્યને લગતું વિજ્ઞાન) અને સ્થાપત્ય વેદ કે વાસ્તુ વેદ (પવિત્ર અને સુદીર્ઘકાલીન કે ધર્મનિરપેક્ષ બાંધકામને લગતું વિજ્ઞાન) આવે છે.

૪. બ્રહ્મસુત્રો કે વેદાંતસુત્રો બદ્રયાન વેદવ્યાસ દ્વારા પૌરાણિક ઉપનિષદોના ઉપદેશોનો એક વ્યવસ્થિત પદ્ધતિએ તૈયાર કરવામાં આવેલ ગ્રંથ છે. આવા ત્રણ શાસ્ત્રોમાંથી એક છે પ્રસ્થાનાત્રયિ. અન્ય બે છે ઉપનિષદો અને ભગવદ્ ગીતા. લગભગ બધા જ મહાન આચાર્યોએ તેમના પર પોતપોતાના સ્વતંત્ર ભાષ્ય વેદાંતની ફિલોસોફી દર્શાવવા માટે લખેલા છે.

## પ્રકરણ-૬ : શાદ દર્શનો
## (ભારતીય દર્શનોની ૬ રૂઢીચુસ્ત પદ્ધતિઓ)

૧. દર્શન શબ્દનો અર્થ થાય છે જાણવું - સમજવું કે દરેક પાસાઓ તરફ જોવું. તેનો સીધો સંબંધ આધ્યાત્મિક સમજ અને આવિષ્કાર સાથે છે. ભક્તિના સંદર્ભમાં દર્શન અને દૈવીમૂર્તિને માન સાથે જોવી. તેનો અર્થ એક ફિલોસોફિકલ - દર્શનશાસ્ત્રની પદ્ધતિ પણ થાય છે.

૨. દર્શન શાસ્ત્રના મુખ્ય બે વિભાગો છે. જેમાં એક છે રૂઢીચુસ્ત જે વેદોની સત્તા સ્વીકારે છે અને આ દુનિયા બનાવનાર (ઇશ્વર)માં શ્રદ્ધા, પુનર્જન્મ વગેરેમાં માને છે. અને અન્ય છે સુધારાવાદી - જે વેદોની સત્તા તેમજ ઇશ્વરનો આવિષ્કાર કરે છે. આ છયે રૂઢિચુસ્ત દર્શનો કે જે શાદ દર્શનો તરીકે પણ ઓળખાય છે, તેમનો અંતિમ લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ છે.

૩. શાંખ્ય શાખા એવો વિચાર ધરાવે છે કે માયા અને દુઃખોમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ પ્રકૃતિમાંથી નિષ્પન્ન થતી ક્ષણિક પ્રકારની વસ્તુઓના ભેદની સમજ અને પુરુષાર્થ જ આકરી સત્ય છે તે જ્ઞાન પર નિર્ભર છે.

૪. યોગા એ પોતાના મન અને જ્ઞાનેન્દ્રિયો પર કાબૂ કરી, અષ્ટાંગયોગા, સંયમ, જાત અભ્યાસ કેળવી અને દુનિયાદારીના આનંદ પ્રત્યે સંપૂર્ણ વિરક્તિ દ્વારા પરમાત્માને પામવાનો રસ્તો છે.

૫. ન્યાય એ પદ્ધતિસરની તાર્કિક વ્યવસ્થા છે. જે પ્રમાણભૂત જ્ઞાન મેળવવા માટે ચાર બાબતો જેવી કે ગ્રહણ શક્તિ, નિષ્કર્ષ, સમાનતા અને પુરાવાને વણી લે છે.

૬. વૈશેશિકા શાખા અધ્યાત્મ વિદ્યા અને પંચીકરણ વિદ્યાનો અભ્યાસ છે. તે કહે છે કે દરેક ભૌતિક વસ્તુઓની ઉત્પત્તિ વિવિધ અણુઓના સંયોજનથી થાય છે.

૭. પૂર્વ મિમાંસા આ પૃથ્વી પર સદાચારી જીવન જીવવા અને મોક્ષ કે સ્વર્ગ મેળવવા માટે ખાસ કરીને કર્મકાંડ કે વેદના મંત્રો વગેરેનો સમાવેશ કરે છે.

૮. ઉત્તર મિમાંસા અથવા વેદાંત ઉપનિષદોમાં સમજાવાયેલ વેદવ્યાસના બ્રહ્મસૂત્રો મુજબ દાર્શનિક સત્યોની વાત કરે છે. પ્રકૃતિ, આત્મા અને પરમાત્માની સાચી સમજ દ્વારા મુક્તિ પામી શકાય છે. આમાં મુખ્ય બે વિભાગો છે : નાસ્તિકતા અને ઉત્તર મિમાંસાની આસ્તિકતા. તેને ભક્તિ વેદાંત શાખા પણ કહેવાય છે.

## પ્રકરણ-૭
## (વેદાંતના ઉપદેશો અથવા તેનું શિક્ષણ) નિચોડ

લગભગ દરેક આચાર્યોએ ઉપનિષદો, બ્રહ્મશાસ્ત્રો અને ભગવદ્ ગીતાના અભ્યાસ પછી તેમના પોતાના ઉપદેશો કે ભાષ્યો લખેલ છે. તેમનો અભ્યાસ વેદાંતિક ફિલોસોફીનો ભાગ બની રહેલ છે. ક્યારેક સ્થાપક આચાર્યને બદલે તેમના શિષ્યોએ પ્રસ્થાનત્રયિ ઉપર નોંધો લખેલ છે. કેટલાક આચાર્યોએ સંપ્રદાયો સ્થાપેલ છે કે હયાત સંપ્રદાયોનું સંવર્ધન કરેલ છે. તેમના ઉલ્લેખનીય ફાળાએ ભારત અને દુનિયાને દાર્શનિક તેમજ આધ્યાત્મિક ગહન અને મનનીય વારસો આપેલ છે. આ શાસ્ત્રોથી સદીઓ દરમિયાન દર્શનશાસ્ત્ર અને અધ્યાત્મ શાસ્ત્રોના અનેક વિદ્વાનો તેમની ગ્રહણશક્તિ તેમજ કાળજી પૂર્વકના ઊંડા અભ્યાસ, તપાસ, શોધ કે નિરીક્ષણને અંતે પ્રભાવિત થયેલ છે. વેદાંતની શાખાઓનું અંતિમ લક્ષ્ય અને સંદેશ મોક્ષની પ્રાપ્તિ છે.

**સાર :**

૧. આદિ શંકરાચાર્ય, એક શિવભક્તે, કેવલદ્વૈતા (અબાધિત અદ્વૈતવાદ)ની ફિલોસોફી પ્રસ્થાપિત કરેલ. તેઓ બ્રહ્માને એકમાત્ર આખરી સત્ય તરીકે માનતા હતા. તેઓ કહેતા કે દરેક વસ્તુઓ બ્રહ્માએ ફેલાવેલ છે. આ દુનિયા અને તેના સ્વરૂપો એક આભાસ છે. માત્ર એક બ્રહ્મા જ સત્ય છે. અને તેથી દરેક વ્યક્તિનો આત્મા એ બ્રહ્મ સમાન છે. તેમણે કહ્યું કે બ્રહ્મા સર્વજ્ઞાની, સર્વવ્યાપક, સર્વશક્તિમાન અને નિરંકાર છે. તેવા જ્ઞાનની અનુભૂતિ થવી કે આત્મા એ જ બ્રહ્મ છે તે જ ખરો મોક્ષ છે.

૨. શ્રી રામાનુજાચાર્ય એક વૈષ્ણવ આચાર્ય હતા જેમણે વૈશ્વદ્વૈતા (યોગ્ય અદ્વૈતવાદ)ની ફિલોસોફી આપી. તેઓએ ત્રણ શાશ્વત સત્યો : ઈશ્વર, જીવ અને માયાનો સિદ્ધાંત આપ્યો. ઈશ્વર કે ભગવાન સ્વતંત્ર છે જ્યારે બાકીના બંને તેમના પર નિર્ભર છે. જેમકે શરીર તેના કાર્યો અને અસ્તિત્વ માટે આત્મા પર નિર્ભર છે. તેમણે કહેલ કે ભગવાન દિવ્ય આકારમાં હોય છે અને તે વ્યક્તિગત બાબત છે. તેમને શરણે જવાથી અને ભક્તિ દ્વારા જીવન ભગવાનની કૃપા પામે છે અને મોક્ષના આશિર્વાદ મેળવે છે. અલબત્ત આ રીતે પણ મુક્તિ પામેલ જીવ ભગવાનને શરણે જ રહે છે.

૩. શ્રી નિમ્બાકાચાર્ય વૈષ્ણવ હતા જેમણે દ્વૈત્દ્વિતા (દ્વૈતીક અદ્વૈતવાદ)ની ફિલોસોફી પ્રસ્થાપિત કરી. તેમનો સંપ્રદાય કુમાર અથવા તો હામ્સા સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેઓ ત્રણ હકીકતોમાં માનતા હતા. પરબ્રહ્મ, માયા અને જીવો. તેમણે કહેલ કે માયા અને જીવો પરબ્રહ્મના આશ્રિત છે પરંતુ તેઓ પોતાનું વ્યક્તિત્વ ખોતા નથી. જીવો જ્ઞાન, ઉપાસના, ભક્તિ, પ્રાપ્તિ અને પ્રાર્થના ભગવાન તેમજ તેમના દ્વારા મેળવેલ ગુરૂ થકી તેમની કૃપા પામી શકે છે અને તેમના આશિર્વાદથી મોક્ષ મેળવે છે.

૪. શ્રી માધવાચાર્ય વૈષ્ણવ હતા જેમણે દ્વૈત (શુદ્ધ દ્વૈતવાદ)ની ફિલોસોફીનો પ્રસાર કર્યો. તેમનો સંપ્રદાય બ્રહ્મા સંપ્રદાય તરીકે ઓળખાય છે. તેઓ ત્રણ હકીકતોમાં માનતા હતા : ભગવાન, જીવો અને માયા. તેમણે શુદ્ધ દ્વૈતવાદના સિદ્ધાંતની વકીલાત કરી, જેમાં ભગવાન અને આત્મા સાવ જુદા છે. આત્માઓ પણ એકબીજાથી જુદા હોય છે અને ભૌતિક પદાર્થોમાં દરેક પદાર્થ અલગ હોય છે. શ્રી માધવે ઉપદેશ આપેલ કે ભગવાન દિવ્ય આકારમાં હોય છે અને તે વ્યક્તિગત બાબત છે. તેઓ માનતા કે ભગવાનને સાચી રીતે જાણવાથી ભક્તિ ઉત્પન્ન થાય છે અને ભક્તિને કારણે ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે અને તે રીતે મોક્ષ મળે છે.

૫. શ્રી વલ્લભાચાર્ય વૈષ્ણવ હતા જેમણે શુદ્ધઅદ્વૈત (શુદ્ધ અદ્વૈતવાદ)ની ફિલોસોફીનો પ્રચાર કર્યો. તેમની ભક્તિ રૂદ્ર કે વલ્લભ સંપ્રદાય કહેવાય છે. મોક્ષ પામવાનો રસ્તો પુષ્ટિ ભક્તિ છે. પુષ્ટિમાર્ગ મતલબ કે કૃષ્ણ માટે ઉત્કટ પ્રેમ. વલ્લભાચાર્ય કહે છે કે પરબ્રહ્મ એટલે કૃષ્ણ અને તેઓ જ ઉચ્ચતમ સત્ય છે અને જીવો તેમજ માયા તેમના મહાન અગ્નિના ઉડતા તણખા જેવા દેખીતા લક્ષણો છે. કૃષ્ણની ખરા ભાવપૂર્વકની ભક્તિથી જીવો તેમની કૃપા અને મોક્ષના આશિર્વાદ મેળવે છે.

૬. એવું માનવામાં આવે છે કે વૈષ્ણવ ચૈતન્ય મહાપ્રભુ રાધાના સ્વરૂપે કૃષ્ણ હતા. તેઓએ અચિંત્ય ભેદભેદા કે અકલ્પ્ય ભેદ કે કોઈ પણ ભેદ નહીંની ફિલોસોફી વ્યાખ્યાંકિત કરેલ. તેમની પરંપરા ગૌડિયા વૈષ્ણવ સંપ્રદાય તરીકે જાણીતી છે. ભક્તિ સંપ્રદાયના સર્વે આચાર્યોની જેમ તેઓ માનતા કે ભગવાનનું દિવ્ય સ્વરૂપ છે. ચૈતન્ય મહાપ્રભુ એ કૃષ્ણની અત્યંત ભાવપૂર્વકની ભક્તિ અને ઉત્કટ પ્રેમ ઉપર ભાર મૂકેલ છે.

૭. ભગવાન સ્વામિનારાયણ પણ એક વૈષ્ણવ હતા જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. તેમની ફિલોસોફી સ્વામિનારાયણ વેદાંત દર્શન તરીકે જાણીતી છે. તેઓ પાંચ શાશ્વત સત્યો જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના સિદ્ધાંતમાં માનતા. પ્રથમ બંને માયા દ્વારા બંધાયેલ છે જ્યારે અંતિમ બે માયાથી હંમેશ માટે દૂર છે. જીવોએ મોક્ષ મેળવવા માટે બ્રહ્મ સાથે તાદાત્મ્ય સાધીને બ્રહ્મરૂપ (ભગવાનનો સાક્ષાત્કાર થયેલ સાધુ) થવું પડે છે. તેઓ માનતા કે ઈશ્વરને પોતાનું સાકાર રૂપ છે અને જીવો તેમનાથી અલગ મોક્ષ પછી પણ ભગવાનના દાસ સ્વરૂપે રહે છે. ભગવાન સ્વામિનારાયણે જાહેર કરેલ કે તેઓ હંમેશાં અગણિત આત્માઓના ઉધ્ધાર માટે તેમના ગુણાતીત સાધુ તરીકે માનવ સ્વરૂપે પૃથ્વી ઉપર હાજરાહજૂર છે. ભગવાન સ્વામિનારાયણ તેમના ભક્તો દ્વારા તેમના જીવન દરમિયાન જ અંતિમ ભગવાન તરીકે આદર ધરાવતા હતા અને હજુ પણ સ્વામિનારાયણ સંપ્રદાયના લાખો ભક્તો તેમની તે જ રીતે ભક્તિ કરે છે.

## પ્રકરણ-૮ : વેદાંતનો બોધ

૧. હિંદુ પરંપરાઓમાં મુખ્યત્વે ચાર ધારાઓ : વૈષ્ણવ, શૈવ, શક્તિ અને સ્મૃતિ છે. તેઓ સર્વે વેદો, પવિત્રગ્રંથો, ધાર્મિક જગ્યાઓ, મંદિરો અને મંત્રોચ્ચારની આણ સ્વીકારે છે અને કેટલાકને પોતાની ગુરૂ પરંપરા છે. આ ચારેય પરંપરાઓ, અવતારવાદ, કર્મ, પુનર્જન્મ, મંદિરમાં પૂજા અર્ચના કે

ધાર્મિક વિધિની સામાન્ય માન્યતાઓ ધરાવે છે.

૨. વૈષ્ણવો મોટેભાગે વિષ્ણુ કે નારાયણ અને તેના સ્વરૂપ જેવા કે નરસિંહ, રામ, કૃષ્ણ ઇત્યાદિને ભજે છે. ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિ મોક્ષ માટે તેમના ગર્ભિત સિધ્ધાંતો છે. મહાન વૈષ્ણવ આચાર્યો, ભક્તો અને રહસ્યવાદી કવિઓએ ભક્તિ સંપ્રદાયનું પાલન કરી ઉછેરેલ છે.

૩. શિવપંથીઓ શંકરને અંતિમ સત્ય માનેલ છે. તેમની પણ મંત્રોચ્ચાર, મૂર્તિપૂજા, ઉત્સવો, ગુરૂ પરંપરા, સંત-કવિઓ અને નીતિ-નિયમોને અનુસરવાની પરંપરા રહેલ છે.

૪. શાક્ત પરંપરાને અનુસરનારાઓ શિવની પત્ની સતી કે પાર્વતીને દેવીરૂપે ભજે છે. આ દેવીને તેમના સૌમ્ય જેવા કે પાર્વતી અને અંબિકા કે ઉગ્ર સ્વરૂપ ચંડી, કાલી અને ચામુંડા તરીકે ભજવામાં આવે છે.

૫. સ્મૃતિમાં માનનારાઓ હિંદુ ધર્મની સર્વવ્યાપકતાને વિષ્ણુ, સૂર્ય, શિવ, દેવી અને ગણેશની પૂજા મારફતે અનુમોદન આપે છે. આદિ શંકરાચાર્ય અને તેમના અનુયાયીઓએ નવમી સદી અને ત્યારબાદ આ પરંપરાનું સિંચન કરેલ છે. સ્મૃતિ ભક્તો આ પાંચ દેવી-દેવતાઓ કે તેમાંના કોઈપણ એકને આદર આપી તેમનો મહિમા કરે છે.

## પ્રકરણ-૯ : હિંદુ સંપ્રદાયો

હિંદુ સંપ્રદાયોમાં અનેક અવતારો અને દેવ-દેવીઓ છે જેમને અનેક રીતે પૂજવામાં આવે છે. દરેક સંપ્રદાય પોતાના દેવતા કે ઇષ્ટદેવની પૂજા તેમને સર્વશક્તિમાન માનીને કરે છે.

વૈષ્ણવોમાં, રામાનુજાચાર્યનો શ્રી વૈષ્ણવ સંપ્રદાય માને છે કે નારાયણ સર્વશક્તિમાન ભગવાન છે. માધવાચાર્યનો બ્રહ્મ સંપ્રદાય વિષ્ણુને સર્વશક્તિમાન માને છે. નિમ્બારકાચાર્યનો સનક સંપ્રદાય, વલ્લભાચાર્યનો રૂદ્ર સંપ્રદાય અને ચૈતન્ય મહાપ્રભુનો ગૌડિયા સંપ્રદાય કૃષ્ણને સર્વશક્તિમાન માને છે. તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ભગવાન સ્વામિનારાયણને સર્વ શક્તિમાન માનવામાં આવે છે.

શિવના બધા જ સંપ્રદાયો શિવને સર્વશક્તિમાન માને છે અને શાક્તો પાર્વતીને સર્વશક્તિમાન માને છે. સ્મૃતિ સંપ્રદાયના ભક્તો વિષ્ણુ, શિવ, સૂર્ય, ગણેશ કે પાર્વતીને સર્વશક્તિમાન માને છે. હિંદુ ધર્મે આવી રીતે દરેક વ્યક્તિને પોતાને ગમતી કોઈપણ એક ભક્તિ કરવાની અને અન્ય દરેક હિંદુ દેવતાઓને આદર આપવાની આઝાદી આપેલ છે. તે રોજબરોજની જિંદગીમાં ધાર્મિક રીતે બહુમુખી રૂપોને પ્રામાણિકપણે સ્વીકારે છે.

૧. હિંદુ શાસ્ત્રો શીખવાડે છે કે સર્વશક્તિમાન એક જ ઇશ્વર અનેક સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે.

૨. આપણા વિશ્વને ધારણ કરવા તેમજ તેનું રક્ષણ કરવાની જવાબદારી વિષ્ણુની છે. વૈષ્ણવો માને છે કે દુષ્ટોના વિનાશ અને ધર્મના પુનઃસ્થાપન માટે વિષ્ણુએ અનેક અવતારો લીધા છે.

૩. તેમના દસ અવતારોમાં મત્સ્ય, કુર્મા, વરાહ, નરસિંહા, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કી અવતાર જે હવે ધારણ કરશે.

૪. આ વિશ્વને બનાવનાર બ્રહ્મા છે. તેઓએ આ દુનિયા અને તેના સર્વે જીવોનું સર્વશક્તિમાન ઇશ્વરની ઇચ્છા અને શક્તિથી નિર્માણ કરેલ છે.

૫. શિવને વિસર્જનના દેવ તરીકે ઓળખવામાં અને આદર આપવામાં આવે છે. શિવ એટલે કલ્યાણકારક અને તેઓ ભક્તો પર સહેલાઈથી રીઝે છે. તેથી તેમને આસુતોષ કહેવાય છે.

૬. અમશાવતારોમાં દત્તાત્રય, ધન્વન્તરી, હયાગ્રીવ, કપિલા, મોહિની, નર-નારાયણ, વ્યાસ આવે છે.

૭. અન્ય લોકપ્રિય રીતે ભજવામાં આવતા દેવોમાં ગણપતિ, કાર્તિકેય અને હનુમાન છે.

## પ્રકરણ-૧૦ : ઇશ્વર એક કે અનેક?

૧. મુખ્યત્વે સરસ્વતી, લક્ષ્મી, પાર્વતી, સીતા અને રાધાની દેવીઓ તરીકે હિંદુ ધર્મમાં પૂજા કરવામાં આવે છે.

૨. સરસ્વતી દેવી બ્રહ્માની પત્ની છે. તે લોકપ્રિય રીતે વાણી અને શિક્ષણની દેવી માનવામાં આવે છે. સરસ્વતી દેવીને ધર્મનિરપેક્ષ જ્ઞાન જેમકે કળા, વિજ્ઞાન, કારીગરી અને કુશળતાનું મૂર્તિમંત સ્વરૂપ માનવામાં આવે છે.

૩. લક્ષ્મીદેવી નારાયણ કે વિષ્ણુની અર્ધાંગિની છે. તેમને લોકપ્રિય રીતે ઐશ્વર્યની દેવી માનવામાં આવે છે.

૪. પાર્વતી દેવી શિવની અર્ધાંગિની અને શક્તિ છે. શાકતપંથની દેવીઓ પાર્વતીના સ્વરૂપો છે. તેમના સૌમ્ય અને રૂદ્ર બંને પ્રકારના સ્વરૂપો છે.

૫. સીતા રામના પત્ની છે. તેઓ રામ પ્રત્યેના પ્રેમ અને મનનીય અનુસરણને કારણે હિંદુસ્તાનની નારીઓ માટે આદર્શ સ્વરૂપ છે.

૬. રાધા કૃષ્ણની સખી મિત્ર છે. તેમની તેમના પ્રત્યેની ભક્તિ અનુકરણીય છે.

***(સાભાર : આ જ પુસ્તકના પ્રકરણ-૫ થી ૧૦નો ભાવસંક્ષેપ)***

## નવ નિર્વાચીત પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગા

– *હંસરાજ કંસારા*



ગત દિનાંક તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ, મહામંડળની વાર્ષિક સામાન્ય સભા મળી હતી. સભાની અન્ય કાર્યવાહી ઉપરાંત, મહામંડળના નવા પ્રમુખ તરીકે શ્રી ભરતભાઈ બગ્ગાની સર્વાનુમતે વરણી થઈ હતી.

કચ્છી મારૂ કંસારા સોની સમાજમાં શ્રી ભરતભાઈ બગ્ગાનું નામ સેવાભાવી આગેવાનોમાં વર્ષોથી અગ્રસ્થાને જાણીતું છે. તેઓશ્રી હાલે આપણા નખત્રાણા જ્ઞાતિ સમાજના પ્રમુખપદે છે. એનાથી અગાઉ ઓગણત્રીસ વર્ષની યુવા વયે તેઓશ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની સમાજના પ્રમુખપદે રહી ચૂક્યા છે. એમ કહી શકાય કે એમણે એક ગામ, શહેર કે તાલુકાના જ્ઞાતિ મંડળને સ્થાને, આખા એક વિસ્તારને આવરી લેતા સંગઠિત સમાજની કલ્પના કરી એને સાકાર અને સક્રિય રાખવામાં સૌપ્રથમ સફળ પ્રયોગ કર્યો હતો. તદુપરાંત અખિલ ભારતીય મહામંડળની સ્થાપના થઈ ત્યારથી આજ પર્યંત તેઓશ્રી સભ્ય તરીકે યોગદાન આપી રહ્યા છે.

સમાજસેવા ક્ષેત્રે કચ્છમાં શ્રી ભરતભાઈની આગવી ઓળખ છે. આજથી ત્રીસથી વધુ વર્ષ પહેલાં તેઓશ્રીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કર્મશીલ કાર્યકર તરીકે સમાજસેવા ક્ષેત્રે પદાર્પણ કર્યું. ત્યારબાદ તેઓશ્રી અખિલ ભારતીય વિદ્યા પરિષદના પણ સદસ્ય થયા અને દયાપર, નલીયા, નખત્રાણા આદિ વિદ્યાભારતી શાળાઓના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે કાર્યરત રહ્યા. ૧૯૮૭માં તેઓશ્રી નખત્રાણા તાલુકા પંચાયતના સરપંચ થયા. ભારતીય જનતા પાર્ટીના જીલ્લા મહામંત્રી પદે પણ તેઓશ્રીએ દસ વર્ષ સેવાઓ આપી હતી.

તેઓશ્રીએ ભારતીય જનતા પાર્ટી (કચ્છ)નો સર્વપ્રથમ સંગઠન ડેટાબેઝ તૈયાર કર્યો. એનું વિમોચન તત્સમયે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. એમની આ ઉપલબ્ધિએ પાર્ટીમાં એમની વિશેષ ઓળખ પ્રસ્થાપિત કરી છે.

શ્રી ભરતભાઈનો જન્મ નખત્રાણા તાલુકાના રવાપર ગામે, ૧૨ ડિસેમ્બર, ૧૯૬૨ના રોજ થયો. એમના પિતાશ્રી બેચરદાસભાઈ પ્રાગજીનો નખત્રાણા મુકામે સોના ચાંદીનો વ્યવસાય હતો. પશ્ચિમ કચ્છ, નખત્રાણા પંથકમાં સોની મહાજન તરીકે એમની વિશેષ ઓળખ હતી. શ્રી ભરતભાઈની નખત્રાણા સમાજના વર્તમાન પ્રમુખ તરીકેની નોંધપાત્ર કારકીર્દિમાં જ્ઞાતિની વાડીનું આધુનિકરણ કર્યું તે કહી શકાય. તેઓશ્રીએ આ વાડીને એના રોજીંદા ખર્ચ માટે સ્વ-નિર્ભર બનાવી છે, જે દાખલારૂપ છે.

શ્રી ભરતભાઈએ હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ કર્યા બાદ એમના વંશાનુગત અભ્યાસમાં જોડાયા. થોડા વર્ષ બાદ એમણે એમના ચાર ભાઈઓ સાથે મળીને મકાન બાંધકામ ક્ષેત્રે ઝંપલાવ્યું. આ વ્યવસાયમાં તેઓને ધારી સફળતા મળી છે અને આખા પંથકમાં બિલ્ડર તરીકે જાણીતા થયા છે. જો કે એમના પિતાશ્રીએ સ્થાપેલી સોના-ચાંદીની વ્યવસાયિક પેઢી આજે પણ મોજુદ છે, જેનું કામકાજ એમના ભાઈ સંજયભાઈ સંભાળે છે. એમના પરિવારમાં બે પુત્રી અને એક પુત્ર છે. ત્રણે ગ્રેજ્યુએટ થયેલા છે. એમના પુત્રએ પૈતૃક વ્યવસાય અપનાવ્યો છે.

મહામંડળે એની સ્થાપનાનો પ્રથમ દાયકો પૂરો કર્યો છે. સમસ્ત સમાજમાં એની આગવી વ્યાપક અને અસરકારક સંસ્થાકીય ઓળખ પ્રસ્થાપિત થઈ છે.

ભરતભાઈ આ ઓળખને અનુરૂપ સમસ્ત સમાજને સ્પર્શતી પ્રવૃત્તિઓ દ્વારા, વધુ મજબૂત બનાવવા ઇચ્છે છે. તેઓશ્રી માને છે કે 'મહા મંડળ'નું આકલ્પન સંઘીય સંરચના છે. એના ઉદ્દેશોમાં સ્થાનિકે કાર્યરત મંડળો દ્વારા આયોજીત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા ઉપરાંત, કેટલીક એવી દીર્ઘકાલીન પ્રવૃત્તિઓનું આયોજન હોવું જોઈએ કે જેનો લાભ સમસ્ત સમાજને મળે. આ સંદર્ભે તેઓશ્રીએ હાલમાં અમદાવાદ મંડળ આયોજીત 'યુવા સંવાદ'નો દાખલો આપ્યો હતો.

યુવા સંવાદની ફળશ્રુતિ સ્વરૂપે ઉદ્‌ઘોષિત સમસ્ત સમાજને ડેટા-બેઝ તૈયાર કરવાના આયોજનની તેમણે સરાહના કરી હતી. સદ્‌ભાગ્યે શ્રી ભરતભાઈનો સંગઠન તેમજ ડેટાબેઝ ક્ષેત્રે ઉપયુક્ત અભ્યાસ અને બહોળો અનુભવ છે. આશા છે કે મહામંડળના પ્રમુખ તરીકે તેઓશ્રીની કાર્યસૂચિમાં સમાજનો ડેટાબેઝ તૈયાર કરવાની પ્રવૃત્તિનો યથોચિત સમાવેશ થશે.

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ તેમજ 'જ્ઞાતિસેતુ' પરિવાર શ્રી ભરતભાઈને મહામંડળના પ્રમુખ થયા તે બદલ હાર્દિક અભિનંદન સાથે, સફળ કારકિર્દીની શુભકામના પાઠવે છે.

*જયમીન સોની - પ્રમુખશ્રી, અતુલ સોની - મંત્રી,*
*મનુભાઇ કોટડિયા, અધ્યક્ષ - વ્યવસ્થાપક સમિતિ*

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ

# || અભિનંદન ||



**શ્રી ભરતભાઈ બેચરદાસ બગ્ગા (નખત્રાણા)**

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની મહામંડળના પ્રમુખ તરીકેના ગૌરવપ્રદ પદે સર્વાનુમતે વરણી થવા બદલ શ્રી ભરતભાઈ બેચરદાસ બગ્ગા (નખત્રાણા)ને અમારા સૌના હાર્દિક અભિનંદન.

અમને વિશ્વાસ છે કે શ્રી ભરતભાઈના અનુભવી નેતૃત્વ હેઠળ આપણા સમાજનું મહામંડળ ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહેશે તેમજ આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે આવશ્યક એવા વિવિધ આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે નૂતન આયામો અને અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન થશે.

શ્રી ભરતભાઈના નેતૃત્વ હેઠળ પ્રેરિત પ્રત્યક્ષ સમાજલક્ષી કાર્યો અને પ્રવૃત્તિઓમાં અમારો સૌનો સક્રિય સહયોગ મળતો રહેશે એવી ખાત્રી સાથે અમારા સૌની શુભેચ્છા.

**લી.**

| મહિલા મંડળ | | જ્ઞાતિ મંડળ | | યુવક મંડળ | |
|---|---|---|---|---|---|
| અલ્પા સોની | - પ્રમુખ | જયમીન સોની | - પ્રમુખ | હર્ષદભાઈ સોની | - પ્રમુખ |
| શોભના સોની | - ઉપપ્રમુખ | જયેશ ઘડીયાળી | - ઉપપ્રમુખ | નીલેશ સોની | - ઉપપ્રમુખ |
| હંસા સોની | - મંત્રી | અતુલ સોની | - મંત્રી | આશિષ સોની | - મંત્રી |
| પૂર્વી સોની | - ખજાનચી | મનુભાઇ કોટડિયા | - ખજાનચી | નીતિન સોની | - ખજાનચી |
| મધુબેન બીજલાણી | - સહમંત્રી | સુનીલ બીજલાણી | - સહમંત્રી | પરેશભાઈ મહીચા | - સહમંત્રી |
| તથા સર્વે કારોબારી સભ્યો | | તથા સર્વે કારોબારી સભ્યો | | તથા સર્વે કારોબારી સભ્યો | |

# મહામંડળ દ્વારા વડીલ વંદના

અમૃતલાલ જે. સોલંકી

*તા. ૩૧-૧૨-૨૦૧૭ :* સવારની ગુલાબી ઠંડી સાથે સવારે ૦૯.૩૦ કલાકેથી જ્ઞાતિજનો ટાઉન હોલ મધ્યે આવતાં અને ભેગા થતાં મહામંડળના અધિવેશન કાર્યક્રમની શરૂઆત સમયસર ૧૦.૩૦ કલાકેથી શરૂ કરવામાં આવેલ. માઇક પરથી મુખ્ય સંયોજક ચંદુભાઈ ચનાણીએ નામજોગ મહેમાનોને મંચસ્થ પધારવા આમંત્રણ આપેલ. પુષ્પગુચ્છથી મહેમાનોનું અભિવાદન કરેલ તેમજ તેમના સ્થાને બેસાડેલ. કાર્ય આગળ વધારતાં પ્રથમ સ્વાગત ગીત જે આદિપુર નિવાસી કવિતાબેન સોલંકી, પૂજાબેન સોલંકી અને મિલનભાઇ સોલંકી દ્વારા રજૂ થયેલ. ત્યારબાદ સ્વાગત નૃત્ય રીયાબેન ધીરજલાલ બારમેડા - ભુજ દ્વારા રજૂ થયેલ. સ્વાગત બાદ સામાન્ય સંભાળી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ. કેટલીક કાર્યવાહી બાદ ૧૨.૩૦ કલાકે મિટીંગના કાર્યને વિરામ આપી, વડીલ વંદનાનો કાર્ય શરૂ કરવાનું મુખ્ય સંયોજક દ્વારા જણાવાતાં વડીલ વંદનાના કન્વીનર અમૃતલાલ સોલંકીએ કાર્યક્રમની તૈયારી સંબંધે વિગતવાર રજુઆત કરેલ.

તા. ૩૧-૧૨-૨૦૧૭ – વર્ષનો છેલ્લો દિવસ જે આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિ માટેનો ગૌરવશાળી દિવસે ભુજ મધ્યે ટાઉન હોલ ખાતે શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા આયોજીત ત્રિ-વાર્ષિક મહાસંમેલન યોજાયેલ. આ સંમેલન ખરેખર તો ૨૦૧૫માં મળવાનો હતો અને તે ભુજ ખાતે સમૂહ લગ્ન જ્યારે યોજાય તેના આગલા દિવસે યોજવાનું નક્કી થયેલ પરંતુ ૨૦૧૫માં સિંહસ્થનો સમય હોતાં આ સમયમાં લગ્ન કે અન્ય સારા કામો ન કરાય તેવું વિધાન આપણા જ્યોતિષ શાસ્ત્રો જણાવે છે. તેથી ભુજ જ્ઞાતિએ ૨૦૧૫માં સમૂહ લગ્ન મુલત્વી રાખતાં મહામંડળને તેનો નક્કી કરેલ કાર્ય પણ મુલતવી રાખવો પડેલ. ત્યારબાદ ૨૦૧૬માં ભુજ ખાતે સમૂહ લગ્ન યોજાવાનું નક્કી થયેલ અને મહામંડળે પણ તેના આગલા દિવસે ત્રિ-વાર્ષિક કાર્યક્રમ યોજવાની જાહેરાત કરેલ. તેથી ૨૦૧૬માં લગભગ બધા કાર્યોની તૈયારી પણ થઈ ગયેલ હતી. તો આ વખતે સરકારે નોટબંધી જાહેર કરતાં અને દરેક ઘટક તરફથી આ વર્ષે મહામંડળનો કાર્યક્રમ મુલત્વી રાખવા ભલામણ કરતાં ૨૦૧૬માં આ કાર્ય યોજાઇ ન શક્યો અને ૨૦૧૭ના ભુજ ખાતે સમૂહ લગ્ન યોજાય તો તેના આગલા દિવસે આ કાર્ય કરવું તેવું સર્વાનુમતે મિટીંગમાં નિર્ણય થયેલ. ૨૦૧૭ આવતાં ભુજ ખાતે સમૂહ લગ્નની જાહેરાત થઈ અને મહામંડળની કારોબારીએ ત્રિ-વર્ષીય કાર્ય યોજવાનું નક્કી કરેલ. જેમાં ૨૦૧૬ના જે તૈયારી થઈ ગયેલ હતી તે બધીને માન્ય રાખી આગામી કાર્ય કરવા જણાવેલ. ફરી ૨૦૧૭માં બધી જ તૈયારી થઈ ગયેલ અને તા. ૯-૧૨-૨૦૧૭ના રોજ ત્રિવાર્ષિક કાર્યક્રમ યોજવાનું નક્કી થયેલ અને આ વર્ષે આપણી કમનસીબી ફરી આવી. આ વખતે આ જ દિવસે ગુજરાત સરકારે વિધાનસભાની ચૂંટણી જાહેર કરી અને ફરી એકવાર આ કાર્યક્રમ મુલત્વી રહેલ. આવું વખતો વખત થતાં અને જ્ઞાતિજનોને મહામંડળ પરથી વિશ્વાસ ઊઠી જાય તેવી પરિસ્થિતિ બનતાં આ સંબંધેની મિટીંગ મળતાં આ કાર્ય આ વર્ષે જ યોજી લેવો છે તેવું મિટીંગમાં નક્કી થયેલ. ચોક્કસ તારીખ પણ નક્કી થયેલ અને આ કાર્યક્રમ ભુજ ખાતે ટાઉન હોલમાં યોજવું તેવું નક્કી થયેલ. જે આપણે ચોક્કસ તારીખ નક્કી કરેલ તે તારીખે ટાઉનહોલ ઉપલબ્ધ ન હોતાં આ વર્ષના છેલ્લા દિવસે રવિવારે હોલ ખાલી મળતાં તે બુક કરાવી લીધેલ.

અહેવાલ બાદ વડીલ વંદનાનો કાર્યક્રમ શરૂ થતાં પ્રથમ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ તથા તેમના પત્ની







સાવિત્રીબેનનું વરિષ્ઠ દંપતિ તરીકેનું સન્માન વડીલ વંદનાના કન્વીનર અમૃતલાલ સોલંકીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. ત્યારબાદ આ જ રીતે મહામંડળના ઉપપ્રમુખ શ્રી લખમશીભાઈ તથા તેમના પત્ની રાધાબેનનું વરિષ્ઠ દંપતિ તરીકે અને મહામંડળના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ તથા તેમના પત્ની હીરાબેનનું વરિષ્ઠ દંપતિ તરીકે અમૃતલાલ સોલંકીના વરદ્ હસ્તે બંનેનું સન્માન કરવામાં આવેલ. આ સન્માનો મંચ ઉપર કરવામાં આવેલ. ત્યારબાદ જ્યાં વડીલો બેઠા હતા ત્યાં મંચસ્થ મહેમાનોના વરદ્ હસ્તે સન્માન કરવામાં આવેલ. આ સન્માન કુલ્લે ૧૬૮ – ૭૫ વર્ષ ઉપરના વરિષ્ઠો અને ૬૮ લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર દંપતીઓમાંથી ૪૫ વરિષ્ઠ દંપતિઓ તથા ૬૫ વરિષ્ઠ જ્ઞાતિજન પ્રત્યક્ષ હાજર રહેલ. આ વડીલોમાં કેટલાક પોતાની રીતે ચાલી શકે તેવી સ્થિતિમાં ન હોવા છતાં તેઓ તેમના કુટુંબીજનોના સહારે હાજર રહેલા. ૭૫ વર્ષથી ઉપરના વરિષ્ઠ જ્ઞાતિજનોનું શાલ ઓઢાડી, સન્માનપત્ર સાથે તથા લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરેલ વરિષ્ઠ દંપતિઓને લેડીઝને શાલ તથા જેન્ટ્સને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. સન્માન થનારા તથા સન્માન કરનારા માટે આ સમય ખૂબ જ આનંદની લાગણી અનુભવ કરવા સાથે તેટલો ભાવુક પણ હતો જે કેટલાકની આંખો જણાવતી હતી. આ સન્માન કાર્યક્રમ ૧ કલાક અને ૩૨ મિનિટ સુધી ચાલ્યો.

આ સન્માનના નામો દરેક ઘટકો પાસેથી ૨૦૧૬માં મળેલા અને તેમાં જે સુધારા થયા તેનો ઉમેરો કરી નવું લીસ્ટ તૈયાર કરેલ. ૨૦૧૬નું લીસ્ટ માન્ય હોઈ સન્માન ૨૦૧૭માં થતાં એક વર્ષના ગાળામાં અનિચ્છિનય ઘટના બને અને જે કોઈ વડીલ ધામ સિધાવે, તો તે વડીલનું સન્માન કાયમ રાખવાનું અગાઉ નક્કી કરેલ હોઈ આ એક વર્ષમાં આપણી વચ્ચેથી ૬ વડીલો ધામમાં ગયેલા જેમાં ૩ દંપતિ - જોડકા ખંડિત થયેલ અને ૩ વરિષ્ઠ જ્ઞાતિજનો ધામમાં ગયેલા. તેમના નામ નીચે લખ્યા મુજબ છે :

## વડીલ વંદનાના સ્વર્ગસ્થો

- **વરિષ્ઠ દંપતિ :**

૧. સ્વ. ગેલાભાઈ નારાણજી સાકરીયા - નાગપુર
૨. સ્વ. મંગલદાસ સુરજી બારમેડા - રવાપર
૩. સ્વ. અમૃતલાલ વિઠ્ઠલદાસ બગ્ગા - નખત્રાણા

- **વરિષ્ઠ જ્ઞાતિજન :**

૧. સ્વ. જેઠાલાલ રાઘવજી ગુજરાતી - નલિયા
૨. સ્વ. લક્ષ્મીબેન ગોવિંદજી પરમાર - નેત્રા
૩. સ્વ. નિર્મળાબેન વાલજી ગુજરાતી - ભુજ

ઉપરોક્ત સ્વર્ગસ્થોને યાદ કરી દુઃખની લાગણી પ્રદર્શિત કરવામાં આવેલ અને તેઓનું સન્માન કુટુંબીજનોને આપેલ. આ સન્માન સમારોહમાં મુંબઈ, રાયપુર, અમદાવાદ, સાબરકાંઠા, રાજકોટ, જામનગર, સિકંદ્રાબાદના વડિલો તેમજ કચ્છના દૂરદૂરના ગામોથી વડીલો પધારેલા.

## વડીલ વંદના માટે નામો મોકલનાર

ભુજ જ્ઞાતિ : જ્ઞાતિ પ્રમુખશ્રી તથા નીતિનભાઈ હેડાઉ
નખત્રાણા તથા
પશ્ચિમ કચ્છ : દરેક ઘટક પ્રમુખશ્રીઓ તથા લખમશીભાઈ કોટડિયા
અંજાર જ્ઞાતિ : જ્ઞાતિ પ્રમુખશ્રી ફોરમભાઈ તથા પીંકીબેન કટ્ટા
રાયપુર જ્ઞાતિ : જ્ઞાતિ પ્રમુખશ્રી કૌશિકભાઈ તથા નીલેશ બુધ્ધભટ્ટી
અમદાવાદ : જ્ઞાતિ પ્રમુખશ્રી તથા મનુભાઈ કોટડિયા

| | | |
|---|---|---|
| મુંબઈ જ્ઞાતિ | : | જ્ઞાતિ પ્રમુખશ્રી તથા ડોલરભાઈ સાકરિયા |
| નાગપુર | : | જગદીશભાઈ ખીમજીભાઈ કટ્ટા |
| રાજકોટ | : | ખુશાલભાઈ એમ. બારમેડા |
| સાબરકાંઠા | : | જ્ઞાતિ પ્રમુખશ્રી તથા દિનેશભાઈ બારમેડા |
| જામનગર | : | જ્ઞાતિ પ્રમુખશ્રી તથા કિશોરભાઈ ભુત |
| માંડવી | : | જ્ઞાતિ પ્રમુખશ્રી તથા વિનોદભાઈ હેડાઉ |
| ગઢશીશા | : | જ્ઞાતિ પ્રમુખશ્રી હર્ષદભાઈ પોમલ |
| મુંદ્રા | : | આશિષભાઈ પ્રભુલાલ કટ્ટા |
| સિકંદ્રાબાદ | : | સુધાબેન બુધ્ધભટ્ટી |

## મંચસ્થ મહાનુભાવો

| | | |
|---|---|---|
| શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી | : | મહામંડળના પ્રમુખશ્રી |
| શ્રી લખમશીભાઈ કોટડિયા | : | મહામંડળના ઉપપ્રમુખશ્રી |
| શ્રી અમૃતલાલ સોલંકી | : | મહામંડળના ઉપપ્રમુખશ્રી |
| શ્રી પ્રેમજીભાઈ સોલંકી | : | મહામંડળના મહામંત્રીશ્રી |
| શ્રી ઈન્દુલાલ સોલંકી | : | મહામંડળના મંત્રીશ્રી |
| શ્રી જગદીશભાઈ ચૌહાણ | : | ભુજ જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી ભરતભાઈ બગ્ગા | : | નખત્રાણા જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી રમેશભાઈ બીજલાણી | : | માંડવી જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી ફોરમભાઈ પોમલ | : | અંજાર જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી જૈમીનભાઈ બારમેડા | : | અમદાવાદ જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી ચાંદનીબેન છત્રાળા | : | મુંબઈ જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી કિશોરભાઈ ભુત | : | જામનગર જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી હર્ષદભાઈ પોમલ | : | ગઢશીશા જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી અનિલભાઈ પોમલ | : | નલિયા જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી કાંતિભાઈ પોમલ | : | કોઠારા જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી રમેશભાઈ લાયચા | : | કોટડા (જ) જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી ધનજીભાઈ બુધ્ધભટ્ટી | : | પશ્ચિમ કચ્છ જ્ઞાતિ પ્રમુખશ્રી |
| શ્રી લતાબેન સોલંકી | : | મહામંડળ મહિલા સેલ ચેરમેનશ્રી |
| શ્રી હેમેન્દ્રભાઈ ગુજરાતી | : | મહામંડળ સહમંત્રીશ્રી |
| શ્રી ભોગીલાલ કટ્ટા | : | અતિથિ વિશેષ |
| શ્રી સુરેશભાઈ સોલંકી | : | મહામંડળ સહમંત્રીશ્રી |
| શ્રી ડોલરભાઈ સાકરીયા | : | મુંબઈ જ્ઞાતિ મંત્રીશ્રી |
| શ્રી જયોતિબેન બારમેડા | : | સંપૂર્ણ વીડિયોગ્રાફીના દાતાશ્રી |
| શ્રી સુધાબેન બુધ્ધભટ્ટી | : | મહામંડળ સાંસ્કૃતિક સમિતિ ચેરમેનશ્રી |

ઉપરોક્ત મહાનુભાવોના વરદ્ હસ્તે ઓડિયસન્માં બેઠેલાં વડીલોનું સન્માન કરવામાં આવેલ.

## વડીલ વંદના સમિતિના સભ્યો

| | | | | |
|---|---|---|---|---|
| અમૃતલાલ જેઠાલાલ સોલંકી | : | ભુજ | - | કન્વીનર |
| પ્રદીપભાઈ જીવરામ બીજલાણી | : | ભુજ | - | સભ્ય |
| મુળજીભાઈ નાનાલાલ કટ્ટા | : | ભુજ | - | સભ્ય |
| હિતેશભાઈ ધીરજલાલ પોમલ | : | ભુજ | - | સભ્ય |
| ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા | : | ભુજ | - | સભ્ય |
| રાહુલભાઈ ચંદ્રકાંત ચનાણી | : | ભુજ | - | સભ્ય |
| દીપકભાઈ ધીરજલાલ પોમલ | : | ભુજ | - | સભ્ય |
| અશોકભાઈ કિશોરભાઈ બગ્ગા | : | ભુજ | - | સભ્ય |

## વડીલ વંદના કાર્યક્રમના સહયોગી કાર્યકરો

| | | |
|---|---|---|
| દયારામ મગનલાલ પોમલ | : | ભુજ |
| ગિરીશ અમૃતલાલ સોલંકી | : | ભુજ |
| ધર્મેન્દ્ર ઓધવજી બારમેડા | : | ભુજ |
| રોહિત ભાઈલાલ પોમલ | : | ભુજ |
| બિપીન જટાશંકર પોમલ | : | ભુજ |
| દીપક વસંતલાલ બુધ્ધભટ્ટી | : | ભુજ |
| પ્રીતેશ કીર્તિભાઈ પોમલ | : | ભુજ |
| હીરેન પ્રવીણભાઈ બીજલાણી | : | ભુજ |
| જીત જયેશભાઈ હેડાઉ | : | ભુજ |

અંતમાં કન્વીનરે વડીલ વંદનાના કાર્ય માટે તેમની નિયુક્તિ બદલ મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ગુજરાતી તથા મુખ્ય સંયોજક ચંદુભાઈ ચનાણીનો આભાર માનેલ. આ વડીલોના આશિર્વાદસભર કાર્ય કરવા માટે ગૌરવભરી લાગણી સાથે ભાગ્યશાળી હોવાનું જણાવેલ. આ કાર્યને આરંભથી અંત સુધીમાં જે જે જ્ઞાતિજનોએ સહકાર આપ્યો, તે બધાનો આભાર માની આ કાર્ય પૂર્ણ કરેલ. ■

*જો સંપત્તિ ગુમાવી, તો કંઈ નથી ગુમાવ્યું;*
*જો તંદુરસ્તી ગુમાવી,તો કંઈક ગુમાવ્યું;*
*(પણ) જો ચારિત્ર્ય ગુમાવ્યું, તો બધું જ ગુમાવ્યું.*

# વડીલ વંદના

શાંતિલાલ સોની

## વૃદ્ધ વયને સ્વીકારી જિંદગીને જીવવાની ગીતા - ચાવી

ડૉ. હેન્રી ફ્રેડરિક એમિયલે કહેલું કે 'ઉંમર વધતાં વૃદ્ધ વયને સ્વીકારી લેવાનું ડહાપણ જેનામાં આવે છે તે જગ જીતી જાય છે.' આજે મારે વૃદ્ધ વયની સમસ્યાઓ અને **યુવાનોએ વૃદ્ધો પ્રત્યે કેમ વર્તવું તે લખવું છે.** પર્લ એસબકએ ૧૯૭૨માં કહેલું કે **આપણા સમાજે વૃદ્ધ વયના લોકો સાથે કેમ વર્તવું તેના ઉંમરને અને ઉંમરના પ્રોબ્લેમને કેમ ઉકેલવા તે શીખવું જોઈએ.** રાલ્ફ વાલ્ડો ઈમરસને કહેલું કે માનવના સ્વભાવનું સૌંદર્ય આંતરિક બની જાય છે. વૃદ્ધ વયનો માણસ પ્રેમભર્યું વર્તન કરે તે પોતે અંદરથી સુંદર બનતો જાય છે.

હું સુરત ગયો ત્યારે મને બે પરસ્પર વિરોધાભાસી અનુભવ થયા. એક પત્રકાર મિત્ર તેના વૃદ્ધ પિતા સાથે ખૂબ જ રોષથી વાત કરતા હતા. પિતા ઉપર વાતવાતમાં ગુસ્સો કરતા હતા અને વૃદ્ધ પિતાના ઘડપણને અસહ્ય બનાવતા હતા. બીજી બાજુ મેં બીજા પત્રકાર મિત્રને જોયા તેણે ૪૦ વર્ષની ઉંમરે પણ લગ્ન કર્યા નહોતા. તેની માતા નહોતી. પિતા ૭૦-૭૫ના થયા હતા. આ પત્રકાર મિત્ર તેના પિતાને અત્યંત વહાલપૂર્વક સાચવતા હતા. પિતા પોતાના હાથે ભોજન લઈ શકતા નહોતા પણ પિતૃપ્રેમી પુત્ર તેને ચમચે ચમચે દાળભાત ધીરજથી જમાડતા હતા. મારી ૮૬ની ઉંમર પૂરી થઈ છે. મને પેરેલિસિસ અને ડિમેન્સિયા (વિસ્મરણની વ્યાધિ) છે. હું ૯૯ ટકા કામ મારે હાથે કરી લઉં છું. મારા લેખનને અને લેખનની ક્રિએટિવિટી - સર્જકતા ઊલટાની શાર્પ (અણીદાર) થઈ છે. એટલે ૧૦૦ વર્ષ જીવવાની અબળખા રાખું છું. ડૉ. બેટ્ટી ફ્રાયડમેનનું આ સૂત્ર યાદ રાખું છું કે એઈજિંગ ઇઝ નોટ લોસ્ટ યુથ બટ એ ન્યુ સ્ટેજ ઓફ લાઈફ. ઓપોર્ચ્યુનિટી એન્ડ સ્ટ્રેન્થ. આપણી વૃદ્ધ વય એ કાંઇ યૌવનનો પૂર્ણ વિરામ થતો નથી. જીવનનો એક નવો તબક્કો આવે છે ત્યારે નવું નવું વિચારવાની તક મળે છે.

મોટેભાગે ઝઘડાળુ વૃદ્ધ માતા કે વૃદ્ધ પિતા નોકર ઉપર કે પુત્રવધૂ ઉપર કે ખુદના સંતાન ઉપર ગુસ્સામાં રહે છે. તેના પુત્રવધૂ અને સંતાને પણ ધ્યાન રાખવું કે વયસ્ક - વડીલોની અવજ્ઞા ન કરવી, તેની અવહેલના, ઉપેક્ષા, તિરસ્કાર કે ઘૃણાપૂર્ણ વર્તન ન કરવું. ભારતમાં વૃદ્ધ વયની સમસ્યા વધવાની છે. આઝાદ દેશમાં આજે વ્યક્તિ વધુ સ્વતંત્રતાથી ઉમદા જીવન જીવી શકે છે. એટલે ૬૦ની ઉંમરથી વધુના ઉંમરના લોકોની વસતિ હવે વધવાની છે. વળી મોટેભાગે વૃદ્ધ વયના લોકોના શરીર ઓછું કામ કરે છે પણ તેમના મગજ તીક્ષ્ણ અને શાર્પ થતાં જાય છે (આ મારો અનુભવ છે) એટલે વૃદ્ધને લાડ લડાવીને તેની કૃપા મેળવી તેની બુદ્ધિને વધુ શાર્પ બનવાનો મોકો આપવો.

ડૉ. શન્ન હેટફિલ્ડે ૨૫-૨-૨૦૧૩ના એક આરોગ્યના માસિકમાં 'રિસ્પેક્ટ યોર એલ્ડર્સ' નામના લેખમાં લખેલું કે 'ઘણા વૃદ્ધ વયના લોકોના જીવનના અમુક અનુભવ જાણવા જેવા હોય છે.' વૃદ્ધોને તે વોકિંગ મશીન્સ ઓફ વિઝડમ કહે છે. સૌ યુવાનોએ વિચારવું જોઈએ કે 'એક દિવસે તેઓ પણ એલ્ડરલી બનવાના છે - વૃદ્ધ થવાના છે. એટલે એ દિવસોની તૈયારી રૂપે વૃદ્ધો પ્રત્યે સહિષ્ણુ અને પ્રેમાળ બને. તેને સરકારી ભાષામાં 'સિનિયર સિટીઝન' કહે છે. પણ માત્ર સરકારી ભાષામાં જ નહીં પણ મોટાભાગના વડીલો ડાહ્યા નાગરિક હોય છે. કેટલાકમાં ઉંમર થકી ડહાપણ આવ્યું હોય છે.

ડૉ. સુસાન હેટલર કહે છે કે ઘણી યુવાન પુત્રવધૂઓ કે પુત્રો કે ઈવન વૃદ્ધ માણસની પત્ની તેના ઉંમરવાળા પતિ પ્રત્યે તિરસ્કારની દષ્ટિથી જોવાનું પાપ કરે છે. ઈશ્વરે જ માનવને આયુષ્ય આપ્યું છે. તેમાં આયુષ્યનો ૬૦ પછીનો તબક્કો તેને બાળકની જેમ સંભાળવાના હોય છે. અને વૃદ્ધ માણસે પણ સમજવું જોઈએ કે તેનાં યુવાન પુત્ર-પુત્રીને જિંદગીની યુવાનીની મોસમ માણવી હોય છે. તે યુવાની માણવા દેવી જોઈએ. પોતાના અવાજમાં કે ચહેરો બગાડીને તિરસ્કાર બતાવવો નહીં. ઘણી વખત ઘરમાં યુવાન પુત્ર-પુત્રી કે પુત્રવધૂ તેમના મિત્રો કે પતિ સાથે ગુપચુપ વાત કરતા હોય છે ત્યારે વૃદ્ધોએ તેમની આ ગુફતગોને જાણવાની મૂર્ખાઇ ન કરવી. પોતે હાથમાં માળા લઈ લેવી જોઈએ.

ડૉ. ડાના લારસેન 'સિનિયર લિવિંગ' નામના એક લેખમાં સરસ સલાહ લખી છે. તેણે વિસ્તારથી આજની યુવાન પ્રજા અને વયસ્ક લોકોની સમસ્યા અંગે લખ્યું છે.

'આજે દુનિયામાં ટેકનોલોજી અને માનવ કોમ્યુનિકેશનની સગવડો વધી છે. વૃદ્ધ લોકો યુવાન હતા તેના કરતાં આજે કોમ્યુનિકેશનનાં સાધનો (મોબાઈલ વગેરે) હજારગણાં વધ્યાં છે. પણ તેને કારણે વૃદ્ધ વયના લોકોને ઉતારી ન પાડવા. તમારી બાબતોમાં કંઈક જાણવા માટે જિજ્ઞાસા બતાવે તો તેમની જિજ્ઞાસા પૂરી કરવી. દુઃખની વાત એ છે કે હિંદુસ્તાન જ નહીં પણ ઘણા દેશોમાં વૃદ્ધ વયના વડીલો સાથે કેમ વર્તવું તેના

વર્ગો નથી, શિક્ષકો નથી. આજે વૃદ્ધો વધી રહ્યા છે. વૃદ્ધોમાં ડિમેન્સિયા અર્થાત્ વિસ્મરણ વધી રહ્યું છે. દા.ત. વૃદ્ધ વયના માણસે શુક્રવારે કહ્યું કે 'હવે મેં સંકલ્પ કર્યો છે કે ઘીની વસ્તુ ન ખાવી. મને ગોળનો ઘીનો શીરો ભાવે છે તે કદી ન ખાવો.' એ જ વૃદ્ધ પછી શનિવારે દીકરી કે પુત્રવધૂને કહે છે, 'બેટા, આજે ગોળ ઘીનો શીરો ખાવાનું મન થયું છે' – તો તેની આ ઇચ્છાને તિરસ્કારની દૃષ્ટિએ ન જોવી અગર મહેણું ન મારવું કે ગઈકાલે તો ગોળ ઘીનો શીરો ખાવાની ના પાડતા હતા ને? અને આજે...! જો વૃદ્ધ માણસ ગઈકાલે લીધેલા ખાવાના સંયમને બીજા દિવસે તોડે તેના નિર્ણય પ્રત્યે તિરસ્કાર નહીં પણ એક બાળક પ્રત્યે વર્તન કરીએ છીએ તેવું વર્તન કરવું. વૃદ્ધ વયના લોકોની વિરોધાભાસી અબળખાઓને સહિષ્ણુતાથી જોવી.

જરૂર આ બાબતમાં સલાહ આપવી સહેલી છે પણ વયસ્ક લોકોની કાળજી લેવી કેટલી કઠિન છે તે મોબાઈલ યુગના યુવક-યુવતી જાણે છે. કારણકે વૃદ્ધનું ધ્યાન રાખવું તે 'ફિઝિકલી અને ઈમોશનલી' મુશ્કેલ છે. એક તો ઘણા વૃદ્ધના શરીર અતિ ગંદા થઈ ગયા હોય છે.

શિખામણ આપવી સહેલી છે પણ બાઇબલની આ શિખામણો છે – મારા ખિસ્સાની નથી.

- ૮૦ પછી વૃદ્ધ પુરુષ બગડ્યા ન હોય તો ઈશ્વર - સમીપ છે તેને ઈશ્વર જેવું માન આપો. તે રૂમમાં પ્રવેશે તો ઊભા થઈ જાઓ.
- વયસ્ક લોકો સાથે કદી કડવી ભાષામાં વાત ન કરો. તેને 'સાચું' હોય તો પણ સંભળાવો નહીં. વૃદ્ધની કડવી વાતને ગળી જાઓ.
- એક જમાનામાં આપણા વૃદ્ધો પોતે જ ધર્મગ્રંથો જેવા – રામાયણ - મહાભારત હતા. પણ હવેના વૃદ્ધ પણ યંગસ્ટર જેવા ભોગવાદી થયા છે. તેમની ભોગની ઇચ્છા બદલ સહિષ્ણુ થવાય તેટલું થાઓ.
- અમેરિકાના એક રોકેટ એન્જિનિયર નામ ડૉ. રોબર્ટ એન. ગોડાર્ડે બહુ જ આદર્શ શિખામણ આપી છે - પાળવી અઘરી છે પણ એક રોકેટ ઇજનેરની વાત છે એટલે સાંભળો. યુવાન દીકરી-દીકરાની હાલના ૨૧મી સદીની મોડર્ન ટેવ માટે સહિષ્ણુ થાઓ. જો વૃદ્ધ હોય તેના પ્રત્યે સહાનુભૂતિ રાખો.

*કાંતિ ભટ્ટ*

*સૌજન્ય : "દિવ્ય ભાસ્કર"*

## પ્રેરણાદાયક પ્રસંગ

ઈન્ફોસીસ ફાઉન્ડેશનનાં ચેર પર્સન ડૉ. સુધા મૂર્તિ, જે એક સામાજીક કાર્યકર્તા, એન્જિનિયર, એક સંવેદનશીલ શિક્ષિકા અને એક અત્યંત કુશળ લેખિકા પણ છે. એમના જીવનનો એક પ્રસંગ જેમાં યાત્રા દરમ્યાન એક છોકરીના જીવનને સાચી દિશા મળી ગઈ. આવી વાસ્તવિક મદદનો આ પ્રસંગ ખૂબ જ પ્રેરકબળ આપે એવો છે.

બેંગલુરુ જઈ રહેલી એક ટ્રેનમાં ટિકીટ ચેકરની નજર એક સીટની નીચે છુપાઈને બેઠી ૧૧-૧૨ વર્ષની એક છોકરી પર પડી. એમણે છોકરીને ટિકીટ બતાવવાનું કહ્યું. છોકરી રોતાં રોતાં બહાર નીકળી અને કહ્યું કે, 'મારી પાસે ટિકીટ નથી.' ટિકીટ ચેકરે છોકરીને આગલા સ્ટેશનમાં ઉતરી જવા કહ્યું, ત્યારે ત્યાં બેઠી એક મહિલાએ ટિકીટ ચેકરને કહ્યું, 'આ છોકરીની બેંગલુરુ સુધીની ટિકીટ બનાવી આપો. હું આના પૈસા આપું છું.'

ટિકીટ ચેકરે કહ્યું, 'મેડમ, ટિકીટ બનાવવા કરતાં આને બે-ચાર રૂપિયા આપશો તો એ વધુ ખુશ થશે.' પણ એ બહેને ટિકીટ જ લીધી. પછી છોકરીને પૂછ્યું કે તું ક્યાં જઈ રહી છે? છોકરીએ કહ્યું, 'ખબર નહીં મેડમ.' એણે પોતાનું નામ ચિત્રા બતાવ્યું. બહેન એને પોતાની સાથે બેંગલુરુ લઈ ગયા અને પોતાની ઓળખીતી એક સ્વયંસેવી સંસ્થાને સોંપી દીધી.

ચિત્રા ત્યાં રહીને ભણવા લાગી. બહેન એના ભણતર દરમિયાન બરાબર હાલચાલ પૂછતા રહ્યા અને જરૂરત પડ્યે મદદ પણ કરતા.

લગભગ ૨૦ વર્ષ બાદ એ મહિલાને અમેરિકાના સાન ફ્રાન્સિસ્કોમાં એક કાર્યક્રમમાં જવાનું નિમંત્રણ મળ્યું. કાર્યક્રમ પત્યા બાદ એક હોટલમાં જયારે બહેન રીસેપ્શન પર બીલ આપવા ગયા, તો એમને જાણવા મળ્યું કે એમના બીલના પૈસા પાસેની ટેબલ પર બેઠેલ દંપતીએ ચૂકવી આપ્યા છે.

બહેને દંપતી પાસે આવીને પૂછ્યું, 'તમે મારું બીલ શા માટે ભર્યું?' ત્યારે યુવતીએ હસીને કહ્યું, 'મેમ, ગુલબર્ગાથી બેંગલુરુ સુધીની ટિકીટની સામે આ તો કંઈ જ નથી.'

બહેને હવે યુવતી સામે ધ્યાનપૂર્વક જોયું અને આશ્ચર્યથી પૂછ્યું, 'અરે, ચિત્રા તું?'

આ મહિલા બીજું કોઈ નહીં, ડૉ. સુધા મૂર્તિ હતા.

***પ્રેષક : કિરણબેન સોની - રાયપુર***

***સુખના સોદા સુખથી જ થાય છે. કુદરતનો કાયદો એવો છે કે જો તમે કોઈને સુખ આપશો તો જ તમને સુખ મળશે.***

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

ચેતનભાઈ બારમેડા

## શિક્ષણ સમિતિ દ્વારા થયેલ ઉચ્ચ શિક્ષણ સન્માન





અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ દ્વારા આયોજીત અધિવેશનના ઉપક્રમે ઉચ્ચ શિક્ષણ સન્માન સમારોહ યોજાયેલ. કાર્યક્રમની શરૂઆત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ચેતનભાઈ આઈ. બારમેડાના શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ ચૌલાબેન એન. મહીચા દ્વારા સરસ્વતી વંદના અને રીયા ડી. બારમેડા દ્વારા સ્વાગત ડાન્સ રજૂ કરવામાં આવેલ. શિક્ષણ સમિતિના સભ્યો શ્રી હિતેશભાઈ બીજલાણી, મુળજીભાઈ કટ્ટા, દિનેશભાઈ સોની (નખત્રાણા), પ્રદીપભાઈ બીજલાણી, હિતેશભાઈ પોમલ દ્વારા પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. આ પ્રસંગે મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશી, મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકી, ખજાનચી (કાર્યક્રમ સંયોજક) ચંદુભાઈ જે. ચનાણી, ઉપપ્રમુખ શ્રી અમુભાઈ જે. સોલંકી, લખમશીભાઈ કોટડિયા, નવનિયુક્ત પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગા, અતિથિ વિશેષ શ્રી ગીરીશભાઈ કાંતિલાલ બારમેડા, ચાંદનીબેન બીજલાણી (મુંબઈ જ્ઞાતિ પ્રમુખ), પુષ્પાબેન પોમલ (કેળવણીકાર, માજી આચાર્યા), જયોતિબેન બારમેડા, ધનસુખભાઈ બુધ્ધભટ્ટી (કોઠારા), ભુજ જ્ઞાતિના માજી પ્રમુખ દિલીપભાઈ બગ્ગા, ભોગીલાલ હંસરાજ કટ્ટા (નખત્રાણા), ભરતભાઈ સી. કંસારા તથા મહામંડળના હોદ્દેદારો મંત્રીશ્રી ઈન્દુભાઈ સોલંકી, એકતા હેમેન્દ્રભાઈ કટ્ટા, સહમંત્રી શ્રી ડોલર જયંતિલાલ સાકરીયા, હેમેન્દ્રભાઈ કંસારા, મેડિકલ ચેરમેન સુનીલભાઈ કંસારા, ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ, સુધાબેન બુધ્ધભટ્ટી, હિતેશભી પી. ગુજરાતી, રાજેશભાઈ બગ્ગા, જીજ્ઞાબેન ભરતભાઈ બગ્ગા (સરપંચ - નખત્રાણા)ના વરદ્ હસ્તે વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ.

સૌપ્રથમ ૨૩ વિદ્યાર્થીઓને ઇનામ આપવામાં આવેલ. તેમાં યુનિવર્સિટીમાં નંબર મેળવેલનું વિશિષ્ટ સન્માન કરવામાં આવેલ.

૧. બારમેડા રીનુ કિશોરભાઈ, M.A. (Eng.) Uni. 2nd Rank
૨. પોમલ હેન્સી ઈશ્વરલાલ - ભુજ, M.A. (Eng.)
૩. હેળાઉ જીનલ અરવિંદભાઈ ભુજ, MBA (Uni. First)
૪. બુધ્ધભટ્ટી રૂપલ હરીશ્ચંદ્ર - અમદાવાદ, M.E. (Uni. 3rd)
૫. સોની ચિરાગ ઈશ્વરલાલ - માંડવી, M.E. (Uni. 1st)
૬. બુધ્ધભટ્ટી નેન્સી હસમુખભાઈ - માધાપર, M.Phil. (Edu.) (Uni. 2nd)

*આ ઉપરાંત –*

૧. ડૉ. પાર્થ સુરેશભાઈ સાકરીયા, M.D.S.
૨. ડૉ. ફોરમ પાર્થ સાકરીયા, M.D.S.
૩. ડૉ. ભક્તિ ઠાકરશીભાઈ કટ્ટા, M.D. (Gynec.)
૪. આશના ડી. બારમેડા – નૃત્યમાં સમગ્ર ભારતમાં ત્રીજા ક્રમે ને વિશેષ સન્માનિત કરવામાં આવેલ.

આ પ્રોગ્રામમાં ઘણા બધા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો આપેલ હતા.

૧. બારમેડા નિખિલ : ભુજમાં બોર્ડિંગની વ્યવસ્થા હોવી જોઈએ.
૨. બારમેડા વિપુલ : પ્રોગ્રામના દાતાઓનો આભાર માનેલ.
૩. બુધ્ધભટ્ટી રીતુ (અમેરિકા), M.S. : વિદ્યાર્થીઓને વિદેશમાં કઈ લાઇનમાં પ્રવેશ મેળવવો તે અંગે માહિતી આપશે.
૪. ડૉ. વિવેક ગુજરાતી, Ph.D. (Physics) : તેમણે તેમના માતા-પિતા તથા સમાજનો આભાર માનેલ.

આ કાર્યક્રમમાં ૧૬૮ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. જે પૈકી ૧૬૪ વિદ્યાર્થીઓએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતનભાઈ આઈ. બારમેડા, શિક્ષણ સમિતિ ચેરમેન તથા મહામંડળના મંત્રી એકતા કટ્ટા તેમજ ચંદુભાઈ ચનાણી દ્વારા કરવામાં આવેલ. પ્રદીપભાઈ બીજલાણી, મુળજીભાઈ કટ્ટા, હિતેશ બીજલાણી, હિતેશભાઈ પોમલ, દિનેશભાઈ સોની (નખત્રાણા)એ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપેલ.

# શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ

સુધા એ. બુધ્ધભટ્ટી

## સાંસ્કૃતિક સમિતિ દ્વારા યોજાયો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ : *Wel Come 2018*

મહામંડળના પાયાના મંડાણ તા. ૨૨-૭-૨૦૦૬ના રોજ ખેડબ્રહ્મા મુકામે શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી અને શ્રી પ્રેમજીભાઈ કે. સોલંકીના અધ્યક્ષપદે થયા બાદ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી. હાલે કાર્યસીલ એવી સમિતિઓ : (૧) મેડિકલ સમિતિ. કન્વીનર : શ્રી સુનીલભાઈ એમ. પોમલ, (૨) નાણાંકીય સમિતિ. કન્વીનર : શ્રી નીતિનભાઈ એ. હેડાઉ, (૩) શૈક્ષણિક સમિતિ. કન્વીનર : શ્રી ચેતનભાઈ આઇ. બારમેડા તથા (૪) કલા સાંસ્કૃતિક સમિતિ. કન્વીનર : સુધા એ. બુધ્ધભટ્ટી, (૫) મહિલા સેલ. કન્વીનર : લતાબેન આઈ. સોલંકી પોતાના કાર્યો માટે કાર્યશીલ છે.

આ જોતાં સાંસ્કૃતિક સમિતિના ભૂતકાળના કાર્યો તરફ નજર કરીએ તો રોજગારલક્ષી પ્રોજેક્ટ્સ ઉપરાંત ૧૨-૧૨-૨૦૦૯ના રોજ પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૦૯-૧૨-૨૦૧૨ના દ્વિતીય કાર્યક્રમ અને આજરોજ એટલે કે તા. ૩૧-૧૨-૨૦૧૭ના રોજ તૃતીય કાર્યક્રમ જે ઇન્ડો-વેસ્ટર્ન અંતર્ગત "Wel Come - 2018" સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ભુજ પ્રમુખ જગદીશભાઈ ડી. ચૌહાણની મંજૂરથી ભુજ મુકામે ટાઉન હોલમાં કરવામાં આવ્યું. જેમાં ઇન્ડો વેસ્ટર્ન અંતર્ગત વિવિધ કૃતિઓની રજુઆત કરવામાં આવી. જે અવર્ણનીય રહી.







મહામંડળ આયોજીત એક દિવસીય કાર્યક્રમમાં મહામંડળના ઉપપ્રમુખ શ્રી અમૃતલાલભાઈ જે. સોલંકીના સહયોગથી યોજાયેલ વડીલ વંદના તેમજ શૈક્ષણિક કાર્યક્રમ બાદ રાત્રે ૯.૦૦ વાગે શરૂ થયેલ કાર્યક્રમની શરૂઆતમાં સમિતિના કન્વીનર સુધા એ. બુધ્ધભટ્ટી દ્વારા શાબ્દિક સ્વાગત કરી સર્વે જ્ઞાતિજનોને આવકારવામાં આવ્યા. ત્યારબાદ સમગ્ર કાર્યક્રમના સંયોજક શ્રી ચંદ્રકાંતભાઈ જે. ચનાણીના પ્રાસંગિક ઉદ્‌બોધન બાદ કાર્યક્રમનો દોર નખત્રાણા નિવાસી વરૂણ કે. બારમેડા અને રોહિણીબેન બી. બુધ્ધભટ્ટી (એન્કર)ને સોંપવામાં આવ્યો. જેમાં સમિતિના કન્વીનરે પણ સૂર પુરાવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ ઘડતી વખતે સમગ્ર ભારતના વિવિધ ઘટકોમાંથી કૃતિઓ મંગાવવામાં આવી. તે જોતાં ભુજની ૫, અંજાર - ૨, આદિપુર - ૧, નખત્રાણા - ૨, પશ્ચિમ કચ્છ (નલીયા) - ૧, અમદાવાદ - ૧, સાબરકાંઠા (વડાલી) - ૧, મુંબઈ - ૧. આમ જોતાં કુલ ૧૪ કૃતિઓ અને ૮૦ કલાકારોના સહયોગથી કાર્યક્રમ અપ્રતિમ રહ્યો. જેમાં ગણપતિ સ્તુતિ, બ્રેથલેસ ડાન્સ, કચ્છી ફોક ફ્યુઝન, વેસ્ટર્ન સોંગ્સ ગાયન + ગીટાર વાદન, રાજસ્થાની ઘુમ્મર, સર્વ નારી શક્તિને સમર્પિત એવું નવદુર્ગા ડાન્સ, ફની ડાન્સ, ભાંગડા, ભરત નાટ્યમ, Save the Girl

Child અંતર્ગત કૃતિ, કપલ ડાન્સ, ઈન્ડો વેસ્ટર્ન વીથ સેમી ક્લાસિકલ ડાન્સ, ગરબો તેમજ મહારાષ્ટ્રીયન ડાન્સ લાવણી મુખ્યત્વે રહી હતી.

૯ વાગે શરૂ થયેલ આ કાર્યક્રમમાં અન્ય વિશેષ કાર્યક્રમની કુતુહલતા સાથે અને New Year-2018 અંતર્ગત બહોળી સંખ્યામાં લોકો શરૂઆતથી જ ગોઠવાઈ ગયા હતા. જે કાર્યક્રમના અંત સુધી પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું.

વિવિધ ઘટકોમાં ઉજવાતા કાલીકા માતાજીના પાટોત્સવની પૂર્વસંધ્યાએ યોજાયેલ કાર્યક્રમની સાથોસાથ ૨૦૧૭ની સાલને Bye કરી ૨૦૧૮ની સાલને પણ કેક સેલિબ્રેશન મહામંડળના પ્રમુખપદે નિયુક્ત થયેલ પ્રમુખ શ્રી ભરતભાઈ બગ્ગા, શ્રી અમૃતલાલભાઈ સોલંકી, શ્રી પ્રેમજીભાઈ સોલંકી, શ્રી જયમીનભાઈ બારમેડા, શ્રી દિલીપભાઈ બગ્ગા તેમજ મહામંડળના અન્ય હોદ્દેદારો દ્વારા કરવામાં આવી હતી. જોકે સંજોગોવશતા ગેરહાજર રહેલ હોદ્દેદારોની ઉણપ વર્તાતી હતી. આ ઉપરાંત સાંસ્કૃતિક સમિતિના સહયોગથી અન્ય એક વિશેષ કાર્યક્રમ એટલે કે જેમના નિર્ણયોમાં પરિપક્વતા, અભિગમમાં સકારાત્મકતા અને જે દ્રઢ વિશ્વાસધારી છે એવા સમગ્ર કાર્યક્રમના સંયોજક તેમજ મહામંડળના ખજાનચી શ્રી ચંદ્રકાંતભાઈ જે. ચનાણીનો જન્મદિવસ હોતાં અન્ય એક કેક સેલિબ્રેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો આસ્વાદ સમગ્ર જ્ઞાતિજનોએ લીધો હતો. આપણે જાણીએ છીએ કે કોઈપણ પતિની સફળતા પાછળ તેમની પત્નીનો હાથ રહેલ છે. તે જોતાં ઈલાબેન સી. ચનાણી પણ સાથે રહ્યા હતા. આ સાથે ભુજ ઘટકના મંત્રી અને 'હેમલેખા'ના તંત્રી શ્રી શાંતિલાલભાઈ સાથે જ્ઞાતિ કારોબારી, યુવક મંડળ, મહિલા મંડળ તેમજ સાંસ્કૃતિક સમિતિના સભ્યો પણ વિશેષ હાજર રહ્યા હતા. કેકનો સ્વાદ માણતા સર્વે જ્ઞાતિજનોએ ચંદુભાઈને શુભકામના સાથે સમાજના કાર્યોમાં અગ્રતમ રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

ખીચોખીચ ભરેલ ટાઉનહોલ ઉપરાંત તેના ગ્રાઉન્ડમાં પણ વિશેષ બેઠક વ્યવસ્થા સાથે ખૂબ જ બહોળી સંખ્યામાં લોકોએ શરૂઆતથી અંત સુધી કાર્યક્રમને માણી ૨૦૧૮ની સાલને વધાવી હતી. રામ સ્ટુડિયો દ્વારા વિડિયો શુટિંગ તેમજ લાઈવ સિસ્ટમ અને અન્ય વિશેષ સુવિધાઓ લોકો માટે આકર્ષણરૂપ રહી હતી. જેમના સમગ્ર ખર્ચની જવાબદારી જ્યોતિબેન લહેરીકાંત બારમેડાએ ઉઠાવી હતી. તદુપરાંત કલાકારોને અપાતી સ્યોર ગીફ્ટ માટે પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીનો





ફાળો વિશેષ રહેલ. સમગ્ર જ્ઞાતિજનો દ્વારા મળતા પ્રોત્સાહિત ઈનામો કલાકારના ઉત્સાહ વધારવા અગ્રતમ રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા શિશિરભાઈ હેડાઉ, કિશોરભાઈ ચૌહાણ, અરૂણાબેન બુધ્ધભટ્ટી, લતાબેન સોલંકી, ભાવનાબેન બુધ્ધભટ્ટી, જયશ્રી બુધ્ધભટ્ટી, શીતલ બુધ્ધભટ્ટી, જયશ્રી છત્રાળા, યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી તેમજ કારોબારી સભ્યો, મહિલા મંડળ તેમજ જ્ઞાતિના કાર્યકરોએ વિશેષ જહેમત ઉઠાવી હતી.

## સાંસ્કૃતિક સમિતિના સભ્યો

**સુધા એ. બુધ્ધભટ્ટી - કન્વીનર**

| | |
|---|---|
| શીતલ એ. બુધ્ધભટ્ટી | જયશ્રી જે. બુધ્ધભટ્ટી |
| જયશ્રી એ. છત્રાળા | રંજનબેન એન. મહીચા |
| જીજ્ઞા આર. સોલંકી | રીટા જે. બુધ્ધભટ્ટી |
| મોના એ. પોમલ | બીના એસ. ગોહિલ |
| વૈશાલી આઇ. બુધ્ધભટ્ટી | પિંકી એન. કટ્ટા |
| અંજના એન. પોમલ | દીપ્તી એન. બુધ્ધભટ્ટી |
| રંજનબેન આર. સાકરીયા | હેતલ બી. પોમલ |
| મનોજભાઈ જી. બુધ્ધભટ્ટી | ડોલરભાઈ એચ. પરમાર |
| જીનલ પી. સોલંકી | ભામિનીબેન એચ. બારમેડા |
| અલ્પા જે. બારમેડા | મનીષા એમ. બારમેડા |
| નિશા ડી. સાકરીયા | શિવાંગી પી. પોમલ |

ધર્મેન્દ્રભાઈ સોની

# નળ સરોવર મુકામે યુવા સંવાદ

શાંતિલાલ સોની

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા નવતર આયોજન

પ્રકૃતિની દેન સમા, કલરવ કરતા એકબીજાથી ચડિયાતા અને દિલ દિમાગને તરબતર કરી દે તેવા પક્ષીઓના વિસામા સમાન નળ સરોવરના સાનિધ્યમાં અને કુદરતના ખોળે શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ આયોજિત અખિલ ભારતીય મારૂ કંસારા સોની યુવા સંવાદમાં આખા દિવસનાં મનોમંથનની ફળશ્રુતિ રૂપે નક્કી થયું કે, સમગ્ર દેશમાં વસતા મારૂ કંસારા સોની સમાજના પ્રજાજનોના ડેટાબેઝ તૈયાર કરવામાં આવશે.







ગુજરાતના વિખ્યાત પક્ષીધામ નળસરોવરથી ૮ કિ.મી. નજીક એક ફાર્મ હાઉસમાં યોજાયેલા આ મેરેથોન સંવાદમાં સમગ્ર ભારતમાંથી આવેલા અંદાજે ૨૦૦ જેટલા જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી યુવા સંવાદને સફળતા આપી હતી અને ૩૦ જેટલા વક્તાઓએ આયોજકો દ્વારા મૂકેલા વિષયો ઉપર પોતાના વિચારો મૂક્યા હતા.

આ વિષયોમાં ડેટાબેઝ, મેડિકલ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને સ્કીલ ડેવલપમેન્ટ ઉપર થયેલી ગોષ્ઠિનાં અંતે ડેટાબેઝ તૈયાર કરવા માટે મુખ્ય ઘટકોને આ કામની જવાબદારી સુપરત થઈ હતી અને આ કાર્ય સુપેરે પાર પાડવા ભુજ યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ સી. ચનાણીના માર્ગદર્શન તળે કાર્ય રચના ગોઠવવામાં આવી હતી.

આ પ્રસંગે અમદાવાદ સમાજનાં પ્રમુખ શ્રી જૈમિનભાઈ જે. સોની, અમદાવાદના મંત્રીશ્રી અતુલભાઈ, ભુજનાં જગદીશભાઈ ચૌહાણ, અંજારના ફોરમભાઈ પોમલ, ભુજ યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી, અમદાવાદ યુવક મંડળના હર્ષદભાઈ રમેશભાઈ સોની, અંજાર યુવક મંડળના પ્રમુખશ્રી ફોરમભાઈ પોમલ, પશ્ચિમ કચ્છ યુવક મંડળના પ્રમુખશ્રી પ્રફુલભાઈ કંસારા, અંજાર મહિલા મંડળના પ્રમુખ પીંકિબેન કટ્ટા સહિતના આગેવાનો મંચસ્થ રહ્યા હતા.

આ પ્રસંગે ભુજ યુવક મંડળના પ્રમુખશ્રી રાહુલભાઈએ કહ્યું કે, ડેટાબેઝ તૈયાર કરવા ટીમને બે ભાગમાં વિભાજીત કરવી આવશ્યક છે. એક ટેકનિકલ કમિટી અને બીજી ફિલ્ડ કમિટી. તેમણે કહ્યું કે, દરેક ઘટક અને મંડળે આમાં યોગદાન આપવું આવશ્યક છે. તેમણે વધુમાં વધુ યુવાનો જોડાય તે માટે પણ અનુરોધ કર્યો હતો. પશ્ચિમ કચ્છના પ્રમુખશ્રી પ્રફુલભાઈ કંસારાએ પશ્ચિમ કચ્છનો ડેટા મેળવી આપવાની જવાબદારી લીધી હતી. એ જ પ્રકારે ફોરમભાઈએ અંજારમાંથી કાર્ય કરવાની જવાબદારી વહન કરવા હૈયાધારણ આપી હતી.

ભુજ સમાજના પ્રમુખશ્રી જગદીશભાઈ ચૌહાણે કહ્યું કે, યુવા સંવાદ દ્વારા ચળાઈને બહાર આવેલી હકીકતને સાકાર કરવા સૌએ એક થઈને આગળ વધવાની જરૂર છે. આ કાર્યમાં ભુજ જ્ઞાતિ દ્વારા સંપૂર્ણ સહકાર આપવાની વાત દોહરાવી હતી.

પ્રારંભમાં અમદાવાદ સમાજના મોભી અને જ્ઞાતિસેતુના

મુખ્ય તંત્રીશ્રી હંસરાજભાઈ કંસારાએ મહેમાનોનું સ્વાગત કરી યુવા સંવાદથી જ્ઞાતિજનોને વાકેફ કર્યા હતા અને આ કાર્યક્રમને **'દેશ તેડાં'**નું બિરૂદ આપ્યું હતું. ત્યારબાદ અમદાવાદ સમાજના મંત્રીશ્રી અતુલભાઈએ વક્તાઓને તેમના વિચારો વ્યક્ત કરવા આગવી શૈલીમાં નિમંત્રી યુવા સંવાદને ખરા અર્થમાં સફળ બનાવવા આહ્વાન કર્યું હતું.

- **તુલસીદાસભાઈ કંસારા :**

પ્રારંભે અમદાવાદ સમાજના મોભી શ્રી તુલસીદાસભાઈ કંસારાએ આ વિચાર વલોણાના શ્રી ગણેશ કર્યા હતા. જેની આગવી અસર જ્ઞાતિજનો ઉપર સ્પષ્ટ જણાઈ આવી હતી. તેમણે ત્રણ તબક્કામાં વિવિધ મુદ્દાઓ આવરી લીધા હતા. જેમાં આ કાર્યક્રમને તેમણે એકબીજાને ઓળખવાના પ્રકલ્પ સમાન ગણાવી સમાજને આર્થિક સધ્ધરતા, વીમા યોજના, મેડિકલ તેમજ સ્કીલ ડેવલપમેન્ટ તળે એવા કારીગરો તૈયાર કરવા ઉપર ભાર મૂક્યો હતો અને ઉમેર્યું કે બંગાળથી આવતા કારીગરો ઉપર પૂર્ણવિરામ મૂકાઈ જાય ને આપણા જ કારીગરોનું વર્ચસ્વ રહે.

- **દિલીપભાઈ બગ્ગા :**

ભુજ જ્ઞાતિના પૂર્વ પ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગાએ આજે સમાજમાં ભણતર માટે જોવા મળતી દેખાદેખીની ભ્રમણથી દૂર રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂકી જણાવ્યું હતું કે, અંગ્રેજી મીડિયમમાં પોતાના બાળકોને ભણાવવાનો જ આગ્રહ રાખવામાં આવે છે તે બાબતે હવે વિચારવાનો સમય આવી ગયો છે. આપણા સમાજમાં ગુજરાતી માધ્યમમાં ભણેલાઓ ઘણાં આગળ છે તેવું જણાવી ઉમેર્યું હતું કે, અત્યારે આગળ ભણવા માટે દેખાદેખીને બદલે કાઉન્સેલિંગની આવશ્યકતા છે જેથી બાળક કે વિદ્યાર્થી શું થવા માંગે છે તેનો સચોટ ખ્યાલ આવી જશે. આગામી પેઢીને આપણે શું આપવા માંગીએ છીએ તે હવે વિચારવાનો સમય આવી ગયો હોવાનું જણાવ્યું હતું.





- **પિંકીબેન કટ્ટા :**

અંજાર મહિલા મંડળના પ્રમુખ પિંકીબેન કટ્ટાએ સ્કીલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વર્ધન) ઉપર વિચારો આપી કહ્યું કે, કોઈપણ સ્કીલ ધારણ કરનાર વ્યક્તિ ક્યારેય પાછળ નહીં રહે. તેમણે બાળકોને મોબાઈલ હાથમાં આપતા પહેલાં બે વાર વિચારવા જણાવ્યું હતું.

- **હિતેશ બુદ્ધભટ્ટી :**

સમાજના તરવરૈયા યુવાન અને ભારતના અગ્રીમ અંગ્રેજી અખબાર 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં વ્યવસ્થાપન વિભાગમાં કાર્યભાર સંભાળતા હિતેશભાઈએ કહ્યું કે, આજે યુથ સામે અનેક પડકારો છે. પરંતુ તેઓને યોગ્ય દિશા મળે તો ચેલેન્જનો સ્વીકાર કરી શકે એટલા સક્ષમ છે. યુવા સંવાદ આ માટે યોગ્ય તપ્નો છે એવું જણાવી તેમણે કહ્યું કે, અભ્યાસ કે વ્યવસાયમાં ક્ષેત્રની પસંદગી યુવાન ઉપર જ છોડી દેવી હિતાવહ રહેશે. ઠોકી બેસાડેલા વિચાર લાંબુ ટકતા નથી. મહેનત જ સર્વેસર્વા છે. સખત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી એમ કહી તેમણે યુવાનોને બ્રાન્ડ ઉભી કરવા ઈજન આપ્યું હતું.

- **રાહુલ સોલંકી :**

ભુજ યુવક મંડળના સક્રિય સભ્યશ્રી રાહુલભાઈ અમૃતલાલ સોલંકીએ સામાજિક બાબતને સ્પર્શતા કહ્યું કે, છુટાછેડા, પરિવારની માન મર્યાદાની લુપ્ત થતી સંસ્કૃતિ વગેરે બાબત સમાજ માટે યોગ્ય નથી એમ કહી, સમૂહલગ્નમાં વધુને વધુ લોકો જોડાય તેવી નીતિ અખત્યાર કરવા ઉપર ભાર મૂક્યો હતો.

- **જીનલ સોલંકી :**

રાજકોટ કોલેજમાં વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા જીનલબેન સોલંકીએ પોતાની સર્જનાત્મકતાનો પરિચય આપી પદ, પૈસા અને પ્રતિષ્ઠાની સાથે દરેક તબક્કે યુવાનોમાં શીખવાનું

ઝનુન ઉભું કરવું જોઈએ તેવી વાત આગવી શૈલીમાં મૂકી ઉપસ્થિત સૌ જ્ઞાતિજનોને પોતાના વક્તવ્યથી મંત્રમુગ્ધ કરી દીધા હતા.

- **શાંતિલાલ સોની :**

સંપૂર્ણ પત્રકારિત્વને વરેલા અને સમાજના અગ્રીમ સામાયિક 'હેમલેખા'ના તંત્રી શાંતિલાલ સોનીએ આજકાલ ઈન્ફોર્મેશન ટેકનોલોજી યુગમાં ફેક ન્યુઝ (ખોટા સમાચારો) કેવી રીતે ઉપજાવી કાઢવામાં આવે છે ત્યારે જ્ઞાતિ આધારિત મેગેઝીનની વિશ્વસનિયતા કેટલી ધારદાર હોય છે તેની વિગતો આપી, ફેક ન્યુઝનો ઈતિહાસ અને વર્તમાન સમયમાં સોશિયલ મીડિયામાં નિપજતી પરિસ્થિતિનું નિરૂપણ કર્યું હતું.

- **જયેશ ઘડિયાળી :**

અમદાવાદના ટેકનોક્રેટ સમાન જયેશભાઈ ઘડિયાળીએ ટેકનોલોજીનો ક્યાં, કેટલો અને કેવો ઉપયોગ કરવો તેના માટે વ્યક્તિગત ક્ષમતા જરૂરી છે તે માટે ટેકનોલોજી પાછળ પડી જવું પડે. તેમણે ટેકનોલોજી અંતર્ગત કૌશલ્ય કેળવવા (સ્કીલ ડેવ.) માટે કામ કરવા જણાવ્યું હતું.

- **દીપક કટ્ટા :**

પશ્ચિમ કચ્છના યુવક અગ્રણીશ્રી દીપકભાઈ કટ્ટાએ સ્કીલ ડેવલપમેન્ટ ઉપર પોતાની વાત મૂકતા જણાવ્યું હતું કે, આ કૌશલ્ય સાથે માર્કેટિંગ સ્કીલ પણ આવડે એ જરૂરી છે કેમકે એકલી સ્કીલ પૂરતી નથી. જો પોતાનું સર્જન બજારમાં મૂકતા નહીં આવડે તો પાછળ રહી જવાશે. તેમણે સમાજની એકતા ઉપર પણ ભાર મૂક્યો હતો.

- **હરિલાલભાઈ વીસા પરમાર :**

કચ્છ બુલિયનના અગ્રણી, મહામંડળના ઉપપ્રમુખ અને મારૂ કંસારા સોની સમાજના આગેવાન સમા શ્રી હરિલાલભાઈ વીસા પરમારે કહ્યું કે, આજે સ્કીલ ડેવલપમેન્ટ યાને કૌશલ્ય વર્ધન એક એવી જણશ છે કે, તે ધારણ કરનાર સર્વાંગી વિકાસ કરી શકવાની ક્ષમતા ધરાવતો થાય છે. આ ક્ષેત્રે સમાજના દરેક વિસ્તારના યુવાનોને સાંકળી લેવાનું સૂચવી સ્કીલ ડેવલપમેન્ટને કોઠાસૂઝ તરીકે વ્યાખ્યાયિત કરી હતી.

- **મહેશભાઈ ગુજરાતી :**

૧૦૮નું બિરૂદ ધરાવતા મહેશભાઈ ગુજરાતીએ સૂચવ્યું હતું કે, સમાજને તબીબી ક્ષેત્રે કાંઈક આપવાની તમન્ના હશે તો ઘણું બધું થઈ શકે એમ છે. તેમણે સમાજનાં આવશ્યકમંદ જ્ઞાતિજનોને મેડિકલ સેવાથી સાંકળી લેવા આયોજકોએ નિષ્ણાંત તબીબોની પેનલ બનાવવી પડશે અને નિશ્ચિત સમયે લાયઝન પણ રાખવું પડશે. સમાજનું કામ કરવા માટે ટીકા પણ સહન કરવાની થાય તો વાંધો નહીં, કારણ કે સમાજ સેવા એ પ્રભુ સેવા હોવાથી કામ કરનારને આંતરિક સંતોષ મળતો હોય છે.



- **ફોરમભાઈ પોમલ :**

અંજારનાં પ્રમુખશ્રી ફોરમભાઈ પોમલે કહ્યું કે, અંજાર હવે મેડિકલ ફંડ શરૂ કરવાની દિશામાં સક્રિય રીતે વિચારે છે.

- **જીગર બુદ્ધભટ્ટી :**

ભુજ યુવક મંડળના મંત્રીશ્રી જીગરભાઈ બુદ્ધભટ્ટીએ આયોજકોએ નિર્ધારિત કરેલા વિષયો અંગે સંતોષની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, કોઈએ આગળ આવવું હોય તો લોકનિંદા કે ટીકાથી ડરવાની જરૂર નથી. આમેય નવી વાત લાવનારને ચળાવવું જ પડે છે. છેવટે તેનો સ્વીકાર થાય છે.

- **અનિલ છત્રાળા :**

ભુજ યુવા અને રાજકીય અગ્રણી શ્રી અનિલભાઈએ યુવાનોને સમાજના કામ કરવા આગળ આવવા અનુરોધ કર્યો હતો. તેમણે જ્ઞાતિજનોને વર્તમાન તબક્કે રાજકારણને આભડછેટ ગણવાને બદલે તેનો લાભ લેવા અને તેની સાથે તાર્કિક રીતે જોડાવા અનુરોધ કર્યો હતો.

- **રાહુલભાઈ ચનાણી :**

તેમણે ભારત સ્તરનો ડેટાબેઝ તૈયાર કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ટેકનોલોજી ક્ષેત્રે સમાજમાં પાંગરતી પ્રતિભાઓ પૈકી મનાલી ડી. બારમેડા (તલોદ) અને અમદાવાદના જય કટ્ટાએ સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. આ ઉપરાંત મૂળ દેવીસરના અને કિસાન મંચના ઉપપ્રમુખશ્રી મહેશભાઈ બુદ્ધભટ્ટીએ સમાજના કામની સાથે રહેવા પૂરતાં સમય અને સહકાર આપવા ખાતરી આપી હતી. અંજાર મહિલા મંડળના

મંત્રી અંજનાબેન પોમલે સ્કીલ ડેવ.ની સાથે વ્યાપારિક કૌશલ્યવર્ધન ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

- **અમદાવાદના 'ત્રિદેવ' :**

અમદાવાદ સમાજનાં ત્રિદેવ સમાન મનુભાઈ કોટડિયા, જૈમિનભાઈ બારમેડા અને અતુલભાઈ બગ્ગાની ભૂમિકા આ કાર્યક્રમમાં વિશિષ્ટ રીતે જોવા મળી. અતુલભાઈએ કાર્યક્રમનાં સંચાલન દ્વારા સતત સંવાદને વાગોળતા રહી તમામ વિષયોને બખૂબી - આવરી લીધા હતા અને આયોજનનો હેતુ સિધ્ધ કરી બતાવ્યો હતો. તો જૈમિનભાઈએ મૂક સ્વરૂપે સક્રિય રહી કાર્યક્રમને કેમ સફળતા તરફ દોરી જવાય એ બાબત સમાજને દર્શાવી હતી. જ્યારે મનુભાઈ કોટડિયાએ ન તો મંચસ્થ રહેવું કે ન સંવાદાર્થી બન્યા છતાં આખાય કાર્યક્રમની દોર સંભાળી બેસ્ટ મેનેજમેન્ટ ઓફ ઈવેન્ટનો દાખલો બેસાડ્યો હતો.

### કાર્યક્રમની સાથે સાથે.....

★ આયોજકોની ગણતરીથી પણ શિબિરાર્થીઓની સંખ્યા વધી જતાં માહોલ ઉત્સાહજનક હતો.

★ કુદરતના સાનિધ્યમાં યોજાયેલો આ કાર્યક્રમ એટલો રોચક બની ગયો કે ઉપસ્થિત જ્ઞાતિજનો લંચનો સમય પણ ભૂલી ગયા.

★ રવાપરના ધારા બારમેડાની કવિતાનું તુલસીદાસભાઈ કંસારાએ પઠન કર્યું હતું.

★ કાર્યક્રમમાં કચ્છ છવાઈ ગયું. રાયપુરની અનુપસ્થિતિ સાલતી હતી.

★ રાષ્ટ્રગીત દ્વારા કાર્યક્રમની સમાપ્તિ થઈ, તેની કાર્યક્રમમાં ખાસ નોંધ લેવાઈ. અમદાવાદ સમાજે આ સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું.

★ ફિડબેક પત્રિકાથી જાણવા મળ્યું કે, ૯૫ ટકા બહેનોએ સ્કીલ ડેવલપમેન્ટમાં રસ દર્શાવ્યો.

★ બહેનોની ઉપસ્થિતિ ધ્યાનાકર્ષક હતી.

★ યુવાસંવાદમાં જ્ઞાતિસેતુના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ અને અમદાવાદના અગ્રણી તુલસીદાસભાઈ યુવાઓ વચ્ચે યુવાન સિનિ. સિટિઝન થઈને છવાઈ ગયા હતા તેમનો ઉત્સાહ અનેરો હતો.

★ અમદાવાદની આરંગેત્રમ ફેમ કશિશ જે. બારમેડાએ પીયાનો ઉપર રજૂ કરેલું સનમ...રે...સનમ્ ગીત સૌને ડોલાવી ગયું.

★ મુંબઈ મંડળનાં પ્રેમીલાબેન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

★ કુદરતનાં ખોળે યોજાયેલા આધુનિક સંવાદમાં દેશી ખાણું




પીરસી અમદાવાદ સમાજે પ્રકૃતિ સાથે તાલ મિલાવવાનો સુંદર પ્રયાસ કર્યો હતો.

★ કાર્યક્રમનાં મુખ્ય સ્પોન્સર ગિરીશ કે. બારમેડાના ભાણેજનું દુઃખદ નિધન થતાં તેઓ પ્રારંભમાં હાજર રહી, નીકળી ગયા હતા.

★ કાર્યક્રમ કેવો લાગ્યો અને સૂચન માટે પ્રતિસાદ પત્ર સંવાદાર્થીઓને આપી સમાજ માટે આ પ્રકારે નવતર પ્રયોગ કરવામાં આવ્યો.

★ અમદાવાદ મહિલા મંડળના પ્રમુખ અલ્પાબેન સોની ઉપસ્થિત રહ્યા હતા.

★ કાર્યક્રમને સફળ બનાવવા દિનેશભાઈ જે. સોની (તલોદ)એ ખાસ જહેમત લીધી હતી.

★ ભુજથી હર્ષદ ડી. બુદ્ધભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

## યુવા સંવાદ વિહંગાવલોકન

*– અતુલ સોની*

- શ્રી કચ્છી મારૂ કંસારા સોની સમાજના ઈતિહાસમાં સૌપ્રથમ વખત મારૂ કંસારા સોની જ્ઞાતિની યુવા શક્તિને સંગઠિત કરવા નળ સરોવર ખાતે 'યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન થયું. મોટી સંખ્યામાં યુવા પ્રતિનિધિઓએ સમાજના સર્વાંગી વિકાસ માટેની ચર્ચામાં ઉત્સાહભેર ભાગ લીધો.
- સમગ્ર આયોજન નવી પેઢીની રૂચિને ધ્યાનમાં રાખી કરવામાં આવેલ. નળ સરોવર પર્યટન સ્થળ છે. દેશ વિદેશથી હજારોની સંખ્યામાં યાયાવર પક્ષીઓ આવે છે. બહારગામથી આવેલ યુવાઓએ નૌકાવિહાર કરી આનંદ પણ માણ્યો.
- કાર્યક્રમનું આયોજન અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા મુખ્ય સૌજન્ય દાતા શ્રી ગીરીશભાઈ સોનીના સહયોગથી કરવામાં આવેલ.
- ચર્ચાના મુખ્ય વિષયો સ્કીલ ડેવલપમેન્ટ, સામાજીક ડેટાબેઝ

તથા મેડિકલ સહાયતા વિ. રહ્યા. સૌપ્રથમ સમાજનો યોગ્ય ડેટાબેઝ તૈયાર કરવો જરૂરી છે – એવો સર્વેનો મત રહ્યો. આ માટે ઈન્ફોર્મેશન ટેકનોલોજી સાથે સંકળાયેલ યુવા ઈજનેરોએ કાર્યમાં પોતાનું યોગદાન આપવાની તત્પરતા દર્શાવી.

- ભુજ યુવક મંડળના પ્રમુખ શ્રી રાહુલ ચનાણી, પશ્ચિમ કચ્છ યુવક મંડળના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ કંસારા, અંજાર યુવક મંડળના પ્રમુખ શ્રી શૈલેષભાઈ સોની, અમદાવાદ યુવક મંડળના પ્રમુખ શ્રી હર્ષદભાઈ સોની, અંજાર મહિલા મંડળના યુવા પ્રમુખ શ્રીમતી પીંકીબેન કટ્ટા, અંજાર જ્ઞાતિના યુવા પ્રમુખ શ્રી ફોરમભાઈ પોમલ તથા ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણે ડેટાબેઝ તૈયાર કરવામાં સંપૂર્ણ સહયોગ આપવાની જાહેરાત કરી. શ્રી રાહુલ ચનાણીના કન્વીનરપદે આ અંગે એક ટીમની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ જેમાં ફિલ્ડ વર્ક તેમજ ટેકનિકલ એક્ષપર્ટ યુવાઓને સામેલ કરી ડેટાબેઝ અંગે વ્યવસ્થિત આયોજન કરવામાં આવશે.
- કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા સમસ્ત મહાજનને આવરી લેવા માટે કરવામાં આવેલ આ પહેલને આવકારી પ્રસંશા કરી હતી. આ કાર્યક્રમમાં સૌપ્રથમ વખત સોશિયલ નેટવર્કનો ભરપૂર ઉપયોગ કરવામાં આવેલ. ગૂગલ ફોર્મ પર ઓનલાઈન રજીસ્ટ્રેશનની વ્યવસ્થાનો બહોળો પ્રતિસાદ મળેલ.
- આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ૧૯૦થી વધારે લોકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન સુવિધાનો લાભ લીધેલ. સમાજની ઉત્સાહી યુવા બહેનોએ રજીસ્ટ્રેશન કામગીરી સંભાળી દરેકને યોગ્ય માર્ગદર્શન આપેલ. ઓનલાઈન રજીસ્ટ્રેસન અન્ય વિગતો ઉપરાંત રજીસ્ટ્રેશનકર્તાના શોખ તથા તેમને રસ પડે તેવી સામાજીક પ્રવૃત્તિઓની વિગત નોંધવામાં આવેલ. આવી તમામ વિગતોનું ડોક્યુમેન્ટેશન કરવામાં આવેલ. આ વિગતો ભવિષ્યમાં સમાજના અન્ય પ્રોજેક્ટ માટે ઉપયોગી થઈ શકે તેમ છે.
- કાર્યક્રમના અંતે ઉપસ્થિત લોકોના પ્રતિભાવ જાણવા ફીડબેક ફોર્મમાં વિગત લેવામાં આવેલ. આ પ્રતિસાદ મુજબ તમામને આ કાર્યક્રમ સમાજલક્ષી જણાયેલ. ૯૮%ને કાર્યક્રમમાં સામેલ વિષયો યોગ્ય લાગેલ. ૯૯%ને કાર્યક્રમનું સ્થળ, આયોજન અને વાતાવરણ યોગ્ય જણાયેલ. ૯૭% લોકોને સ્થળ પર પહોંચવામાં કોઈ મુશ્કેલી જણાયેલ ન હતી તથા ૯૮% લોકોએ જણાવેલ કે આ કાર્યક્રમથી યુવાઓને સમાજલક્ષી કાર્ય કરવા પ્રેરણા મળશે. પ્રતિસાદ મુખ્યત્વે સ્કીલ ડેવલપમેન્ટ, ઈન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા ડેટાબેઝ અને મેડિકલ સેવાઓમાં યોગદાન આપવાની તૈયારી બતાવેલ.

***પ્રતિસાદમાં નીચે મુજબના લેખિત સૂચનો થયા હતા :***

★ "મારૂં માનવું છે કે દરેક જ્ઞાતિજનને એકબીજા સાથે વેપાર વ્યવસાય સાથે જોડાઈને આગળ વધવું જોઈએ. જો સંગઠિત હોઈશું તો દરેક ક્ષેત્રમાં આગળ વધી શકીશું. આ માટે મહામંડળ સાથે સાથે અખિલ ભારતીય યુવા સંગઠન હોવું જરૂરી છે. આ માટે હું મારો સાથ સહકાર આપવા તૈયાર છું.

***– ગીરીશ અમૃતલાલ સોલંકી***

## યુવા કી તાકત

*યુવાઓં કી તાકત કો નજરઅંદાજ મત કરો*
*યે વો તુફાન હૈ જો સુનામી કો ભી ઘૂમા દે*
*હર હર પહેલુ પે નજર હૈ ઈનકી*
*યે વો હૈ જો ઈતિહાસ કો ભવિષ્ય બના દે.*
*યે હવા કા વો પૈગામ હૈ જો સમા કો મહેકાદે*
*યે વો સ્વાદ હૈ જો જીવનકો અમૃત બનાદે.*
*યે મારૂ કંસારા સોની કે વો યુવા હૈ*
*જો તીનકે કો ગોવર્ધન પર્વત બના દે.*

## યુવા શક્તિને સલામ

સુંદર આયોજન બદલ અમદાવાદ જ્ઞાતિને ખૂબ ખૂબ અભિનંદન. મારા સૂચન છે :

૧. સમાજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન થવું જોઈએ.
૨. વોકેશનલ ટ્રેનિંગ કોર્સનું આયોજન કરવું. જેમાં સર્ટીફિકેટ જ્ઞાતિ સમાજ તરફથી આપવામાં આવે.
૩. સમાજના સંમેલન થાય ત્યારે સમાજની સફળ થયેલ હોય તેવી વ્યક્તિની વિગત તથા તેમના દ્વારા કરવામાં આવેલ નવતર પ્રયોગોની વિગતની રજુઆત થાય તો અન્ય યુવાઓને પ્રેરણા મળે.
૪. જ્ઞાતિના મૂળ વ્યવસાય - સોના ચાંદી તથા વાસણના ધંધાનું મોર્ડનાઈઝેશન થાય તે માટે યોગ્ય આયોજન થવા જોઈએ.
૫. જ્ઞાતિના મેળાઓનું આયોજન વિવિધ શહેરોમાં થાય તો વધારે લોકો ભાગ લઈ શકે.

***- પ્રવીણાબેન મહીયા***

★ "દરેક ગામમાં યુવક મંડળ બને અને રાષ્ટ્રીય કક્ષાએ એક યુવા સંગઠન બને, જે સમાજને આગળ લઈ જવા પ્લાનિંગ કરી શકે."

***– મનાલી સોની***

# વાર્ષિક સ્નેહ મિલન - અમદાવાદ

**અતુલ સોની**

અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના શુભ પર્વની ઉજવણી સાથે તા. ૧-૧૧-૨૦૧૭ના રોજ વાર્ષિક સ્નેહમિલન તથા સામાન્ય સભાનું આયોજન કરવામાં આવેલ. નવરંગપુરા, સી.જી. રોડ પર આવેલ સુશીલાબેન હોલમાં યોજાયેલ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપેલ.







કાર્યક્રમના પ્રારંભમાં માનદ્ મંત્રી શ્રી અતુલ સોનીએ ગત વર્ષ દરમ્યાન જ્ઞાતિમંડળ દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તિઓ વિશે વિસ્તારથી વિગતો રજૂ કરેલ. અમદાવાદ સમાજ દ્વારા ચલાવવામાં આવતી 'Med-Aid' યોજનાથી બહારગામથી અમદાવાદ સારવાર અર્થે આવતા સમાજના દર્દીઓને યોગ્ય માર્ગદર્શન તથા શક્ય તે રીતે સહાય કરવામાં આવે છે, તેનાથી જ્ઞાતિજનોને માહિતગાર કરવામાં આવ્યા. સમાજના દાતાઓ તરફથી આ યોજના માટે મળી રહેલ સહયોગની નોંધ લઈ આભાર વ્યક્ત કરવામાં આવેલ.



સમાજની સામાન્ય સભામાં આગામી બે વર્ષ માટે પ્રમુખપદે શ્રી જયમીનભાઈ જેઠાલાલ સોનીની પુનઃ વરણી થતાં ઉપરોક્ત સૌએ હાર્દિક અભિનંદન આપેલ. આ પ્રસંગે સરસ્વતી સન્માન સમારોહના દાતાઓ શ્રી હસમુખભાઈ મહીચા, શ્રી તુલસીદાસ કંસારા તથા શ્રી પ્રાણલાલભાઈ સોનીનું સન્માન કરવામાં આવેલ. ગત શૈક્ષણિક વર્ષમાં ઉત્તીર્ણ થયેલ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા પારિતોષિક વિતરણ કરવામાં આવેલ. 'જ્ઞાતિસેતુ' દ્વારા આયોજીત 'માતા-પિતા સાથે સેલ્ફી' સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવનાર કુ. વિધિ લક્ષ્મીદાસ પોમલને ઇનામ આપી સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા સર્વશ્રી મનુભાઈ કોટડિયા, શ્રી ગિરીશભાઈ સોની, જયેશભાઈ ઘડિયાળી, રશ્મિનભાઈ બારમેડા, હર્ષદભાઈ સોની, નીલેશભાઈ સોની, નીતિનભાઈ સોની વિ.એ વિશેષ જહેમત ઉઠાવેલ.

મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અલ્પાબેન સોની તથા સમગ્ર મહિલા મંડળની ટીમ તથા યુવા મંડળના પ્રમુખ શ્રી હર્ષદભાઈ સોની તથા તેમની યુવા ટીમે કાર્યક્રમમાં વિશેષ સહયોગ આપેલ.

## કરો અને પામો


એક સવારે હું વહેલો ઊઠ્યો અને તરત જ દિવસની પ્રવૃત્તિ શરૂ કરી. મારે દિવસ દરમિયાન એટલું બધું કામ કરવાનું હતું કે મને પ્રાર્થના કરવા માટે સમય ન મળ્યો.

સમસ્યાઓ જાણે કે મારી આસપાસ આળોટવા લાગી અને દરેક કાર્ય મારા માટે મુશ્કેલ બનતું ગયું. મને સમજાતું ન હતું, "પ્રભુ શા માટે મદદ કરતો નથી?" એણે જવાબ આપ્યો, 'તેં મદદ માંગી જ ન હતી."

હું આનંદ અને સૌંદર્યની શોધમાં હતો, પણ દિવસ ઉત્સાહ વગરનો અને ઠંડો મજૂરી કરતાં પસાર થયો. મને આશ્ચર્ય થયું. શા માટે પ્રભુએ આમ કર્યું? એણે કહ્યું, 'પણ તેં એના માટે પ્રયત્ન જ કર્યો નથી.' મેં પ્રભુની સામે હાજર થવા પ્રયત્ન કર્યો. મેં તાળામાં મારી બધી જ ચાવીઓ લગાવી જોઈ. પ્રભુએ મને હળવાશ અને પ્રેમથી ઠપકો આપ્યો, 'મારા બાળક, તેં (દરવાજે) ટકોરો ન દીધો.'

હું આજે વહેલી સવારે ઊઠ્યો અને દિવસની પ્રવૃત્તિ કરતાં પહેલાં થોભ્યો. સમય કાઢીને મેં પ્રાર્થના કરી, કેમ કે મારે આજે ઘણાં કાર્યો પૂરાં કરવાં હતાં.


## અમદાવાદ જ્ઞાતિ મંડળ : નૂતન કારોબારીની રચના



**શ્રી જયમીનભાઈ સોની**
**પ્રમુખ**



**શ્રી જયેશભાઈ ઘડીયાળી**
**ઉપપ્રમુખ**



**શ્રી અતુલભાઈ સોની**
**માનદ્ મંત્રી**



**શ્રી મનુભાઈ કોટડિયા**
**ખજાનચી**



**શ્રી સુનીલભાઈ બીજલાણી**
**સહમંત્રી**

***કારોબારી સભ્યો :***

શ્રી ગીરીશભાઈ સોની
શ્રી હરીશભાઈ બુધ્ધભટ્ટી
શ્રી હસમુખભાઈ મૈચા
શ્રી રાજેન્દ્રભાઈ સોની
શ્રી નીલેશભાઈ પોમલ
શ્રી રશ્મિનભાઈ બારમેડા
શ્રી પ્રશાંતભાઈ બીજલાણી
શ્રી અરવિંદભાઈ મારૂ

## મહિલા મંડળ - અમદાવાદ



**અલ્પા જે. સોની**
**પ્રમુખ**



**શોભના જી. સોની**
**ઉપપ્રમુખ**



**હંસા એ. સોની**
**માનદ્ મંત્રી**



**પૂર્વી દીપેશ સોની**
**ખજાનચી**



**મધુબેન પી. બીજલાણી**
**સહમંત્રી**

***કારોબારી સભ્યો :***

કવિતાબેન કે. બારમેડા
મીનાબેન કે. બીજલાણી
નેહા એસ. સોલંકી
મનીષા એન. પોમલ
ભાવના આર. સોની
બીના બી. સોલંકી
દક્ષા એચ. પોમલ
વિરલ જે. સોની
સોનલ એ. સાકરીયા

## અમદાવાદ જ્ઞાતિ યુવક મંડળ



**હર્ષદભાઈ સોની**
**પ્રમુખ**



**આશિષ સોની**
**માનદ્ મંત્રી**



**નીલેશ સોની**
**ઉપપ્રમુખ**



**નીતિન સોની**
**ખજાનચી**



**પરેશભાઈ મહીચા**
**સહમંત્રી**

***કારોબારી સભ્યો :***

મનન ગિરીશભાઈ સોની
આશિષ હસમુખભાઈ સોની
જયેશ વલ્લભદાસ સોની
ધવલ યોગેશભાઈ સોની
રવિ જશવંતભાઈ પરમાર
અનિસ જે. મહીચા
શાલીન જયમીનભાઈ સોની
હાર્દિક પરેશભાઈ મહીચા
ધવલભાઈ રાજેન્દ્રભાઈ સોની

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ

**શાંતિલાલ સોની**

## સમૂહલગ્નો સામાજિક વિકાસ માટે રોલ મોડેલ
## ભુજમાં ૧૦ નવદંપતિઓએ સમૂહમાં સપ્તપદીના ફેરા લીધા

શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા આયોજિત ૩૧મા રાષ્ટ્રીય સમૂહ લગ્નોત્સવમાં ૧૦ યુગલોએ સપ્તપદીના ફેરા લીધા. તે પ્રસંગે તેમના સન્માનમાં યોજાયેલ વિદાય સમારંભમાં અગ્રણી જ્ઞાતિજનોએ સમૂહ લગ્નને સામાજિક વિકાસ માટે રોલ મોડેલ ગણાવી આગામી વર્ષોમાં વધુને વધુ યુગલો જોડાય તેવો અનુરોધ કર્યો હતો.

ટીન સિટીમાં યોજાયેલા સન્માન સમારંભમાં ઉપસ્થિત જ્ઞાતિજનોને પ્રમુખશ્રી જગદીશચંદ્ર ચૌહાણે સમૂહ લગ્ન દ્વારા સમાજને સંગઠિત કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ડૉ. પાર્થ સાકરિયા, નખત્રાણા સમાજના પ્રમુખ ભરતભાઈ સોની, દિલીપભાઈ બગ્ગાએ પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યું હતું.

સમૂહલગ્નમાં સામેલ ૧૦ નવદંપતિએ પણ સમાજને આ સુંદર કાર્ય બદલ લેખિતમાં લાગણી વ્યક્ત કરી કલ્પેશ - મીરા (યુગલ)એ જણાવ્યું હતું કે જ્ઞાતિજનોએ આવા સમૂહલગ્નમાં જોડાવું જોઈએ.

કન્વીનર શ્રી ભરતભાઈ બગ્ગાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમના પ્રારંભે જ્ઞાતિમંત્રી શાંતિલાલ સોનીએ જ્ઞાતિજનોનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય સહયોગી દાતા રસીકભાઈ ઝવેરીલાલ શિવજી બુધ્ધભટ્ટી, નેણશી જેરામ બારમેડા પરિવાર, સ્વ. કિશોરભાઈ જટુભાઈ ચનાણી પરિવાર તથા જીજ્ઞાબેન ભરતભાઈ બગ્ગાનું પ્રતીક સન્માન કરવામાં આવેલ.

આ પ્રસંગે અખિલ ભારતીય મહામંડળના મહામંત્રી પ્રેમજીભાઈ સોલંકી, ચંદ્રકાંતભાઈ મૈચા, રંજનબેન મૈચા, હરિલાલ ઝવેરીલાલ ગુજરાતી, જીવરામ કેશવજી પોમલ, ઈશ્વરલાલ નેણશી બારમેડા, નખત્રાણા સરપંચ જીજ્ઞાબેન બગ્ગા, અરૂણકુમાર પુરૂષોત્તમ વીસાપરમાર, સાબરકાંઠાના નરેશભાઈ સોલંકી, મહેશભાઈ હેડાઉ, મયુરભાઈ બુધ્ધભટ્ટી, હાલે અમદાવાદના અરવિંદભાઈ પરમાર, દિલીપભાઈ ગુજરાતી, હર્ષદભાઈ જે. પોમલ, ફોરમભાઈ પોમલ, માંડવી પ્રમુખ રમેશ બીજલાણી તેમજ પશ્ચિમ કચ્છ મારૂ યુવક મંડળના પ્રમુખ પ્રફુલભાઈ એમ. કંસારા મંચસ્થ રહી તમામ સહયોગી દાતાનું સન્માન કર્યું હતું.

અખિલ ભારતીય મહામંડળના પ્રમુખ પ્રભુદાસભાઈ ગુજરાતીએ સમૂહલગ્ન સ્થળ મુલાકાત લઈ નવદંપતિને આશિષ આપ્યા હતા. આ પ્રસંગે મહામંડળના મહિલા સેલના કન્વીનર લતાબેન આઈ. સોલંકીના નેજા હેઠળ અને રોહિણીબેન બુધ્ધભટ્ટી ભુજ મહિલા મંડળના સહયોગથી ક્રાફ્ટ મેળા અને સ્ત્રી સ્વાસ્થ્ય સેમિનાર યોજેલ હતો. જેનો મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ લાભ લીધો હતો.

કાર્યક્રમનું સંચાલન સમૂહલગ્નના મંત્રી મહેશ બારમેડા, કમલેશભાઈ બુધ્ધભટ્ટી, મહેશભાઈ ગુજરાતી, સંજીવભાઈ બુધ્ધભટ્ટીએ કર્યું હતું. કન્વીનર ચેતનભાઈ બારમેડાએ સમૂહલગ્ન દરમ્યાન જ્ઞાતિજનોને માર્ગદર્શન આપ્યું હતું. યુવક મંડળના પ્રમુખ રાહુલભાઈ ચનાણીએ ડોનેશન અને ભેટ સોગાદની વિગતો આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ઉપપ્રમુખ સુનીલભાઈ કંસારા, પૂર્વપ્રમુખ અમૃતલાલભાઈ સોલંકી, કિશોરભાઈ ચૌહાણ, શિશિરભાઈ હેડાઉ, મુરજીભાઈ કટ્ટા, હિતેશભાઈ પોમલ, અશોકભાઈ બુધ્ધભટ્ટી, ગીરીશભાઈ સોલંકી, રાજેન્દ્ર વી. બુધ્ધભટ્ટી અને પુનીત પોમલ વગેરે જ્ઞાતિજનોનો સહયોગ મળેલ. ભુજ યુવક મંડળ અને મહિલા મંડળના સભ્યોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સ્મિતમાં સૂર્યપ્રકાશ

જીવન એ સૂર્યપ્રકાશ અને વર્ષા, હાસ્ય અને આનંદ, અશ્રુબિંદુ અને દર્દનું મિશ્રણ છે.

બધા જ દિવસો એકસરખા આનંદી નથી હોતા પણ સાથે એ પણ સત્ય છે કે એવું વાદળ કદીયે નથી હોતું જેમાંથી સૂર્યકિરણ - આનંદ - મળી ન શકે.

માટે, ગમે તેવી પરિસ્થિતિ હોય હસતા રહો અને શ્રદ્ધા રાખો કે પ્રભુ હંમેશાં તમારી સાથે જ છે અને તમને જણાશે કે જ્યારે તમે સ્મિત વેરો છો તે દિવસ તમારા માટે વધુ પ્રકાશિત - આનંદી હશે! તમામ બોજો જાણે કે તમને હળવોફૂલ જેવો લાગશે.

જ્યારે જ્યારે તમે સ્મિત વેરશો ત્યારે ત્યારે તમને પ્રતીતિ થશે કે કોઈક વ્યક્તિ ક્યાંકથી તમને સામે સ્મિત આપી રહી છે.

આ ધરતી ઉપર સૂર્યપ્રકાશ અને ઉષ્માભર્યા સ્મિત સિવાય જીવનને વધારે જીવવાલાયક બનાવી શકે તેવું કાંઈ નથી.

***– હેલન સ્ટેઇનર રાઇસ***

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ

લતાબેન સોલંકી

## તૃતીય કલા ગુર્જરી મેળો - ૨૦૧૭



દ્વારા તૃતીય કલા ગુર્જરી મેળો – ૨૦૧૭નું આયોજન ભુજ જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા યોજાયેલ ૩૧મા સમૂહ લગ્નમાં કરવામાં આવ્યું હતું. જ્ઞાતિજનોમાં ધરબાયેલી જુદી જુદી કલા કારીગરીને ઉજાગર કરી મૂળ હેતુ સાથે ક્રાફ્ટ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહામંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકી, મહામંડળના મહિલા સેલના કન્વીનર શ્રી લતાબેન ઈન્દુલાલ સોલંકી, ભુજ જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ રોહિણીબેન બુધ્ધભટ્ટી, યુવક મંડળના પ્રમુખ રાહુલભાઈ ચનાણી, અમૃતલાલ સોલંકી, શાંતિલાલ સોનીના હસ્તે દીપ પ્રાગટ્ય કરી મેળો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

મેળામાં જુદા જુદા કુલ ૧૬ સ્ટોલ્સ રાખવામાં આવ્યા હતા. ભુજ ઉપરાંત અંજાર, દહીંસરા, આદિપુર, માંડવીના જ્ઞાતિજનો દ્વારા મેળામાં સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જેમાં મડવર્ક, મોતીકામ, લાલાજીના શણગાર, પર્સ, થેલા, કચ્છી હેન્ડવર્ક, ગૃહ ઉદ્યોગ, બુટીક, ડિઝાઈનર વેરના જુદા જુદા સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જ્ઞાતિજનોએ ક્રાફ્ટ મેળો માણ્યો હતો અને સ્ટોલ ધારકોને સારો પ્રતિભાવ આપી તેમના પ્રયત્નને બિરદાવવા ખરીદી કરી હતી.

સ્ટોલ ધારકોને મહામંડળ તરફથી પ્રોત્સાહન રૂપે પ્રતીક ભેટ મહામંડળના હોદ્દેદારોના હસ્તે આપવામાં આવી હતી. મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી તથા હોદ્દેદારોએ ક્રાફ્ટ મેળાની મુલાકાત લઈ મહિલા સેલના તૃતીય ક્રાફ્ટ મેળાના આયોજનને બિરદાવ્યું હતું અને આવા રોજગારલક્ષી મેળાનું આયોજન વારંવાર કરી સમાજને ઉપયોગી થવાની નેમ વ્યક્ત કરી હતી.

ક્રાફ્ટ મેળા અને સ્ત્રી સ્વાસ્થ્ય જાળવણી સેમિનારના દાતાઓનું મહામંડળ મહિલા સેલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. મહિલા સેલના સભ્યોએ આ કાર્યક્રમમાં અમૂલ્ય સેવાઓ આપી હતી. લતાબેન સોલંકીએ દાતાઓનો આભાર માન્યો હતો અને હંમેશાં દાનની સરવાણી વહેતી રહેશે એવી આશા વ્યક્ત કરી હતી. રોહિણીબેન બુધ્ધભટ્ટીએ આભારવિધિ કરી હતી.

## સ્ત્રી સ્વાસ્થ્ય જાળવણી સેમિનાર

શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ દ્વારા સ્ત્રીઓમાં સ્વાસ્થ્ય પ્રતિ જાગૃતિ આણવાના ઉમદા હેતુથી "સ્ત્રી સ્વાસ્થ્ય જાળવણી સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ - ભુજ દ્વારા આયોજીત એકત્રીસમા સમૂહ લગ્ન વખતે જી.કે. જનરલ હોસ્પિટલના સાથ સહકારથી કરવામાં આવ્યું હતું. સેમિનારના ભાગરૂપે સ્ત્રીઓને થતા બ્રેસ્ટ કેન્સર અને સર્વાઈકલ કેન્સરનો સર્વે કરવા નેશનલ લેવલે ફોર્મ ભરાવવામાં આવ્યા હતા અને ફોર્મના આધારે બહેનોનું મેડિકલ ચેક-અપ કરી માર્ગદર્શન આપી પેપ ટેસ્ટ કરવામાં આવ્યું હતું અને આગામી દિવસોમાં મેમોગ્રાફી પણ કરવામાં આવશે. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર ચેક કરી જરૂરતમંદોને દવા આપવામાં આવી હતી. જનરલ ચેક અપ કરીને દવા આપવામાં આવી હતી.

સ્ત્રી સ્વાસ્થ્ય જાળવણી સેમિનારને માહમંડળના મહામંત્રી શ્રી પ્રેમજીભાઈ સોલંકી, મહિલા સેલના કન્વીનર લતાબેન ઇંદુભાઈ સોલંકી, જ્ઞાતિ પ્રમુખ શ્રી જગદીશભાઈ ચૌહાણ, મહિલા મંડળના પ્રમુખ રોહિણીબેન બુધ્ધભટ્ટી, અમૃતલાલભાઈ સોલંકી, શાંતિલાલભાઈ, રાહુલભાઈ ચનાણી વિ. દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. બહોળી સંખ્યામાં બહેનોએ લગ્ન વચ્ચે પણ જાગૃતિ દાખવી ચેક-અપ કરાવ્યું હતું. મંચસ્થ મહાનુભાવ શ્રી પ્રેમજીભાઈ સોલંકીએ મહિલા સેલના ઉપયોગી કાર્યને બિરદાવતા કહ્યું હતું કે કેન્સરનું વહેલું નિદાન થાય તો સ્વસ્થ અને સામાન્ય જીવન જીવી શકાય. વહેલા નિદાન માટે જાગૃતિની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને આવા સેમિનાર થકી જ જાગૃતિ આવશે. આવા સેમિનાર સમય સમય

# સ્ત્રી સ્વાસ્થ્ય જાળવણી સેમિનાર

લતાબેન સોલંકી



પર યોજવા જોઈએ એમ જણાવ્યું હતું.

ડૉ. સૂરજ ફુરિયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે સમૂહ લગ્ન પ્રસંગે આવો કેમ્પ યોજવા બદલ હું મહામંડળ મહિલા સેલને અભિનંદન આપું છું કે કેન્સર જેવી બીમારીમાં જો વહેલું નિદાન થાય તો યોગ્ય સારવારથી સંપૂર્ણ સાજા થઈ શકાય અને કેન્સર રોગમાં જનજાગૃતિ આણવાના પ્રયાસને બિરદાવ્યો હતો. અને હજુ આવા કેમ્પો કરવા તૈયારી બતાવી હતી. જી.કે. જનરલ હોસ્પિટલમાં રૂમ નં.-૧૦માં કેન્સર, બી.પી. અને ડાયાબિટીસની પ્રાથમિક સારવાર અને દવાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે તેનો લાભ લેવા જણાવ્યું હતું. મહામંડળના પ્રમુખ શ્રી પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતીએ નાદુરસ્ત તબિયત છતાં પણ કેમ્પની મુલાકાત લઈ મહિલા સેલને, કેમ્પની ઉપયોગીતા અને સફળતા માટે અભિનંદન પાઠવ્યા હતા અને આવા સ્વાસ્થ્ય કેમ્પો ભવિષ્યમાં પણ થતા રહે તો બધી જ સગવડ પૂરી કરવાની બાંહેધરી આપી હતી.

જી.કે. જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન શ્રી જીજ્ઞાબેન ઉપાધ્યાય, ડૉ. સૂરજ ફુરિયા, રિધ્ધિબેન વિપુલભાઈ દેવમુરારી, ડૉ. ધ્વનિ મહેતા અને અન્ય સ્ટાફ ગણની અમૂલ્ય સેવાથી સમગ્ર કાર્યક્રમ સફળતાથી પાર પાડવામાં આવ્યો હતો.

મહામંડળ મહિલા સેલ તરફથી ડોક્ટર્સ અને સ્ટાફગણને સન્માનવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમના પાયામાં મહેશભાઈ કંસારાનો વિશેષ સહયોગ સાંપડ્યો હતો. મહિલા સેલના સભ્ય પ્રવીણાબેન બુધ્ધભટ્ટી, મીતાબેન સોલંકી, રોહિણીબેન બુધ્ધભટ્ટી, કીમબેન છત્રાળા, નીલાબેન પોમલ, ઈંદીરાબેન સોલંકી, દીપ્તિબેન ગુજરાતી, હેતલબેન સોની, પશ્ચિમ કચ્છ મહિલા મંડળના સભ્યો, અંજાર મહિલા મંડળના પ્રમુખ પીંકી બેન અને સભ્યો જયેષ્ઠાબેન, જયશ્રીબેન, સંગીતાબેન વગેરેએ ખૂબ જ



જહેમત ઉઠાવી આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ મહિલાસેલના કન્વીનર લતાબેન ઇંદુલાલ સોલંકીએ સર્વેનો આભાર માન્યો હતો.

### શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ મહિલા સેલ આયોજીત તૃતીય કલા ગુર્જરી મેળો તથા સ્ત્રી સ્વાસ્થ્ય જાળવણી સેમિનારના દાતાશ્રીઓની યાદી

**(રવિવાર, તા. ૧૦-૧૨-૨૦૧૭)**

| | | |
|---|---|---|
| પ્રભુદાસભાઈ ખેતશીભાઈ ગુજરાતી | ભુજ | ૧૦,૦૦૦/- |
| વેલુબેન ઝવેરીલાલ ગુજરાતી | ભુજ | ૫,૧૦૦/- |
| સાકેતભાઈ દયારામભાઈ પરમાર | રાયપુર | ૫,૦૦૧/- |
| પ્રકાશભાઈ ભગતભાઈ બારમેડા | રાયપુર | ૫,૦૦૦/- |
| જયેશભાઈ બાબુલાલ પોલમ | રાયપુર | ૫,૦૦૦/- |
| પ્રફુલભાઈ મગનલાલ બારમેડા | રાયપુર | ૫,૦૦૦/- |
| હરીલાલભાઈ લખમશી વિશાપરમાર | અંજાર | ૫,૦૦૦/- |
| સ્વ. ઝવેરબેન નાનાલાલ બુધ્ધભટ્ટી (હ. યોગેશકુમાર નાનાલાલ બુધ્ધભટ્ટી) | રાયપુર | ૫,૦૦૦/- |
| નિકુલભાઈ મહેન્દ્રભાઈ કોટડિયા | આદિપુર | ૨,૫૦૦/- |
| રમેશચંદ્ર રાઘવજી લાયચા | નખત્રાણા | ૨,૦૦૦/- |
| ભૂપેન્દ્રભાઈ જેઠાલાલ સોલંકી | ભુજ | ૧,૧૦૦/- |

### પ્રાર્થના

*હા, પ્રાર્થનાની અદ્‌ભુત અસર હોય છે. જો તમે નિષ્ઠાવાન હો તો તે કંઈ પણ કરી શકે છે. તેને તરત જ સાંભળવામાં આવે છે અને તેનો પ્રતિસાદ પણ આપવામાં આવે છે. રોજિંદા સંઘર્ષમય જીવનમાં પ્રાર્થના કરતા રહો અને તેની ઉચ્ચ અસરકારકતાનો અનુભવ કરો. તમને જેમ યોગ્ય લાગે તે રીતે પ્રાર્થના કરો. જેટલા બની શકાય તેટલા બાળક જેવા સરળ બનો. કોઈ પણ જાતની લુચ્ચાઈ કે કુટિલતાનો ત્યાગ કરો. તો તમે સર્વ કાંઈ મેળવી શકશો.*

# અંજાર મહિલા મંડળ

અંજના એન. પોમલ

## અંજાર મહિલા મંડળ આયોજિત નવરાત્રિ મહોત્સવ-૨૦૧૭

આસો સુદ એકમથી દશેરા દરમ્યાન મહિલા મંડળ દ્વારા સાંજના જ્ઞાતિની સમાજવાડી મધ્યે રાસ-ગરબાનું આયોજન રાખવામાં આવ્યું હતું.



સમાજવાડીના ઉદ્‌ઘાટન પ્રસંગ બાદ પ્રથમ કાર્યક્રમ નવરાત્રિના રાસ ગરબાનો રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ દિવસે આનંદનો ગરબો રાખવામાં આવ્યો હતો. આનંદના ગરા માટે માધાપરથી અંબા મંડળની બહેનો આવેલ હતી. અંબા મંડળની બહેનો ગાય માતાને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવામાં આવે અને ગાય માતાની રક્ષા માટે કાયદો બનાવવામાં આવે, કતલખાને ના મોકલાય તેના માટે તેઓ કચ્છ ગુજરાતમાં દરેક જગ્યાએ આનંદનો ગરબો કરવા જાય છે અને ગાય માટે યજ્ઞ કરતા રહે છે. અન્ય બહેનોને પણ ગાયની સેવા કરવાની શીખ આપે છે.

નવરાત્રિ દરમ્યાન મહામંડળના મહિલા સેલના ચેરપર્સન લતાબેન સોલંકી અને માલતીબેન ગુજરાતી બ્રેસ્ટ કેન્સર તથા સર્વાઇકલ કેન્સરના જનજાગૃતિ અભિયાન અર્થે આવેલ હતા. ડૉ. અબીદાબેન અંજારિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ બ્રેસ્ટ કેન્સર તથા સર્વાઇકલ કેન્સર વિશેની માહિતી તથા રોગના શરૂઆતી લક્ષણો વિશેની માહિતી આપી હતી અને આ રોગમાં શરૂઆતના તબક્કામાં સારવાર મળી રહે, તો આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થઈ શકે છે તેમ જણાવેલ. લતાબેન સોલંકીએ વિશેષમાં જણાવેલ કે ભુજમાં સમૂહલગ્નના દિવસે નિષ્ણાત ડૉક્ટર ઉપસ્થિત રહેશે. દરેક બહેનોને ચેક-અપ કરવા જણાવેલ.

નવરાત્રિ દરમ્યાન રવિવારના દિવસે દર વર્ષ મુજબ આ વર્ષે પણ ૬૪ જોગમી (કુમારીકાઓ માટે) પ્રસાદીનું આયોજન રાખવામાં આવેલ. જેમાં જ્ઞાતિની કુમારીકાઓ, ગોરબાપા તથા બાવાજીના પરિવાર, કારોબારી યુવક મંડળ તથા મહિલા મંડળના સભ્યો માટે સમૂહ ભોજનનું આયોજન રાખવામાં આવ્યું હતું.

નવરાત્રિના ૧૦ દિવસ પ્રતિદિન ડ્રેસકોડ તથા કલરકોડ રાખવામાં આવ્યા હતા. પ્રતિદિન વેલડ્રેસ તથા વેલ પ્લેયર સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં બહેનોના રોજના બે ઇનામો સ્મિતાબેન વીસાપરમાર તરફથી તથા બાળકોના ૩ ઇનામો સાવંત્રીબેન બારમેડા તરફથી હતા. તે ઉપરાંત અન્ય સ્પર્ધાઓ પણ હતી. જેમાં જ્ઞાતિની બહેનો તરફથી ઇનામો હતા. અન્ય સ્પર્ધાઓમાં બેસ્ટ જોડી (મોમ એન્ડ મી), સાસુ-વહુની જોડી, બેસ્ટ મેક-અપ, બેસ્ટ ગ્રુપ, બેસ્ટ સેલ્ફી તથા ગરબા ડેકોરેશનની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. તેમજ દશેરાના મેગા ફાઇનલ હતી. મેગા ફાઇનલ રાઉન્ડમાં જજ તરીકે વૈશાલીબેન કતીરાએ સેવા આપી હતી. દરેક સ્પર્ધાઓમાં બહેનોએ ખૂબ જ મહેનત કરી હતી. જેમાં ગરબા ડેકોરેશન, બેસ્ટ ગ્રુપ તથા બેસ્ટ સેલ્ફીની સ્પર્ધા આકર્ષક રહી હતી. ગરબા ડેકોરેશન સ્પર્ધામાં દરેક સ્પર્ધકે ખૂબ જ કલાત્મક રીતે ગરબો ડેકોરેટ કર્યો હતો. જ્યારે બેસ્ટ ગ્રુપ સ્પર્ધામાં એક જ ટ્યુન પર સ્પર્ધક ગ્રુપે પોતાની આગવી કલા પ્રદર્શિત કરી હતી. ઉપસ્થિત બહેનોએ આ કલાને પોતાના મોબાઇલમાં ક્લીક કરી હતી. તેવી જ રીતે બેસ્ટ સેલ્ફી સ્પર્ધાએ પણ તેવું જ આકર્ષણ બનાવ્યું હતું. જેમાં સ્પર્ધામાં ભાગ લેનારે પોતાની બેસ્ટ ફ્રેન્ડ સાથે મોબાઇલમાં સેલ્ફી લઈ પ્રિન્ટ કરાવી અને સાથે ફ્રેન્ડની વિશેષતા લખીને આપવાની હતી. જેમાં દરેક સ્પર્ધકે પોતાની ફોટોગ્રાફીની ઉમદા કલા અને ફ્રેન્ડની વિશેષતા લખી, રજૂ કરી હતી તે ખૂબ જ પ્રસંશનીય હતી. જેમાં સ્પર્ધક બહેનોએ પોતાની ફ્રેન્ડ તરીકે પોતાના પારિવારિક સભ્યો, પતિદેવ તથા જ્ઞાતિની બહેનોને ફ્રેન્ડ (સખી) સ્થાન આપ્યું હતું. જે આપણી સામાજિક એકતા યથાવત છે, તે પુરવાર થાય છે. જેમાં પ્રવીણાબેન બારમેડાએ પોતાની સખી સમાન તેમની જેઠાણી તથા તેમના પરિવાર વિશે બે શબ્દો કહેલા. તે સાંભળી ઉપસ્થિત બહેનો ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી.

નવરાત્રિ દરમ્યાન પ્રિયા મૈચાના ગ્રુપે ગરબો રજૂ કર્યો હતો તે પણ ખૂબ જ સરસ હતો. જેમાં પ્રિયા મૈચા, ભક્તિબેન હેડાઉ, દિપાલીબેન બારમેડા, મયુરીબેન મૈચા, અમીબેન પોમલ, પ્રિયલ ગુજરાતી, એકતા બુધ્ધભટ્ટી તથા કોમલ કોટડિયા હતા.

શરદ પૂર્ણિમાના રાતના રાસ-ગરબાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી મારૂ કંસારા સોની સમાજ - નખત્રાણા

## માતાજીનો પાટોત્સવ યોજાયો





શ્રી મારૂ કંસારા સોની સમાજ - નખત્રાણા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પોષ સુદ ચૌદસ એટલે કે મા કાલીકાનો પાટોત્સવ તા. ૧-૧-૨૦૧૮ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. એ દિવસે સમાજના સૌ આગેવાનોએ પોતાના ધંધા - રોજગાર બંધ રાખી માતાજીના પાટોત્સવમાં ભાગ લીધો હતો.

આ પાટોત્સવ દરમ્યાન સવારે ૧૦ વાગે રવાડી કાઢવામાં આવી હતી. બેન્ડ પાર્ટી સાથેની રવાડીમાં સર્વે જ્ઞાતિજનો ઉત્સાહપૂર્વક જોડાયા. રવાડીમાં અન્ય સમાજો – લોહાણા, ગઢવી, લુહાર, ગુંસાઇ, ક્ષત્રિય – સર્વે સમાજોના અગ્રણીઓએ જોડાઈ રવાડીની ગરિમા વધારી હતી.

ગોર શ્રી દેવેન્દ્ર મહારાજ દ્વારા બપોરે માતાજીની મહાઆરતી કરવામાં આવી. માતાજીના નૈવેદ્ય સાથે સૌ જ્ઞાતિજનો દ્વારા સમૂહ પ્રસાદ ગ્રહણ કરવામાં આવ્યું હતું.

બપોરના ભોજન બાદ સમાજની જનરલ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. મિટીંગ પૂરી થયા પછી શ્રી અખિલ ભારતીય મહામંડળના નવા વરાયેલા પ્રમુખ અને નખત્રાણા સમાજના પ્રમુખ એવા શ્રી ભરતભાઈ બેચરલાલ બગ્ગાના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

મંચસ્થ અગ્રણીઓ લખમશીભાઈ, હીરાલાલભાઈ, હિંમતભાઈ, ભોગીભાઈ, રવજીભાઈ, ગંગારામભાઈ, દિનેશભાઈ વગેરે દ્વારા ભરતભાઈ બી. બગ્ગાને શાલ - પાઘડી - તલવારથી નવાજવામાં આવ્યા.

સાંજના સમયે મહિલા મંડળ દ્વારા ૧ મિનિટનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. તેમાં મહિલા મંડળના નાનાથી મોટા સૌએ ભાગ લીધો હતો. તેમાં ૧થી ૧૦ વર્ષની વયના જેટલા બાળકોએ ભાગ લીધો હતો તેમને શારદાબેન લક્ષ્મીદાસ ગુજરાતી તરફથી પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. અને પછી ૧ મિનિટના પાંચ રાઉન્ડ હતા. તેના વિજેતાઓને મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન બગ્ગા તરફથી પ્રોત્સાહન ઈનામો આપવામાં આવ્યા હતા અને સમાજની તમામ કુમારિકાઓને પણ પ્રોત્સાહિત રકમ આપી સન્માનિત કરવામાં આવી હતી.

અંતમાં રાત્રે ભોજન લઈ સૌ છૂટા પડ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના ભાવેશ બગ્ગા, ઘનશ્યામ પરમાર, જીજ્ઞેશ સાકરીયા, નીલેશ કટ્ટા, મહિલા મંડળના જયશ્રીબેન, ભાવનાબેન તેમજ તુલસીભાઈ, રાજન સોની, જયેશ કટ્ટા, ધીરજ બારમેડા, મહેશભાઈ, મેબ્રીન બગ્ગા, ગોવિંદભાઈ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી. સંચાલન કિશોરભાઈ કોટડિયા, વરૂણ સોની દ્વારા કરવામાં આવ્યું.

## નેત્રા : પાટોત્સવની ઉજવણી

પોષ સુદ ચૌદસના કાલીકા માતાજીનો પાટોત્સવ નેત્રા મુકામે મારૂ કંસારા સોની જ્ઞાતિ નેત્રા (ઘટક)માં આવતા ગામો દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવેલ. જેમાં સર્વે ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સૌપ્રથમ સવારના માતાજીની આરતી - પૂજન કરી, સૌએ સાથે મળી પ્રસાદીનો લાભ લીધેલ. જેમાં સમાજના વડીલ શ્રી મંગલભાઈ પરમાર (નેત્રા), ધારશીભાઈ પરમાર (રસલીયા), ગોવિંદભાઈ પરમાર (રસલીયા), મોહનભાઈ પરમાર (નેત્રા), વાલજીભાઈ કટ્ટા

(નેત્રા), કેશવજીભાઈ પરમાર (નેત્રા), હીરાલાલભાઈ (રસલીયા), દિનેશભાઈ બારમેડા (નેત્રા), રામજીભાઈ કટ્ટા (નેત્રા), અમૃતભાઈ પરમાર (ખોંભડી), કાંતિલાલભાઈ બારમેડા (નેત્રા), વડીલ શ્રીના આશિર્વાદ લઈ આ કાર્યક્રમની શરૂઆત કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ શ્રી નારાણભાઈ મોહનલાલ સોની (ખોંભડી), ઉપપ્રમુખ શ્રી ધીરજલાલ પરસોત્તમભાઈ કટ્ટા (નેત્રા), ઉપપ્રમુખ શ્રી મહેશ નાથાલાલ કટ્ટા (રસલીયા), મહામંત્રી કીર્તિભાઈ પ્રાગજીભાઈ પરમાર (નેત્રા), મંત્રી દિનેશભાઈ લાલજીભાઈ બારમેડા (નેત્રા), મંત્રી આનંદ ગોવિંદભાઈ પરમાર (રસલીયા), ખજાનચી પ્રવીણભાઈ ગોવિંદભાઈ પરમાર (ખોંભડી), સહ ખજાનચી : મુકેશભાઈ રામજી કટ્ટા (નેત્રા), નરેન્દ્રભાઈ, કુલદીપભાઈ, તેજસભાઈ, સાગરભાઈ, ત્રિભુવનભાઈ, વિપુલભાઈ, સચીનભાઈ, હીરેનભાઈ, નીતિનભાઈ, રમેશભાઈ, નકુલભાઈ, સાગરભાઈ, અમિતભાઈ, રમેશભાઈ, સંજયભાઈ, પરેશભાઈ, દિનેશભાઈ, જયભાઈ, મેહુલભાઈ, વિમલભાઈ, હર્ષિલભાઈ, દિવ્યમભાઈ, સાગરભાઈ વગેરે મોટી સંખ્યામાં ભાઈઓ અને બહેનો હાજર રહ્યા હતા.

આવતા વર્ષે પણ આ રીતે ધામધૂમથી પાટોત્સવ ઉજવાય એવી માં પાસે પ્રાર્થના કરી હતી અને આવતા વર્ષના પ્રસાદના દાતા તરીકે દિનેશભાઈ લાલજીભાઈ બારમેડા (નેત્રા)એ લાભ લેવાની ઘોષણા કરી હતી.

## સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ

**ધર્મેન્દ્ર બી. સોલંકી**

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળની જનરલ સભા (સ્નેહ મિલન)નું આયોજન રવિવાર, તા. ૧૯-૧૧-૨૦૧૭ના રોજ અંબાજી મંદિર, ખેડબ્રહ્મા મુકામે રાખવામાં આવેલ. એજન્ડા મુજબ દીપ પ્રાગટ્ય કર્યા બાદ હાલની કારોબારીની ટર્મ પૂરી થતાં નવી કારોબારીની નિયુક્તિ કરવામાં આવી. જેના હોદ્દેદારો નીચે મુજબ છે.


| | | |
|---|---|---|
| ***પ્રમુખશ્રી*** | નરેશભાઈ દામજીભાઈ સોલંકી | ખેડબ્રહ્મા |
| ***ઉપપ્રમુખ*** | રાજેશભાઈ કાંતિલાલ બારમેડા | બાયડ |
| ***ખજાનચી*** | રશ્મિનભાઈ જેઠાલાલ બારમેડા | તલોદ |
| ***મંત્રી*** | ધર્મેન્દ્રભાઈ ભાઈલાલભાઈ સોલંકી | તલોદ |
| *કારોબારી સભ્યો* | અતુલભાઈ પ્રેમજીભાઈ સોલંકી | વડાલી |
| | દિનેશભાઈ જેઠાલાલભાઈ બારમેડા | તલોદ |
| | નરેન્દ્રભાઈ મગનલાલ સોની | ગાંધીનગર |
| | પ્રતીક હસમુખભાઈ સાકરિયા | ખેડબ્રહ્મા |
| | સુરેશભાઈ મોહનભાઈ પોમલ | નરોડા |
| | નીતિનકુમાર રજનીકાંત સોલંકી | ખેડબ્રહ્મા |
| | મિતેશ શંભુભાઈ સોની | દહેગામ |

સભામાં હાજર રહેલા જ્ઞાતિજનોએ નવી કારોબારી (ટીમને) રાજીખુશીથી વધાવી શુભેચ્છા પાઠવી હતી.

જ્ઞાતિના વિદ્યાર્થીઓને ટકાવારી પ્રમાણે ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા. હાજર રહેલ બહેનોને ૧૦ ડ્રો કરી જ્ઞાતિ તરફથી ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા.

બપોરના જ્ઞાતિજનોએ સમૂહ પ્રસાદનો સ્વાદ માણ્યો પછી સમૂહમાં જ્ઞાતિ ભાઈઓએ રાસ ગરબાનો આનંદ માણ્યો.

વર્ષ ૨૦૧૮ની જનરલ સભા (સ્નેહ મિલન)ના ભોજન ખર્ચના દાતા સ્વ. સોની જેઠાલાલ જીવરામભાઈના પરિવાર તરફથી જાહેર કરવામાં આવ્યો. અંતમાં ચા-કોફીની મજા માણી સૌ રાજીખુશીથી છુટા પડ્યા.



**નરેશભાઈ દામજીભાઈ સોલંકી**
**પ્રમુખશ્રી**



**રાજેશભાઈ કાંતિલાલ બારમેડા**
**ઉપપ્રમુખ**



**ધર્મેન્દ્રભાઈ ભાઈલાલભાઈ સોલંકી**
**મંત્રી**



**રશ્મિનભાઈ જેઠાલાલ બારમેડા**
**ખજાનચી**

# શ્રી પશ્ચિમ કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ


દક્ષાબેન બુધ્ધભટ્ટી
પ્રમુખ


લતાબેન ગુજરાતી
ઉપપ્રમુખ


હેમલતાબેન બારમેડા
ઉપપ્રમુખ


જીજ્ઞાબેન સાકરિયા
ઉપપ્રમુખ


શાંતાબેન બુધ્ધભટ્ટી
ઉપપ્રમુખ


રાધિકાબેન કટ્ટા
ઉપપ્રમુખ


નિર્મળાબેન સોલંકી
ઉપપ્રમુખ


હેતલબેન પોમલ
મહામંત્રી

**શ્રી પશ્ચિમ કચ્છ**
**મારૂ કંસારા સોની જ્ઞાતિ**
**મહિલા મંડળના**
**હોદ્દેદારો**


અવનીબેન કંસારા
સહમંત્રી


રાધિકાબેન લાયચા
સહમંત્રી


ભામિનીબેન બારમેડા
સહમંત્રી


દીપાબેન કટ્ટા
સહમંત્રી


મીનાબેન કટ્ટા
સહમંત્રી


જયાબેન બારમેડા
સહમંત્રી


રસીલાબેન બુધ્ધભટ્ટી
ખજાનચી


નેહાબેન લાયચા
સહ ખજાનચી

## સંગઠન સમિતિ

| | |
|---|---|
| રીનાબેન બ્રેગીનભાઈ બગ્ગા | નખત્રાણા |
| દીક્ષીતા જીજ્ઞેશભાઈ કટ્ટા | નખત્રાણા |
| નીલમબેન વિનોદભાઈ કટ્ટા | રવાપર |
| ચાંદની મલયભાઈ કટ્ટા | નખત્રાણા |
| દિપાલીબેન દિનેશભાઈ બારમેડા | નેત્રા |
| હેતલબેન વિશાલભાઈ બારમેડા | વિથોણ |
| કિરણબેન કિશોરભાઈ સોલંકી | વિરાણી |
| સોનલબેન આનંદભાઈ બુધ્ધભટ્ટી | નખત્રાણા |

## કારોબારી સભ્યો

| | |
|---|---|
| કોકીલાબેન પ્રકાશભાઈ કટ્ટા | નખત્રાણા |
| ભાવનાબેન અનિલભાઈ કટ્ટા | નખત્રાણા |
| અનિતાબેન દીપકભાઈ કટ્ટા | નખત્રાણા |
| કલ્પનાબેન જયેશભાઈ કટ્ટા | નખત્રાણા |
| પ્રજ્ઞાબેન પ્રફુલભાઈ કંસારા | નખત્રાણા |
| લીલાબેન રસીકભાઈ પોમલ | નખત્રાણા |
| ડિંપલબેન અરવિંદભાઈ સાકરીયા | નખત્રાણા |
| શોભનાબેન કિશોરભાઈ કોટડિયા | નખત્રાણા |
| શીલાબેન જયેશભાઈ પરમાર | નલિયા |
| જયશ્રીબેન અતુલભાઈ ગુજરાતી | નલિયા |
| હર્ષાબેન દીપકભાઈ બારમેડા | નલિયા |
| કુસુમબેન જેન્તીલાલ સોલંકી | વિરાણી |
| ત્રિવેણીબેન મુકેશભાઈ બુધ્ધભટ્ટી | વિરાણી |
| અલ્પાબેન વિજયભાઈ કટ્ટા | ઘડુલી |
| કલ્પનાબેન મહેન્દ્રભાઈ કોટડિયા | વર્માનગર |
| તારાબેન હિંમતભાઈ બારમેડા | વિથોણ |
| મીનાબેન મહેન્દ્રભાઈ કટ્ટા | વિથોણ |
| દીપીકાબેન કિશોરભાઈ કટ્ટા | નેત્રા |
| ખુશ્બુબેન કાંતિભાઈ બારમેડા | નેત્રા |
| નેહાબેન રવજીભાઈ બારમેડા | રવાપર |
| વિધિબેન વિશાલભાઈ કટ્ટા | રવાપર |
| નિશાબેન તરૂણભાઈ બુધ્ધબટ્ટી | નખત્રાણા |
| ભાનુબેન ધીરજલાલ બારમેડા | નખત્રાણા |
| મીતાબેન રાજેશભાઈ હેડાઉ | નખત્રાણા |
| રેખાબેન અનિલભાઈ બારમેડા | દયાપર |

## સમસ્ત બારમેડા પરિવાર

**ચેતનભાઈ આર. બારમેડા**

# ભુજમાં ખેતરપાળ દાદાના પાટોત્સવ નિમિત્તે સમસ્ત બારમેડા પરિવાર આયોજિત તૃતીય સરસ્વતી સન્માન સમારોહ



ભુજમાં ખેતરપાળ દાદાના પાટોત્સવ નિમિત્તે સમસ્ત બારમેડા પરિવાર આયોજિત તૃતીય સરસ્વતી સન્માન કાર્યક્રમ રંગેચંગે સંપન્ન થયો અને સમગ્ર ભારતમાંથી આવેલા બારમેડાના ૧૦૬ તેજસ્વી સંતાનોને તેમની ઉજ્જવળ કારકિર્દી માટે ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એવો સૂર વ્યક્ત થયો હતો કે, સમગ્ર બારમેડા પરિવાર દ્વારા કરાતા આ આયોજનની ફળશ્રુતિ એ રહી છે કે બારમેડાનો શિક્ષણનો ગ્રાફ નિરંતર ઊંચે જઈ રહ્યો છે.

ખેતરપાળ દાદાના પવિત્ર સ્થાનકે સવારે ગોર મહારાજ મૈત્રેય વ્યાસ (મધુસુદન) ના મંત્રોચ્ચાર સાથે હવનના શ્રી ગણેશ થયા અને વરૂણદેવના સાનિધ્યમાં આ કાર્ય પૂરા આનંદોત્સવ અને ધાર્મિક વાતાવરણમાં સંપન્ન થયા. તે પ્રસંગે મુંબઈ, રાયપુર, અમદાવાદ, તલોદ, ડેમઈ સહિત સમગ્ર કચ્છમાંથી બારમેડા ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

પાટોત્સવ નિમિત્તે હોમહવન બાદ ભુજના નવનિર્મિત ટાઉન હોલમાં સરસ્વતી સન્માન કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમનું દીપ પ્રગટાવી પ્રારંભ કરાવતા ગોરબાપા મૈત્રેયાજીએ કહ્યું કે, સરસ્વતી સન્માન એ સામાજિક નવરચનાની દિશામાં મહત્ત્વનું કદમ છે. ભુજ જ્ઞાતિના પ્રમુખશ્રી જગદીશભાઈ ચૌહાણે સમાજના સમૂહલગ્નોત્સવ અને સરસ્વતી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે મહામંડળના મહામંત્રીશ્રી પ્રેમજીભાઈ સોલંકીએ આવા કાર્યક્રમોથી પરિવાર ભાવના સુદૃઢ થાય છે તેમ જણાવ્યું હતું. શ્રી પ્રેમજીભાઈએ મહામંડળના મહાસંમેલન અંગે તમામ બારમેડા ભાઈઓને વાકેફ કર્યા હતા.

કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ચંદ્રકાંતભાઈ ઓધવજી બારમેડા રહ્યા હતા. બારમેડા ભાઈઓના મોભી સમાન શાંતિલાલ સોની, નરોત્તમભાઈ બારમેડા, વાડીલાલભાઈ, બારમેડા (ધનસુરા), અંજારના પ્રકાશભાઈ બારમેડા, દીપેશભાઈ બારમેડા, રતિલાલભાઈ બારમેડા, જશોદાબેન ઈશ્વરલાલ બારમેડા અને માધાપરના જયાબેન જગદીશભાઈ બારમેડા વગેરે મંચસ્થ રહ્યા હતા. ઉપસ્થિત તમામ મંચસ્થ મહેમાનો દ્વારા તમામ તારલાઓને ઈનામ અને પ્રમાણપત્ર આપી તેમની ચમકને ઔર તેજસ્વી બનાવવામાં આવી હતી.

પ્રારંભમાં બારમેડા સમાજની જ નહીં પરંતુ સમગ્ર જ્ઞાતિ માટે ગૌરવ કહી શકાય તેવી રીયા અને આરના ધીરજભાઈ બારમેડાએ ગણેશ સ્તુતિ પ્રસ્તુત કરી ઉપસ્થિત બારમેડા ભાઈઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે સમસ્ત બારમેડા ભાઈઓના કાર્યક્રમના આયોજન માટે જેમણે દાનની સરવાણી વહેતી મૂકી હતી તેવા સ્વ. ઓધવજી રતનશી પરમાર પરિવાર, પ્રાણજીવન ઓધવજી બારમેડા, મુકેશ લખમશીભાઈ બારમેડા, સ્વ. અમૃતબેન કાંતિલાલ બારમેડા, સ્વ. જેઠાલાલ જીવરામભાઈ બારમેડા, કિરીટભાઈ વીરજીભાઈ બારમેડા, જમનાદાસ લીલાધર બારમેડા, નવીનચંદ્ર ગોપાલજી બારમેડા, સ્વ. મુક્તાબેન જમાનાદાસ પરિવાર, સ્વ. માણેકબેન વેલજી બારમેડા પરિવાર તેમજ મનોજભાઈ નવીનચંદ્ર બારમેડા પરિવાર, હીરેન ઈશ્વરભાઈ બારમેડા, પિયુષભાઈ વસંતભાઈ બારમેડાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

સમસ્ત બારમેડા પરિવારનો વાર્ષિક અહેવાલ તેમજ સરસ્વતી સન્માન કાર્યક્રમ અંગેની વિસ્તૃત માહિતી બારમેડા પરિવારના મનોજભાઈ બારમેડાએ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું

સંચાલન ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડાના નેતૃત્વમાં મનોજભાઈ બારમેડા, ધર્મેન્દ્ર બારમેડા, સત્યમભાઈ બારમેડાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા રાજેશ ઈશ્વરલાલ બારમેડા, નરેન્દ્રભાઈ બારમેડા, નીલેશ જે. બારમેડા, રવિ બારમેડા, ગિરીશભાઈ બારમેડા, જય લાલજીભાઈ બારમેડા, પારસ જગદીશ બારમેડા, હીરેનભાઈ બારમેડા, ધીરજભાઈ બારમેડા, પ્રકાશભાઈ બારમેડા, રાકેશ નવીનચંદ્ર બારમેડા, કિરીટભાઈ બારમેડા, મહેન્દ્રભાઈ બારમેડા, રમેશભાઈ બારમેડા, ભૌતિક બારમેડાએ મહેમાનોનું સ્વાગત અને વિદ્યાર્થીઓને ઈનામ અર્પણ કર્યું હતું અને કાર્યક્રમને સફળ બનાવવા જહેમત લીધી હતી.

ખેતરપાળદાદાના મંદિરે ભાદરવા સુદ બીજ નિમિત્તે શ્રી પ્રશાંતભાઈ ઈશ્વરલાલ બારમેડા, સચીનભાઈ બારમેડા, કિશોરભાઈ બારમેડા અને ઈશ્વરલાલભાઈ બારમેડા હવનના યજમાન પદે હતા.

કાર્યક્રમના અંતિમ ચરણમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૨ ગ્રુપોએ તેમની વિશિષ્ટ કૃતિ રજૂ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, સમસ્ત બારમેડા પરિવાર કોઈપણ હોદ્દા કે અકરામ વિના માત્ર પરિવારની ભાવનાથી દાદાનો પાટોત્સવ અને કાર્યક્રમ યોજે છે. જેમાં સૌ સમાન છે. હોદ્દા વિના શિસ્તબદ્ધ સંપન્ન થયેલું કાર્ય જોઈ ઉપસ્થિત બારમેડા ભાઈઓએ આ ભાવનાને અંતઃકરણપૂર્વક બિરદાવી હતી. એટલું જ નહીં આગામી ભાદરવા સુદ-બીજ નિમિતે યોજાનાર કાર્યક્રમ માટે અત્યારથી જ દાનની ગંગા વહેવા લાગી હતી. આ વર્ષે ૧૭૪ માર્કશીટ આવી હતી. જે પૈકી ૧૦૬ સરસ્વતી ઉપાસકોને ઈનામ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

## નલીયા (કચ્છ)



*નલીયા મુકામે નલીયા સમાજના પ્રમુખ શ્રી હરેશભાઈ બારમેડાના હસ્તે પશ્ચિમ કચ્છ સમાજના પ્રમુખ શ્રી ધનજીભાઈ સોનીનું બહુમાન કરવામાં આવેલ.*

## દયાપર સોની સમાજ દ્વારા મહાકાલીકા માતાજીનો પાટોત્સવ



લખપત તાલુકાના મુખ્ય મથક દયાપર ખાતે મારૂ કંસારા સોની સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પોષ સુદ ચૌદસના દિવસે મહાકાલીકા માતાજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. સવારે મહાકાલીકા માતાજીની ગામની મુખ્ય બજારમાંથી રવાડી કાઢવામાં આવી હતી. પાટોત્સવના મુખ્ય દાતા સનવરીલાલ મનસુખભાઈ સોની પરિવાર રહ્યો હતો. માતાજીની આરતી ઉતારવામાં આવી હતી.

આ પ્રસંગે દયાપર સોની સમાજના પ્રમુખ અનિલભાઈ સોની, ધનસુખભાઈ સોની, સોની શામજી ભાણજી, લાલજી હીરજી સોની, મોરારજીભાઈ સોની, મોહનભાઈ સોની, શંકરલાલ કલ્યાણજી સોની, રાજેશભાઈ સોની, ઘનશ્યામભાઈ સોની, પ્રશાંતભાઈ સોની, નીલેશભાઈ સોની, સચીનભાઈ સોની, જીતેન્દ્રભાઈ સોની, પ્રફુલભાઈ સોની, ઈશ્વરભાઈ સોની, હિંમતભાઈ સોની, મહેન્દ્રભાઈ સોની, સાકરબેન સોની, વેલુબેન સોની, મધુબેન સોની, જયશ્રીબેન સોની, કોકિલાબેન સોની, મીનાબેન સોની, હેમલતાબેન સોની, રેખાબેન સોની, નેહાબેન સોની, બીનલબેન સોની, જાગૃતિબેન સોની, હેમલબેન સોની ઉપસ્થિત રહ્યા હતા.

# આપણાં પરિવારો – (૧૬)

**પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ**




## આપણો સમાજ

ગુજરાતમાં આપણો સમાજ સાત ગોળ - ઘટકોમાં વહેંચાયેલ છે. ૪૫,૬૭૪ વર્ગ કિ.મી.માં પથરાયેલ અને ભૌગોલિક રીતે અનેક વિવિધતા ધરાવતા, ગુજરાત અને ભારતના સૌથી મોટા જીલ્લા કચ્છમાં તો આપણે જાણીએ છીએ (જ્ઞાતિસેતુ - વિરાસત વિશેષાંક, ઓક્ટો.-નવે. ૨૦૧૫) તે રીતે માત્ર મારૂ કંસારાનો વસવાટ છે અને તેઓ કંસારા - સોની તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં મારૂ કંસારા સિવાયના કંસારાઓ ગોહિલવાડી ને ઝાલાવાડી કંસારા કહેવાય છે અને તે બંનેમાં વિવિધ અટકો છે જેવી કે શેઠ, ગોરડિયા, કલસરીયા, ભુસા, ખાખી, કાગળા, ધોળકિયા, ઇત્યાદિ. અમદાવાદી કંસારા મુખ્યત્વે અમદાવાદને તેની આસપાસના પ્રદેશમાં સ્થાયી થયેલ છે જેઓ ગુજરાતી કંસારા તરીકે પણ ઓળખાય છે. વિસનગરી કંસારાઓ નામ પ્રમાણે વીસનગર, વડનગર તેમજ ઉત્તર ગુજરાતમાં વસેલ છે અને શ્રીમાળી કંસારા કપડવંજ તરફ વસેલ છે. આ ચારેય સમાજો માત્ર કંસારા તરીકે જ ઓળખાય છે. તેમાં કોઈ અટક કે નુખ નથી અને તે રીતે તેઓ સમાજવાદને અનુસરે છે. વડોદરાથી આગળ દક્ષિણ ગુજરાતમાં વસતા કંસારાઓ સુરતી કંસારા તરીકે જાણીતા છે અને તેઓમાં કલાઇઘર, પંચીગર વગેરે અટકો છે.


*(આ માહિતી શ્રી હિંમતભાઈ કલસરીયા, જેઓ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની ઓફિસ સંભાળે છે અને પોતે ગોહિલવાડી કંસારા છે, તેમની પાસેથી મળેલ છે.)*

***પ્રતિભાવ : tkansara@gmail.com***

★

## સ્વ. શ્રી મથુરાદાસ રવજીભાઈ પોમલ : જીવન ઝરમર

કેટલાક આત્માઓ જીવન ધારણ કરીને એવી અમોઘ શક્તિના દર્શન કરાવે છે કે શતાબ્દીઓ સુધી એમનાં કાર્યો પ્રેરણાપુંજ પ્રગટાવતાં રહે છે અને એમના સુરોનો રણકાર ચારે તરફ ગુંજતો રહે છે. આપણી સમસ્ત જ્ઞાતિના કેટલાય હૃદયોમાં પ્રેરણા અને પ્રણય મંત્રથી જેમણે અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે, એવા સ્વ. શ્રી મથુરાદાસ રવજીભાઈ પોમલનો પરિચયપત્ર પ્રસિદ્ધ કરતાં કૃતજ્ઞભાવ વ્યક્ત થાય છે.



શ્રી મથુરાદાસભાઈનો જન્મ જામનગરમાં તા. ૨૦-૦૫-૧૯૧૫ ના રોજ થયેલો. તેમના પિતાશ્રીની મુંબઈના ઝવેરાત ક્ષેત્રમાં નામાંકિત વેપારીઓમાં ગણના થતી હતી. આવા પ્રભાવશાળી અને સાહસિક પિતાનું અવસાન અને તેથી ઉપસ્થિત થયેલી આર્થિક કટોકટીને કારણે અનહદ મુશ્કેલીઓનો સામનો કરવાની પરિસ્થિતિ પેદા થઈ. તેમ છતાં એજ સમયે દેશના સ્વાતંત્ર્યની ચળવળે એમને આકર્ષ્યા અને સંગ્રામમાં ઝુકાવી અનેક જેલયાતનાઓ ભોગવી. કુટુંબ નિભાવની સઘળી જવાબદારી તેમના શિરે હોઈ નડિયાદમાં એક નાની દુકાનથી મોટર પાર્ટ્સના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

પુરુષાર્થ, અપરિમેય શ્રદ્ધા અને વ્યવહારની પ્રામાણિકતાએ દિન-પ્રતિદિન સ્થિરતા પ્રાપ્ત થતી રહી અને મુંબઈમાં આવી આ ક્ષેત્રમાં પ્રવેશ પામ્યા. તેમનું સ્વચ્છ ચરિત્ર, નિખાલસ હૃદય અને બંધુત્વની ભાવનાએ આ ક્ષેત્રમાં એક ટોચના આદમીના સ્થાને પહોંચ્યા. જ્ઞાતિ સેવાના કાર્યોમાં એમણે જે પ્રકારનો રસ જગાવ્યો એનાથી તો સમસ્ત કંસારા જ્ઞાતિના જુદા-જુદા વિભાગોમાં એમણે એક અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું.

કુદરતની એક કારમી પરીક્ષાએ, અમેરિકામાં ઉચ્ચ ઇજનેરી શિક્ષણ પ્રાપ્ત કરી આવેલા એમના પુત્ર તિલકનું અચાનક અવસાન થતાં એક આકરો ઘા સહન કરવાની અગ્નિપરીક્ષાનો કારમો પ્રસંગ ઉપસ્થિત થયો. સ્થિરતા સાચવી તેમના દુઃખને હળવું કરવા સેવાના ક્ષેત્રની શ્રદ્ધા દૃઢ કરી. સાત્વિક જ્ઞાનના પ્રચારાર્થે સારા-સારા પુસ્તકોનું સમસ્ત કંસારા જ્ઞાતિના પ્રત્યેક ઘરે વિના મૂલ્યે વિતરણ કર્યું.

તેમના અથાક પરિશ્રમને કારણે જ્ઞાતિમાં કેળવણી ક્ષેત્રે ઘણી સંસ્થાઓ ઉદ્‌ભવી અને પ્રગતિકારક કારકિર્દી પ્રાપ્ત કરી શકી. તેમની સ્વચ્છ વિચારધારાએ અસંખ્ય જ્ઞાતિજનોને એમના પ્રત્યે આકર્ષ્યા અને તેમના નિવાસ સ્થાનેથી એક પ્રગતિકારક પરિબળોનો સ્રોત વહેતો હોય તેવો આભાસ અનુભવાતો. બિલીમોરા મુકામે યોજાયેલ શ્રી છ ગામ કંસારા મહામંડળ અધિવેશનનું અધ્યક્ષપદ, જામનગર મુકામે શ્રી કંસારા યુવક તરફથી થયેલું સન્માન, શ્રી મારૂ કંસારા કેળવણી ઉત્તેજક મંડળની સ્થાપના અને તેના વિકાસમાં તેમનો અનન્ય ફાળો છે. સમસ્ત કંસારા જ્ઞાતિમાં વિવિધ પ્રસંગોએ તેઓની હાજરીને વિશે, મહત્ત્વ અપાતું જોયું છે. ૧૯૫૦ થી ૧૯૬૦ ના દાયકામાં મુંબઈમાં વસતા કંસારા જ્ઞાતિના બધાજ વિભાગોને આવરી લેતી સંસ્થા "શ્રી કંસારા મંડળ - મુંબઈ" ની સ્થાપના અને "ઉન્નતિ" મુખપત્રનું પ્રકાશન તથા સંચાલન કર્યું.

કેળવણી ક્ષેત્રે વિદ્યાર્થી પ્રોત્સાહન માટે "પોમલ પારિતોષિક" નું વાર્ષિક વિતરણ અને જ્ઞાતિની પ્રતિભાશાળી વ્યક્તિઓનું જાહેર-સન્માન જેવી અનેકવિધ પ્રવૃત્તિના પ્રણેતા રહ્યા. તેમનો દેહાંત તા. ૦૭-૦૭-૧૯૮૩ના રોજ મુંબઈ ખાતે થતાં સમસ્ત જ્ઞાતિને સ્વપ્નદૃષ્ટા અને વિકાસશીલ વ્યક્તિત્વની ન પૂરી શકાય તેવી ખોટ પડી. તા. ૦૨-૦૨-૧૯૮૬ ના રોજ "મારૂ કંસારા સોશિયલ ગ્રુપ - મુંબઈ" ની સ્થાપના થઈ (જેનું કાર્યક્ષેત્ર આગળ જતાં સમગ્ર મહારાષ્ટ્ર બન્યું) અને તેજ સમયે એમની વિચારધારાઓને જીવંત રાખવા "શ્રી મથુરાદાસ પોમલ પુરસ્કાર" યોજનાનો પ્રારંભ કર્યો.

***સંકલન : કિશોરભાઈ પ્રભુદાસ બુધ્ધભટ્ટી - જામનગર***

## કશ્યપ ગોત્રના સોલંકી પરિવારો

આપણો વિરાસત અંક (ઇ.સ. ૨૦૧૫)માં (પેજ નં. ૯૬-૯૭) આ પરિવારોમાં સ્વ. શ્રી નરભેરામ રવજીના પરિવાર વિશે વાત કરી ગયેલ છીએ અને તે અગાઉ આઠમા મણકામાં પણ તેમનો ઉલ્લેખ કરેલ કે સોલંકી પરિવારોમાં નરભેરામ રવજી કુટુંબ બહોળી સંખ્યા સાથેનો એક નામાંકિત પરિવાર હતો અને ૧૯૪૭માં સોની અને કંસારાના ટ્રસ્ટોનું એકત્રીકરણ થયું ત્યારે પ્રથમ કારોબારીના તેઓ સહમંત્રી હતા. જ્યારે એકત્રીકરણ પહેલાં ૧૯૧૩માં સ્વ. હરખચંદ સોલંકીએ પ્રમુખ તરીકે વહીવટ કરેલ તેવું નોંધાયેલ છે. આજ સ્વ. શ્રી નરભેરામ રવજીના પરિવારમાં તેમના પુત્ર પ્રાણલાલભાઈના પુત્ર ચિંતનની પુત્રી આન્યા વિશે આપણે વાત કરવાની છે. કારણકે આ ૧૩ વરસની, આઠમા ધોરણમાં ભણતી આપણા સમાજની એ દીકરીએ આજે દુનિયાના બધા જ દેશોમાંથી ભારતની સૌથી નાની વયની સભ્ય તરીકે પસંદગી પામી અભ્યાસુ ટીન એજર તરીકે, એન્ટાર્ટિકના પ્રવાસે જઇ રહેલ ૮૦ સભ્યોની ટીમમાં તે સ્થાન પામેલ છે.

## યુવા પ્રતિભાઓમાં વૈશ્વિક ક્ષેત્રે ઝળકવા જઇ રહેલો એક ઉગતો સિતારો

### એન્ટાર્ટિકાના અભ્યાસ માટે જઇ રહેલ સૌથી નાની વયની ધોરણ-૮ની આન્યા સોની



હવામાન પરિવર્તન અંગે યુવા વર્ગમાં જાગૃતિ ઉત્પન્ન કરવા અમદાવાદ સ્થિત માત્ર ૧૩ વર્ષની વિદ્યાર્થિની આન્યા સોની જશે એન્ટાર્ટિકાની સફરે. તેણી સર રોબર્ટ સ્વાનના ૨૦૪૧ ફાઉન્ડેશન દ્વારા ૨૦૧૮માં એન્ટાર્ટિકાના સહેતુક પ્રવાસ માટે પસંદગી પામેલ છે. અલ ગૌરેના દસ્તાવેજી ચલચિત્ર "બિનઅનુકૂળ સત્ય" જોયા બાદ તેની ઘેરી અસર હેઠળ તે રોબર્ટ સ્વાન વિશે વિચારતી થઈ. તેણી કહે છે કે વર્ષની શરૂઆતમાં મેં તેમનો વાર્તાલાપ સાંભળેલ. તે ઉપરાંત એક ભારતીય તનીષા અરોરા, જે ૨૦૧૭ના એન્ટાર્ટિકા પ્રવાસ માટે પસંદગી પામેલ તેના દ્વારા હું પ્રભાવિત થઈ હતી.

સર રોબર્ટ સ્વાન પ્રથમ વ્યક્તિ છે જેમણે ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ બંને જગ્યાએ પ્રથમ પગ મૂકેલ. બંને ધ્રુવ પર શોધખોળ કરનાર પ્રવાસી, એનર્જી બાબત નવા વિચારો સાથે સુધારા કરનાર તથા ૨૦૪૧ ફાઉન્ડેશનના સ્થાપક છે. એન્ટાર્ટિકા રક્ષિત હોવાથી મૂળભૂત સ્થિતિમાં અને કોઈ જ પ્રકારની શોધખોળ થયા વગર છે. એન્ટાર્ટિકા પર કોઈ પ્રકારની શોધખોળ પર નિષેધ કરી અટકાવવાની સમજૂતી ૨૦૪૧માં પૂરી થશે. હવામાન ફેરફાર અંગે જાગૃતિ લાવવા તથા ૨૦૪૧ સુધીની આ સમજૂતીનું સંરક્ષણ કરવા આગેવાનો ઊભા કરવા સર રોબર્ટ સ્વાને "૨૦૪૧ ફાઉન્ડેશન" ઊભું કરેલ છે. એન્ટાર્ટિકા પર કોઈપણ જાતનું ડ્રિલિંગ અથવા કોઈ પણ જાતના ફળદાયી ઉપયોગની આખા વિશ્વ પર અસર થશે અને તે માટે કોઈ પણ ભોગે આ ખંડનું રક્ષણ કરવું જરૂરી છે.

આ બરફના તરતા પહાડની ટોચ એટલે એન્ટાર્ટિકાના સહેતુક પ્રવાસ માટે દર વર્ષે ૮૦ લોકોની પસંદગી થાય છે જે તમામ લોકો સમાજમાં જાગૃતિ ફેલાવશે. આવતા વર્ષની સફર ૨૭ ફેબ્રુઆરીથી ૧૨ માર્ચ ૨૦૧૮ દરમ્યાન છે. આન્યા માઈનોર હોવાથી તેની સાથે તેની માતા પ્રતિભા સોની જશે. આ સફર પહેલા હવાઈમાર્ગે આર્જેન્ટીનાના ઉસુઆ (Ushuaia) કે જે દક્ષિણ અમેરિકાના એકદમ દક્ષિણ છેવાડે આવેલ છે જેને ધરતીનો છેડો (એન્ડ ઓફ ધ વર્લ્ડ) તરીકે ઓળખવામાં આવે છે તે જગ્યાએ પહોંચશે. ત્યાંથી સમુદ્ર માર્ગે સ્ટીમરથી આગળ વધશે. એક રાત્રિને છોડીને બાકીની તમામ રાત્રિ જહાજ પર વિતાવાશે. દિવસ દરમ્યાન એન્ટાર્ટિકા અંગે જાણકારી આપવામાં આવશે અને ગ્રુપના સભ્યો અભ્યાસ કરશે. તેમની સાથેના ભૂસ્તરશાસ્ત્રીઓ આ બરફ આચ્છાદિત ભૂમિના લક્ષણો, ખાસ કરીને છૂટી પડવા લાગેલી બરફની શિલાઓ જે હવામાન પરિવર્તન સ્વરૂપે ભવિષ્યમાં કેવી રીતે અણધારી આફતરૂપ બની શકે તેની સમજણ આપશે.

તેની માતા પ્રતિભા સોનીએ એક ઇન્ટરવ્યુમાં જણાવેલ છે કે "મેં મારી શારીરિક ક્ષમતા વધારવા માટે યોગ્ય કસરતો શરૂ કરેલ છે. તેમજ આન્યાના ફિટનેસ શિક્ષકને પણ આન્યાની શારીરિક ક્ષમતા વધારવાની તાલીમ અંગે વિનંતી કરેલ છે." આન્યાના પિતા ઇકોલિબ્રિયમ એનર્જી પ્રા.લિ. - અમદાવાદ મધ્યે કાર્યરત છે. જે મધ્યમ અને મોટા કદના ઉદ્યોગોમાં વપરાતી વીજ શક્તિનું મહત્તમ સમતુલન સાથે ઉપયોગ ઉપરાંત પર્યાવરણને મદદકર્તા છે.

વર્ષ ૨૦૧૫માં સ્થાપિત "Kids 4 a Cause" સંસ્થામાં પણ આન્યા સક્રિય છે. આ ગ્રુપ વેસ્ટ વસ્તુઓને ઉપયોગી વસ્તુમાં પરિવર્તિત કરી વેચાણ કરે છે અને તે દ્વારા મેળવેલ

રકમ સામાજિક હેતુઓ માટે દાનમાં આપે છે. જેમકે, કાશ્મીર પૂર હોનારતમાં ધાબળા અને દવાનું વિતરણ. HUG, જેણે ચેન્નાઇ પૂર હોનારતમાં મદદની પહેલ કરેલ. આન્યાનું કહેવું છે કે ગયા વર્ષે ઊભી કરેલ રકમ અમે નેશનલ ઇન્ડિયન એસોસિએશનને મોકલેલ જે દ્વારા ધોરણ-૧૨ માં ભણતી ગરીબ કન્યાઓને પુસ્તક વિતરણ કરેલ.

આન્યાની સ્કૂલ – સહ્યાદ્રી, કૃષ્ણમૂર્તિ ફાઉન્ડેશન સ્કૂલમાં પણ તમામ વિદ્યાર્થીઓ પર્યાવરણ બાબત જાગૃત અને સક્રિય છે. હરહંમેશ સ્કૂલ તેમજ આજુબાજુના વિસ્તારને સાફ રાખી પ્રદૂષણ મુક્ત રાખે છે. આન્યાના માતા-પિતા આ સફર માટે નાણાં ભંડોળ ઊભું કરી રહ્યા છે. પ્રતિભા સોનીનું કહેવું છે કે, "અમે સંપૂર્ણ જાગૃત છીએ કે આ સફર કોઈ આનંદ કે ગમ્મત માટે નથી." ઇન્ટરનેટના માધ્યમથી લોકસમૂહ (ક્રાઉડ ફન્ડિંગ) પાસેથી ભંડોળ મેળવતા હોવાથી અમે અમારી જવાબદારી બાબત સંપૂર્ણ જાગૃત છીએ. ખાસ કરીને એવા લોકો જેમણે રૂા. ૧૦૦/- કે રૂા. ૫૦૦/- આપેલ છે તેમના વિશેષ ઋણી છીએ કારણકે તેઓ કોઈ નામ કે પ્રચાર માટે નથી આપતા. આ એ લોકો છે જેમણે આન્યા દ્વારા ભવિષ્યમાં ઊભી થનાર અસર અંગે આન્યામાં તેમનો વિશ્વાસ વ્યક્ત કરેલ છે.

આન્યા ઇચ્છે છે કે આ પ્રવાસથી પાછા ફરીને તે બીજી અન્ય સ્કૂલોની મુલાકાત લઈ વિશેષ શિબિર - વર્કશોપનું આયોજન કરી નેતૃત્વ અને હવામાન પરિવર્તન અંગે સમજ આપી જાગૃતિ કેળવે. આન્યા એક વાતે દુઃખી છે કે તેનું પ્રિય ગોલ્ડન રિટ્રીવર ડોગ "ઝોઈ" તેની સાથે નહીં હોય. આન્યાએ એન્ટાર્કટિક પહોંચવા માટે મોટા ખર્ચ માટે "ક્રાઉડ ફન્ડિંગ" એકત્રિત કરવા પસંદ કરેલ સંસ્થાની સાઇટ અને તેનું અંગ્રેજીમાં લખાણ નીચે આપેલ છે:

I am Aanya raising funds for my upcoming Antartica expedition where I will be the youngest representative of India. I need your funding support through my campaign to help me make it to the expenditure. Please click on the link to get details **https://www.fueladream.com/**)

***(સોર્સ : વિવિધ ન્યુઝ પેપર્સનો સાર)***

***હૃદયના દીપકમાં વૈરાગ્યનું તેલ પૂરો; ભક્તિની દિવેટ મૂકો અને સતત ધ્યાનથી જ્ઞાનની જ્યોત પ્રગટાવો. અજ્ઞાનતાનો અંધકાર ખોવાઈ જશે અને તમે જ્ઞાનથી પૂર્ણ પ્રકાશિત થશો.***

***– સ્વામી શિવાનંદ***

## પાંગરતી પ્રતિભા

### ગોલ્ડ મેડાલિસ્ટ નીર દર્શનભાઈ સોલંકી (ભુજ)

*ઉંમર કરતા મેડલ વધુ. ઉંમર : ૮ વર્ષ, મેડલ : ૧૦*



શાંત પાણી જેવી સ્થિરતા પરંતુ ઊંડી ગંભીરતા ધરાવતી દાદી પ્રફુલાબેનની છત્રછાયા અને દાદા પ્રવીણભાઈ માધવજી (તોડાવાલા)ની ચાગલી.

માતા ધરતીબેન દર્શનભાઈ સોલંકી જેવી જ ધીર-ગંભીર, હોંશિયાર આર્ટીસ્ટ એવી "નીર"ને આર્ટ તો જાણે લોહીમાં જ વહેતું હોય તેવી સહજતાથી ચિત્રો દોરે. ચિત્રોની સ્વચ્છતા અને સ્પષ્ટ થીમ સાથે દોરાતા ચિત્રો 'ગોલ્ડ મેડલ' અપાવે જ! તેમના ઇનામ અને સર્ટિફિકેટ સાચવવા માટે ઘરમાં સ્પેશિયલ જગ્યા રાખવી પડશે! તેમના સર્ટીફિકેટો - ઇનામોનો ટુંકમાં ઉલ્લેખ કરૂં છું.

Happy Faces School આયોજીત મા આશાપુરા ન્યુઝ એડ્સ / સંસ્થા આયોજીત ડ્રોઈંગ સ્પર્ધામાં ૮૦૦-૯૦૦ની સંખ્યામાંથી First. Water is Filler of Life. ભાવનગર મુકામે ડ્રોઈંગ કલર રેઇનબો આર્ટ સેન્ટરમાંથી સર્ટીફિકેટ. સંસ્કાર નર્સરી સ્કુલ. ચેરી ચેલેન્જ કોન્ટેસ્ટ Dr. DAY નિમિત્તે અરૂણ પરીખ આયોજીત સ્પર્ધામાં સર્ટી. રાજ્ય કક્ષાની ગણેશા બાળવિકાસ સંકુલ દ્વારા સર્ટી. Gujarat State Child & Youth Art Competition 2016 માં ઇનામ. ૩૦-૧-૨૦૧૭ના રોજ JALGYAN દ્વારા આયોજીત સ્પર્ધામાં સર્ટીફિકેટ. Mother Teresa Child Development Society (મહારાષ્ટ્ર) દ્વારા આયોજીત ચિત્ર સ્પર્ધામાં ઇનામ.

***સૌથી શ્રેષ્ઠ....*** Maruti Art Academy All India Child Art Competition માં GOLD MEDAL થી સન્માનવામાં આવી છે.

નાની બાળામાં ગજબની કોઠાસુઝ છે. ભણવામાં પણ ૯૭.૩૩% લઈ 2nd Number પ્રાપ્ત કર્યો છે. રાસ-ગરબા-રંગોળી-ડાન્સ વગેરે ઇતર પ્રવૃત્તિમાં પણ અવ્વલ આવતી જ્ઞાતિનું ગૌરવ વધારતી પ્યારી બાળા "નીર" ખૂબ જ આગળ વધે, પ્રગતિના પંથે ખળખળ વહેતા 'નીર'ની જેમ સદાય પ્રગતિ કરે તેવી શુભેચ્છા અને આશિર્વાદ.

## ॥ વસુધૈવ કુટુંબકમ્ ॥

**જયેશભાઈ ઘડીયાળી**

## 'કસ્તુરબા - કેશવજી માધવજી સોલંકી પરિવાર'ની ચાર પેઢીનું સુભગ મિલન

॥ વસુધૈવ કુટુંબકમ્ ॥

સંસ્કૃતમાં આ બે શબ્દોનો કેટલો મોટો ભાવાર્થ સમાયેલો છે તેનો પ્રત્યક્ષ અનુભવ અને ઉદાહરણ જાન્યુઆરી ૭, ૨૦૧૮ના દિવસે જોવા મળ્યો.

કસ્તુરબા - કેશવજી માધવજી સોલંકી (માંડવીવાળા) પરિવારના અનોખા મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. કેશવજી સોલંકીના પરિવારમાં ત્રણ દીકરા : (૧) કલ્યાણજીભાઈ, (૨) હીરાલાલભાઈ, (૩) પરમાનંદભાઈ અને દીકરીઓ : (૧) નર્મદાબેન, (૨) ગૌરીબેન, (૩) સરસ્વતીબેન, (૪) મણિબેન, (૫) લીલાવંતીબેન અને (૬) કમળાબેન. આ પરિવારના ૯ દીકરા - દીકરીઓનાં પણ પરિવારો એટલે કે કેશવજીભાઈની લગભગ ચોથી પેઢી સુધીનાં દરેકને ભેગા કરવાનું એક ભગીરથ કાર્ય લીલાવંતીબેને હાથમાં લીધું અને સાથે દયાબેન પરમાનંદભાઈએ ખૂબ જ સહાય કરી.

જુલાઇ ૨૦૧૭થી આ કાર્યની તૈયારી શરૂ કરવામાં આવી. પરિવારનાં સભ્યો આજે ભારતમાં અને વિદેશમાં જુદી જુદી જગ્યાએ વસે છે. તેઓને એકત્ર કરવા સૌપ્રથમ એક વેબસાઇટ બનાવી. દરેકના સંપર્ક નંબર અને ઇ-મેઇલ દ્વારા જાણ કરવામાં આવી. દરેક સભ્યો પોતાના પરિવારના દીકરા - દીકરી - જમાઇ અને વહુઓ અને એમના વારસદારો. એમ જોતજોતામાં દરેકના બાયોડેટા આવવા લાગ્યા. સંપૂર્ણ ડેટા મળ્યો ત્યારે જાણ થઈ કે કસ્તુરબા કેશવજીનો પરિવાર ૧૮૦ સભ્યોનો થયો છે.



દરેક સાથે વ્યક્તિગત સંપર્ક કરીને એક દિવસ – ૭મી જાન્યુઆરી, ૨૦૧૮ નક્કી કરવામાં આવ્યો. સ્થળ હતું માધાપરમાં આવેલ યક્ષ મંદિરની સામે ઔદિચ્ય બ્રાહ્મણ સમાજની નારાયણ વાડી.

પરિવારના સૌ સભ્યો કોઈ ઇંગ્લેન્ડથી, કોઇ અમેરિકાથી, કોઇ ઓસ્ટ્રેલિયાથી, કોઈ સુરતથી, રાજકોટ - રાયપુર - અમદાવાદ એમ જ્યાં જ્યાં જેઓ સ્થાયી થયા છે ત્યાંથી તેઓએ આવવા માટે આયોજન કરી નાખ્યું.

૭ જાન્યુઆરી, ૨૦૧૮ની સવારે સમય પ્રમાણે સૌ સ્થળ પર એકત્રિત થયા. ઘણા લોકો એકબીજાને જુએ, પણ કોઈ ઓળખે નહીં. બધા જ લોકો ઉત્સુક હતા પોતાની ઓળખાણ આપવા. પરિવારના વડીલો ત્યાં હાજર હતા અને ભુજ પરિવારનું સેન્ટર હોવાને કારણે બધા જ ભુજથી જોડાયેલા હતા. એટલે મળવાનો આનંદ કંઈક જુદો જ હતો.

મામા, માસી, ફોઇ, કાકા અને કોણ કોની સાથે, કોણ કોની દીકરી કે દીકરો – વાતવાતમાં બધાના મોંમાંથી એક જ શબ્દ નીકળે – ઓહ...! કેટલા વર્ષે આપણે મળ્યા...! આટલો આટલો મોટો થઈ ગયો કે આટલી મોટી થઈ ગઈ...!

સમય પ્રમાણે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. પરમાનંદભાઈની બંને દીકરીઓ રીના અને પ્રિયા અને કમળાબેનની દીકરી સીમા – આ ત્રિપુટીએ સ્ટેજ સંભાળી લીધું. ખૂબ જ સુંદર આયોજનપૂર્વક શરૂઆત કરી. આવનાર દરેક સભ્યોનું સ્વાગત કર્યું. લીલાવંતીબેનના આ આયોજન પ્રમાણે વારાફરથી દરેક પરિવાર સ્ટેજ પર આવવા લાગ્યા.

કસ્તુરબા - કેશવજીના પરિવારનાં સૌથી મોટા દીકરા મારા પિતાજી કલ્યાણજીનાં પરિવારથી પરિચય આપવાની શરૂઆત કરી. અમારા પરિવારમાં સૌથી મોટી વાત એ હતી કે મારા મોટાભાઈ નવીનભાઈ લકવાગ્રસ્ત હોવા છતાં પણ તેઓ અહીં ઉપસ્થિત હતા. દરેક પરિવારનાં દીકરા - દીકરી જમાઈ - વહુઓનો પરિચય સૌએ વારાફરતી આપ્યો. પરિચય આપતી વખતે સૌ ખૂબ જ ભાવુક થઈ જતા.

કાર્યક્રમ સમયબધ્ધ શરૂ થયો અને પરિવાર પરિચય પૂર્ણ થયા બાદ સૌ કોઈએ સાથે ભોજન લીધું. ભોજન સમાપન બાદ પરિવારમાં ઘણા બધા કલાકારોએ પોતાનું પરફોર્મન્સ આપ્યું હતું. ગીત - સંગીત - મિમિક્રી વગેરેની રજુઆત થઈ હતી. પરમાનંદભાઈની દીકરી પ્રિયાએ માંડવીની ટીપીકલ સ્ત્રી 'ગોમતી' મુંબઈ જાય છે તેનું સુંદર વર્ણન ટીપીકલ કચ્છી ભાષામાં સુંદર રજુઆત કરી, હાજર રહેલાઓને ખૂબ જ આનંદ કરાવ્યો હતો.

આ કાર્યક્રમનો સંપૂર્ણ ખર્ચ મારા ફોઈ લીલાવંતીબહેને કર્યો હતો. તેમણે પરિવારની બધી નિયાણીઓને તથા ઘરના વડીલને ચાંદીના સિક્કાની યાદગાર ભેટ આપી હતી. કાર્યક્રમની પૂર્ણાહૂતિ મારા ફોઈ લીલાવંતીબેને કરી હતી. આવનાર સૌ દીકરા-દીકરીનો અને વડીલોનો આભાર માન્યો હતો.

મને આ કાર્યક્રમનો અનોખો અનુભવ થયો. પરિવાર આટલું મોટું થઈ જાય છે પણ પ્રેમ ક્યાંય ઓછો નથી થતો. દરેક જણ પોતાના માંડવી સાથેના પ્રસંગોથી યાદ કરતા હતા.

***કાર્યક્રમની સમાપ્તિ બાદ સૌ એક જ વાત પૂછતા કે હવે આપણે ક્યારે મળીશું?***

## કસ્તુરબેન કેશવજી માધવજી સોલંકી -(માંડવી) પરિવાર

Kasturben Keshavji Madhavji Hirji Bhanji Virji Solanki (Mandvi)

| 1G | 2G | 3G | 4G |
|---|---|---|---|
| Kalyanji Motiben | Krishna-Pravin | | |
| | Ashwin-Chandrika | Manshi-Sunil<br>Jay | Annu |
| | Naveen-Meena | Shivani-Parth<br>Prachi-Nitin<br>Deep | |
| | Jayesh-Sandhya | Nidhi-Bhavesh<br>Kuldip | Astha |
| | Kalpna-Bharat | | |
| | Amit-Rupal | | |
| Narmadaben Jethalal | Prabha | | |
| | Vimla-vithaldas | Jignesh-Jagruti<br>Mehul-Shobha | Mansi<br>Harshvardhan |
| | Bhanu-Satyaprakash | Bhavin<br>Rakhi-Rajeesh | |
| | Ranjan-Bharat | | |
| | Anandi-Anil | Parth | |
| | Dipak-Bhavna | Urvasi<br>Kevin | |
| Maniben Vitthaldas | Manubhai-Shobhna | Leena-Rohit | Jay |
| | | Reena-Paresh | Deep<br>Mohit |
| | | Dipti-Pritesh | Shruti<br>Heer |
| | | Vrajesh-Bhakti | Rishit |
| | Saroj-Ashokkumar | Poonam-Sanjay | Meet<br>Tisha |
| | | Nitesh-Neha | Aum<br>Kunj |
| | | Dhara-Anand<br>Priya-Ashwani | Kabir |
| | Nalini-Rameshkumar | Hiren-Varsa<br>Avni-Shakunt | Jaysheel |
| | Rajesh-Jyoti | Arohi-Nishidh<br>Kunj-Maitrik | |
| | Kirit-Eve | Rohini<br>Kamal<br>Ananda | |

| 1G | 2G | 3G | 4G |
|---|---|---|---|
| Saraswatiben Gopaldas | Kishor-Kiran | Paras-Rachna<br>Kena-Jatin | |
| | Kushum-Vinod | Dipti-Birenkumar<br>Vijay-Madhvi | |
| | Dinesh-Chandrika | Rishi-Preeti<br>Nirav-Khushbu | |
| Gauriben Amratlal | Dilip-Bhadreswri | Darshi-Axaya | Savan |
| | Chandramohan-Varsha | Vatshal<br>Dolly | |
| | Sudhir | | |
| | Jitu-Kamini | Jubin | |
| | Jayshree-Kamalesh | Poonam-Kalpesh<br>Dixit-Darshana | Yashvi |
| | Shmita-Jagdish | Bansari | |
| Hiralal Nirmalaben | Chetna-Narendra | Hetal<br>Jitesh | |
| | Bhavana-Bharat | Megha-Harsh<br>Kena | |
| | Pankaj-Harsha | Jiten<br>Jay | |
| | Anil-Renuka | Dhara | |
| Lilavantiben Dhanjibhai | Harshad | Ketan<br>Jayesh<br>Neepa<br>Krishna | |
| Kamlaben Chitranjan | Ketan-Rajshree | Shreya<br>Jiten | |
| | Sima-Niraj | Harita<br>Gaurav | |
| Parmanand Dayaben | Reena-Vijay | Milind<br>Maulin | |
| | Priya-Kashyap | Dhruvi<br>Hitarth | |



# ડૉ. નારાયણ કંસારા, પીએચ.ડી. ઇન સંસ્કૃત

**પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ**

૨૦૧૫ના નવેમ્બર મહિનામાં સમસ્ત કંસારા સમાજ - ગુજરાતની એક પાંખ ધાતુ પરિવારે પ્રથમ વખત વિદ્યાર્થીઓમાં ટોપર્સને પ્રોત્સાહક ઇનામ વિતરણ અને પોતાના ક્ષેત્રમાં નામના પ્રાપ્ત કરનાર વડીલોના સન્માનનો કાર્યક્રમ રાખેલ. જેમાંના અમદાવાદમાં રહેતા વીસનગરના વયોવૃદ્ધ વડીલ ડૉ. નારાયણભાઈ કંસારાનું વિવિધ અનુસરવાલાયક અનુભવોથી અલંકિત જીવન અને એજ્યુકેશન ક્ષેત્રે તેમણે મેળવેલ અકલ્પિત સિદ્ધિઓ આપણા સમાજના યુવાવર્ગ માટે પ્રેરણાસ્રોત બની રહે તેમ છે.


૮૪-૮૫ની ઉંમરે પહોંચેલ ડૉ. નારણભાઈ તેમની સિદ્ધિઓ માટે આજથી ૧૬ વરસ પહેલાં ૨૦૦૧માં રાષ્ટ્રપતિ ચંદ્રક દ્વારા સન્માનિત થઈ ચૂકેલ છે. તેઓ ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક હતા અને તેમણે આ દેવોની ભાષા સંસ્કૃતમાં ત્યારે પીએચ.ડી. કરેલ. તમને થશે, ઠીક છે, ડૉક્ટરેટ તો ઘણા લોકો મેળવતા હોય છે, પરંતુ તમને અચરજ પમાડે તેવી વાત એ છે કે તેમણે રજૂ કરેલ મહાગ્રંથનું ચયન કરવા વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીને મોકલવામાં આવેલ અને તે યુનિવર્સિટીએ તે માટે ભારતભમાં તપાસ કરી તો તે ભાષાનો કોઇ વિદ્વાન ન મળ્યો! આથી નાછુટકે તેમને મળેલ સૂચન મુજબ તે ગ્રંથ જર્મની મોકલવો પડેલ અને ત્યાંથી તે કસોટીમાંથી પસાર થયા બાદ તેમને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવેલ અને તે રીતે આપણા સમાજના એકમાત્ર કંસારાએ સંસ્કૃતમાં ડૉક્ટરેટ મેળવી! આ સિદ્ધિનું મહત્ત્વ તો એ છે કે આખાયે હિંદુસ્તાનમાં, જ્યાં સંસ્કૃત જેવી લાઇવ અને ધરખમ સાહિત્ય ધરાવતી અને આજ ધરતી પર ઉદ્ભવેલ, જેને અંગ્રેજીમાં મધર ઑફ ઓલ લેંગ્વેજીસ કહેવાય છે, તેવી મહાન ભાષાના કોઈ વિદ્વાન તેમની સમકક્ષ ન હતા. તેથી જ એકેલઝાન્ડરના સમયમાં લૂંટાયેલ આપણો આ સર્વે ભાષાઓની માં જેવી ભાષાના સાહિત્યનો વારસો જર્મની સુધી પહોંચેલ અને ત્યાંના વિદ્વાનો તેમાં માહેર બનેલ!


વડીલશ્રીની સંસ્કૃત ભાષાના જ્ઞાનની ખ્યાતિ બાબતમાં ધાતુ પરિવારના પ્રમુખ શ્રી રાજેશભાઈ કંસારા તેમનો પરિચય આપતાં જણાવેલ તે મુજબ ૧૯૭૧ની સાલમાં જૂનાગઢ ખાતે ભારતની સાંસ્કૃતિક સંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની એક મહિનાની શિબિર હતી. જેમાં રાજેશભાઈએ તેમની યુવાનીના સમયમાં ભાગ લીધેલ અને સંજોગોવશાત્ શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ તે શિબિરમાં તેમની સાથે જ હતા (રાજેશભાઈ વીસનગરના અને ત્યાંથી ૧૪ કિ.મી.ના અંતરે આવેલ વડનગરના મોદી, એટલે બંને પાડોશીઓ થયા!) ત્યારે ત્યાં પધારેલ સર-સંઘ-સંચાલક ગુરૂ ગોલવલકરે તેમને પૂછેલ કે વો નારણ કંસારા ક્યા કર રહા હૈ? આમ તે અરસામાં પણ, જ્યારે તેમને રાષ્ટ્રપતિ ચંદ્રકથી નવાજવામાં આવેલ ન હતા ત્યારે દેશની એક ટોચની સંસ્થાની ટોચની વ્યક્તિ તેમને વ્યક્તિગત રીતે એક ભાષાની વિદ્વતાના સેતુ મારફતે જાણતી હતી!


ડૉ. નારાણભાઈએ તેમના પ્રવચનમાં યુવાનોને લક્ષ્ય ઊંચું રાખવાનું જણાવતા પોતાના નાનપણના સ્મરણો વાગોળતાં કહેલ કે તેઓ ૧૫-૧૮ વરસની ઉંમરે સાધુ થવાનું વિચારતા હતા પરંતુ પિતાશ્રીએ કહ્યું કે ભણવું તો પડશે અને પરણવું પણ પડશે નહિંતર તેમના પછી ઘરની જવાબદારી કોણ સંભાળશે અને ભણશો નહીં તો દુકાનનો કચરો કાઢવો અને ભગવાનને દીવો કરવો આ બે જ કામ દુકાનમાં કરવાના રહેશે. એટલે તેમણે ભણવું તો સાધુ થવા કામ લાગે તેવી સંસ્કૃત ભાષા જ ભણવી તેમ નક્કી કરીને તે વિષય સાથે એસ.એસ.સી. ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી કારણકે હાઈસ્કૂલમાં પહોંચ્યા ત્યારે રાનડે સાહેબ કરીને હતા તેમણે પ્રોત્સાહન આપતા કહેલ કે મારી ક્લાસમાં ફર્સ્ટ ક્લાસ કરી શકે તેમનું જ કામ છે. ત્યારબાદ કૉલેજમાં પહોંચ્યા ત્યારે ત્યાં પણ ડી.કે. સાહેબે પણ પોતાને ફર્સ્ટ ક્લાસમાં પાસ થાય તેવા જ વિદ્યાર્થીઓ ગમે તેવી વાતે તેમને ફર્સ્ટ ક્લાસ મેળવવા માટે રોજ ૧૬-૧૬ કલાક વાંચવા માટે પ્રેરેલ. અત્યારે ૮૫ વરસની ઉંમરે પણ ડૉ. નારાણભાઈ તેમની વેબસાઇટ ચલાવે છે. દરરોજ કોમ્પ્યુટર પર બેસીને દુનિયાભરમાંથી તેમને સંસ્કૃત બાબતમાં પૂછવામાં આવતાં પ્રશ્નોના જવાબો આપે છે અને શ્રી સ્વામિનારાયણ મંદિરના દસ દસ સાધુઓને એક સાથે ડૉક્ટરેટ મેળવવાની તૈયારીમાં સહાય કરી તેમના ગાઈડ તરીકે સેવા આપે છે. આમ તેઓ ભલે સાધુ ન થયા પરંતુ સાધુઓ સાથે કામ કરી રહેલ છે અને તેમને પ્રમુખસ્વામિ જેવા સંતનો સારો સહવાસ રહેલ. તેમના નામનો ઉલ્લેખ આદર સાથે બાપ્સ સંસ્થા દ્વારા અંગ્રેજીમાં બે ભાગમાં બહાર પાડવામાં આવેલ હિન્દુ-ઇઝમ નામના ગ્રંથની પ્રસ્તાવનમાં પણ કરવામાં આવેલ છે કારણકે તે ગ્રંથની રચનામાં તેમના રીસર્ચનો, તેમની તે ભાષામાંની નિપુણતાનો મહત્તમ ફાળો રહેલ છે, જે તેમણે સંસ્કૃત ભાષાની કરેલ દાયકાઓની સેવાનું પ્રતીક છે.

ઇન્ટરનેટમાં ડૂબકી મારતાં ગૂગલ પરથી શોધેલ ડૉ. નારાયણ કંસારા વિશે થોડી વિગતો અંગ્રેજીમાં જેમની-તેમ, તેમની ત્રણ બુક્સ હિતોપદેશ, પંચગ્રંથિ વ્યાકરણ અને વૈદિક વ્યાકરણના પિક્ચર સાથે.

This is the first compact comprehensive






and complete metrical Grammar of Classical Sanskrit composed by the celebrated Jain Acarya Buddhisagarasuri (981-1025 A.D.) In accordance with the tradition of all the extant systems of Sanskrit Grammar, Buddhisagara has treated in his work all the five aspects, viz. the Dhatupatha, Ganapatha, Unadipatha, Linganusasana and the main text of the Vyakaranasutras of which the former five are the auxiliaries, thus making it the full Pancanga Vyakarana. Dr. Narayan Kansara, the editor and commentator, is currently the Director of the Akshardham Center for Applied Research in Social Harmony, Gandhinagar, Gujarat. He was formerly Professor of Sanskrit at the Gujarat College, Ahmedabad, in the Gujarat Education Service. He has taught post-graduate students for thirty-four years, and guided several Ph.D. students.

આપણે ડૉ. નારાયણભાઈને દીર્ઘાયુ પ્રાર્થીએ અને યુવા પેઢી તેમના કામો અને અનુભવમાંથી પ્રેરણા લેતી રહે તેવી અભ્યર્થના સાથે વિરમીએ.

*દુઃખના સમયમાં તમે મહેનત કરેલી, બુદ્ધિ ચલાવેલી અને મગજને સદા સતેજ રાખ્યું હતું. હવે સુખ આવ્યું એટલે એમ ન માની બેસતા કે મહેનત કરવાની જરૂર નથી, મગજનું કંઈ કામ નથી. સિદ્ધિ પ્રાપ્ત થયા પછી બુદ્ધિની ધારને સદા સતેજ રાખવી પડે છે, કારણકે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી એને ધૂળધાણી કરી નાખવા માટે અનેક જાતના દુશ્મનો નવા નવા સ્વાંગમાં હાજર થાય છે. પછી આ સિદ્ધિ આધ્યાત્મિક હોય કે પાર્થિવ. સુખના સમયમાં જેની વિવેકબુદ્ધિ ટકી રહે છે તે જ જીવનના અંત સુધી સુગંધ માણી શકે છે.*

## સર્વશ્રેષ્ઠ – મનોબળ

મનોબળની સંધિ છૂટી કરીએ તો મન + બળ એટલે કે મનનું બળ. જો મનોબળ ઉચ્ચ હશે તો આપણું કોઈ પણ કાર્ય અધૂરું નહીં રહે. બધા જ કાર્ય એના સમય પ્રમાણે પૂરા થઈ જશે.

ઘણા માણસો એવું વિચારે છે કે જેઓ શરીરથી હૃષ્ટપુષ્ટ તેમજ બળવાન હોય છે તેઓ બધા જ કાર્ય આસાનીથી કરી શકે છે. પણ એ બાબતમાં તેઓ ખોટા સાબિત થાય છે. શરીરથી બળવાન માણસ, એ વાસ્તવમાં બળવાન નથી કહેવાતો પણ જઓ મનના મક્કમ એટલે કે કોઇ પણ પરિસ્થિતિ હોય તેઓ મનથી હાર નથી માનતા ત્યાં સુધી તેઓ ગમે તેવી કઠિનાઇઓનો સામનો કર્યા જ કરે છે, તો તેઓને ઊંચા મનોબળવાળા વ્યક્તિ કહેવાય છે.

જો કોઈ પણ સંજોગોમાં આપણને જીત હાંસિલ કરવી હોય તો મનોબળને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. મુશ્કેલીઓભરી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે આપણા સગા-સંબંધી, મિત્રવર્તુળ કોઈ પણ કામ નહીં આવે જો કોઈ દિલથી સાથ નિભાવશે, તે એ આપણી અંદર જ છૂપાયેલી શક્તિ છે – આપણા મનનું બળ...

આજના યુવાનો ગમે તેવી વિકટ સ્થિતિ આવે પણ તેઓ પોતાનો પથ જાતે જ નક્કી કરે છે. મનથી બળવાન વ્યક્તિઓ સામે ગમે તેવી મુશ્કેલીભરી પરિસ્થિતિ આવે પણ તેઓ તેનો સામનો પૂરા દિલથી કરે છે. તેમને ખ્યાલ છે કે જ્યાં સુધી તેનું મન આ કાર્યથી પીછેહઠ નહીં કરે ત્યાં સુધી તેઓ ઝઝુમતા રહેશે.

આજના યુગની નારીઓની જ વાત કરીએ તો તેઓ પુરુષ સમોવડી બની ગઈ છે કારણ કે તેમનું મનોબળ ઊંચું થઈ ગયું છે. બધા જ કાર્યોમાં તે અગ્રેસર રહે છે. જેમ કે બસ કન્ડક્ટર, પાઇલોટ, ડૉક્ટર, પી.એસ.આઈ. જેવી બધી જ પોસ્ટ પર જોવા મળે છે. એવું ત્યારે જ થાય છે જ્યારે તેઓ મનથી બળવાન હોય છે અને કોઈપણ સંજોગોમાં લડવાની શક્તિ ધરાવે છે.

આમ, આ વિશ્વ જગતમાં જે વ્યક્તિનું મન મજબુત તેમજ મક્કમ હશે તો જીત એટલે કે સફળતા પણ તેમના કદમ ચુમશે અને હાર નામનો શબ્દ પણ સાંભળવા નહીં મળે. તેથી સર્વશ્રેષ્ઠ એ જ છે, જે ઊંચું મનોબળ ધરાવે છે અને ધ્યેયપ્રાપ્તિના પથ પર કોઈને પણ આડે આવવા નથી દેતા.

***દર્શના સોની - મોથાળા, અબડાસા (કચ્છ)***

# જનકલ્યાણ મેડિકલ સોસાયટી - માંડવી

મહેશભાઈ મોહનલાલ કંસારા - ભુજ

કચ્છમાં દર વર્ષે ચારથી પાંચ હજાર કેન્સરના દર્દીઓ ઉમેરાય છે. આવા દર્દીઓની સારવાર માટે કચ્છની અંદર કોઈ મોટી હોસ્પિટલ કે સ્પેશિયાલિસ્ટ ન હતા. આવા સંજોગોમાં છેલ્લા છ વર્ષથી સમગ્ર કચ્છના દર્દીઓ તેમજ તેમના પરિવારજનોના આંસુ લૂછવાનું કાર્ય કરી સમગ્ર કચ્છ માટે ઉમદા વૈદ્યકીય સારવાર આપવાનું કાર્ય માંડવી-ભુજ હાઈવે પર આવેલ જનકલ્યાણ મેડિકલ સોસાયટી અને નવનીત કેન્સર રીસર્ચ, હોસ્પિસ એન્ડ ડાયાલિસિસ - માંડવી દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાની અંદર કેન્સર માટેની સારવારના કાર્યને સેવા સમજી 'હોસ્પિસ' (કેન્સરના છેલ્લા સ્ટેજના દર્દીઓ) ની સારવાર, સેવા કરતી સમગ્ર ગુજરાતમાં આવી હોસ્પિટલ જવલ્લે જ ઉપલબ્ધ છે. તેમાંની કચ્છ સ્થિત એક આ સંસ્થાએ છ વર્ષથી કાર્ય કરી એક વિશિષ્ટ હોસ્પિટલ તરીકે નામના મેળવી છે.

આ સંસ્થાની સ્થાપના ૧૯૯૩માં કરવામાં આવી. તેનો મૂળભૂત હેતુ કેન્સરનું શિક્ષણ, કેન્સરનું નિદાન, સારવાર, આર્થિક સહાય તેમજ કેન્સર અંગે લોકોમાં અવરનેસ લઈ આવવા માટે નાના ગામડા સુધી પહોંચી કેમ્પો યોજી કેન્સર ન થાય તે માટે ઓડિયો વિઝ્યુલ ચિત્ર પ્રદર્શની દ્વારા માર્ગદર્શન આપી લોકોને જાગૃત કરી અને વ્યસનોથી બચાવવા માટેનો પ્રયત્ન કરવામાં આવે છે.

આ બધા વિચારોને સાકાર કરવા માટે આ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૯માં અદ્યતન મશીનરી સાથે સમગ્ર કચ્છમાં સૌ પ્રથમ અઢાર બેડનું જન કલ્યાણ કેન્સર રીસર્ચ હોસ્પિસ અને ડાયાલિસિસ સેન્ટરની શરૂઆત કરવામાં આવી. કેન્સરના લાસ્ટ સ્ટેજની પીડાથી કણસતા તેમજ અસહ્ય વેદના ઝીલતા લાચાર અવસ્થામાંના કે જ્યાં તેમના માટે કેન્સરની કોઈ દવા લાગુ પડતી નથી. આવા અંતિમ તબક્કાના દર્દીઓને સાંત્વના, સંવેદન અને સહાનુભૂતિનો સહારો આપી મૃત્યુ સુધી પીડામુક્ત જીવન લંબાવવાની સારવાર એટલે 'હોસ્પિસ' સેન્ટર દ્વારા મદદરૂપ બનવાનો આ સંસ્થા દ્વારા પ્રયાસ થઈ રહ્યો છે.

અમદાવાદ, રાજકોટ કે મુંબઈમાં જે ચાર્જથી કિમોથેરાપી આપવામાં આવે છે તેના કરતા ખૂબ જ ઓછા ચાર્જમાં કિમોથેરાપી અહીં આપવામાં આવે છે. મોટા શહેરોમાં જે કેન્સર અંગેના ઓપરેશનો ખૂબ જ ખર્ચાળ રીતે થાય છે તેની જગ્યાએ આવા ઓપરેશનો અમદાવાદ અને રાજકોટના એન્કો સર્જનના મારફતે નજીવા ચાર્જથી કરી આપવામાં આવે છે. જેમાં ગરીબ દર્દીઓને હોસ્પિટલમાં રહેવાનું, બપોરે બે વ્યક્તિઓને જમવાનું, ડોક્ટરની ફી, નર્સિંગ ચાર્જ વગેરે માત્ર પચાસ રૂપિયામાં કરી આપવામાં આવે છે. આજ સંસ્થા દ્વારા કેન્સર અંગેની દવાઓમાં પચાસ ટકા રાહત આપવામાં આવે છે. ટૂંકમાં મોટા શહેરોમાં જે ઉચ્ચ સારવાર આપવામાં આવે છે, તે જ સારવાર આ સંસ્થા દ્વારા પૂરી પાડવામાં આવે છે અને તે પણ નજીવા ચાર્જથી.

કિડની ફેલ્યોરના દર્દીઓને અઠવાડિયામાં બે કે ત્રણ વખત ડાયાલિસિસ કરાવવું પડે છે એટલે આઠ થી બાર વખત ડાયાલિસિસ થાય છે. જે અંગેનો સામાન્ય માસિક ખર્ચ ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોને આર્થિક રીતે પરવડતો નથી. ત્યારે આ સંસ્થા દ્વારા ભારતનું એક માત્ર સંપૂર્ણ રીતે ફ્રી ડાયાલિસિસ સેન્ટર ચલાવવામાં આવે છે.

આ સંસ્થા દ્વારા H.P.V. (Human Pepeloma Virus Vaccine) નામના વેક્સીન રાહત દરે આપવામાં આવે છે. જે વેક્સીન ભવિષ્યમાં પણ ગર્ભાશયના મુખનું કેન્સર ન થાય તેના માટે આપવામાં આવે છે. જે ૧૦ વર્ષથી ૪૫ વર્ષ સુધીની ઉંમરે લેવાતી હોય છે.

આ સંસ્થામાં દરિદ્રનારાયણની સેવા "જન સેવા એ પ્રભુ સેવા" ને લક્ષ્યમાં રાખીને સમાજના નબળા વર્ગની સારવાર અને સહાય આપવાના ઉમદા હેતુથી સરાહનીય અને પ્રશંસનીય રીતે થઈ રહી રહી છે. આ યજ્ઞ રૂપી કાર્યને વેગવાન બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટીશ્રી કિરણભાઈ વી. સંઘવી સવારે આઠથી સાંજે આઠ વાગ્યા લગી આ સંસ્થામાં હાજર રહે છે. અને તેમના જણાવ્યા પ્રમાણે આ સંસ્થામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં એક પણ દર્દી આર્થિક સંજોગો થકી સારવાર લીધા વિના પરત ગયેલ નથી.

### શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિના જ્ઞાતિજનો માટે રાહત દરે સારવાર ઉપલબ્ધ

માંડવી સ્થિત આ જનકલ્યાણ મેડિકલ સોસાયટી દ્વારા થઈ રહેલ સેવા યજ્ઞનો લાભ આપણાં જ્ઞાતિજનો પણ મેળવે તેવા સંદર્ભનો પત્ર આપણી જ્ઞાતિના શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મેડિકલ કાયમી ફંડ સમિતિ-ભુજ ને મળેલ છે. જેના અનુસંધાને કેન્સરના ગરીબ દર્દીઓને માત્ર પચાસ રૂપિયાના ટોકન ચાર્જથી સારવાર, નિઃશુલ્ક ડાયાલિસિસ, રાહત દરે દરેક પ્રકારના ઓપરેશન અને મેડિકલ બીલમાં પચાસ ટકા રાહત સેવા ઉપલબ્ધ રહેશે. જે માટે માત્ર જરૂરિયાતમંદ વ્યક્તિએ જ્ઞાતિના લેટરપેડ પર એક અરજી કરવાની રહેશે.

*મહામંત્રીશ્રી, મા.કં.સો.જ્ઞાતિ મેડિકલ કાયમી ફંડ, ભુજ (કચ્છ)*
*મો. ૯૪૨૭૨ ૬૫૫૧૯*

# વધુ પડતા વજનની સમસ્યા

ડૉ. રમેશ કાપડિયા

(ગતાંકથી ચાલુ)

- **કસરત :**

વજન ઘટાડવા નિષ્ણાતો દરરોજ મધ્યમ ઝડપે ૩૦થી ૪૦ મિનિટ ચાલવાની ભલામણ કરે છે. ઝડપથી ચાલવા કરતાં મધ્યમ ગતિએ ચાલવાથી ચરબી ઘટે છે. ભારે કસરત કરતી વખતે તમારું શરીર કાર્બોહાઇડ્રેટને દહન કરવાનું વલણ ધરાવે છે. જ્યારે લાંબો વખત ચાલતી, લયબદ્ધ હળવી કસરતથી તમારા શરીરને ઈંધણ તરીકે ચરબી બાળવાની તક મળે છે. સંશોધનો વધુમાં જણાવે છે કે નિયમિત હળવી કસરત કરવાથી ભૂખ ઘટે છે. આથી જ્યારે તમે તણાવમાં હો, તમે અળગાપણું અનુભવતા હો ત્યારે કંઈ ને કંઈ ખાવાપીવાથી દૂર રહી હળવી કસરત કરવાથી બેવડો લાભ થાય છે.

- **જમવાની સાચી રીત :**

આજે લોકોને શાંતિથી જમવાનો સમય મળતો નથી. તેથી બીજી પ્રવૃત્તિઓ કરતાં કરતાં જમવાનું પતાવે છે. પૂરું ચાવ્યા વિના કોળિયા ઉતારી જાય છે. આમ થતાં વધારે પડતું ખવાઈ જાય છે. જમતી વખતે તમારું ધ્યાન જમવામાં રહે તો તમે શું શું ખાધું અને કેટલું ખાધું તેની તમને ખબર પડે છે. ચાવીને ખાવામાં વધુ આનંદ આવે છે. તમારા માટે તંદુરસ્તીભરી પસંદગીઓ કરવાનું સરળ બને છે. સમજપૂર્વક ચરબીવાળા તેમજ ગળ્યા પદાર્થો ઘટાડવાનું મન થાય છે.

તીવ્ર ભૂખ લાગે છે ત્યારે શું ખાવું એનો વિવેક રહેતો નથી. એટલે થોડું થોડું વખતોવખત ખાવાથી વજન કાબૂમાં રાખવાનું સહેલું પડે છે. બે વખતના ભોજન ઉપરાંત બે વખત હળવો નાસ્તો કે ફળ લેવાની ટેવ પાડવાથી લોહીમાં સાકરની ચડઊતર ઓછી થાય છે. ભૂખ સંતોષાય એટલું જ ખાવું, ઠાંસીને ન ખાવું.

- **સ્વાદ**

વજન ઘટાડવા જ્યારે તમે ઓછી ચરબીવાળા કે ઓછી ખાંડવાળા પદાર્થો પસંદ કરો છો ત્યારે તમારે સ્વાદ ઉપર પૂરતું ધ્યાન આપવું પડશે. આહાર એવો હોવો જોઈએ કે કાયમને માટે સરળતાથી અપનાવી શકાય. આહારને સ્વાદિષ્ટ બનાવવા જુદા જુદા પ્રકારની રાંધણકળાનો ઉપયોગ કરવો જોઈએ.

કુદરતે દરેક પદાર્થમાં અલગ અલગ સ્વાદ અને સોડમ મૂકેલા છે. તેમાં વધારો કરવા અનેક પ્રકારના મરીમસાલા પ્રમાણમાં ઉમેરી શકાય. કેટલાક શાકભાજીમાં કુદરતી સ્નિગ્ધતા છે. રાંધવામાં નોનસ્ટિક વાસણોનો ઉપયોગ કરવાથી તેલ-ઘી નો વપરાશ ઘટી શકશે. તેવી રીતે ખાંડનો વપરાશ ઘટાડવાં તાજાં ફળો અને સૂકામેવામાં રહેલ કુદરતી મીઠાશનો કેટલેક અંશે ઉપયોગ થઈ શકે. આહારમાં વિવિધતા લાવવા ફણગાવેલાં કઠોળ લઈ શકાય. સલાડ ઉપરાંત દહીંના રાયતામાં ફળો ઉમેરવાથી સ્વાદમાં વધારો થઈ શકે.

મન ઉપર કાબૂ રાખી નવા સ્વાદની ટેવ પાડવી રહી. આપણી સ્વાદકલિકાઓ (Taste buds) દર પંદર વીસ દિવસે નવી થાય છે. પરિણામે આપણી જીભને લગભગ એકવીસ દિવસે નવો સ્વાદ ફાવી જાય છે.

- **ધ્યાન :**

દરરોજ થોડી મિનિટો માટે ધ્યાન કરવાથી અળગાપણું દૂર થાય છે, તનાવ ઘટે છે, ઓછી ચરબી અને ઓછી ખાંડવાળા પદાર્થો તરફ મન વળે છે. ધ્યાનથી લોકો શાકાહારી બન્યા છે. વજન ઘટાડવામાં ધ્યાન મદદરૂપ થાય છે.

એક ઝેન કહેવત છે, 'તમે એક કામ જે રીતે કરો છો તે રીતે સઘળાં કામ કરો છો.' જ્યારે તમે જમવાનું ઝડપથી પતાવો છો ત્યારે તમારું જીવન પણ ઝડપથી પસાર થવાની શક્યતા છે. જ્યારે આહારથી પોષણ મળ્યાનું અનુભવો છો ત્યારે તમે તમારી જાતને બીજી અનેક રીતે પોષણ લેતાં શીખવો છો. જ્યારે તમે તંદુરસ્તી આપનાર આહાર પસંદ કરો છો ત્યારે બીજાં ક્ષેત્રોમાં પણ તમારા જીવનને નિરામય બનાવવાનું પસંદ કરો છો. જ્યારે તમે ધ્યાનપૂર્વક ચેતના કેન્દ્રિત કરી જમવાની ટેવ પાડો છો ત્યારે તમે સઘળું જીવન વધુ ચેતનાપૂર્વક - જાગૃતિથી જીવવાને પ્રેરાઓ છો.

- **જાતે પસંદ કરેલી મર્યાદાઓ :**

જ્યારે આપણે મર્યાદાઓ જાતે પસંદ કરીએ છીએ કે બાંધીએ છીએ ત્યારે તેની અસર વધુ લાભદાયી સાબિત થાય છે. જાતે મૂકેલા અંકુશો મુક્તિ અપાવે છે. જ્યારે તમે વજન ઘટાડવા ચરબીયુક્ત પદાર્થો અને ગળ્યા પદાર્થો ન ખાવાનો સંકલ્પ કરો છો ત્યારે એને સહેલાઈથી પાર પાડવાનું તમને બળ પ્રાપ્ત થાય છે, કારણકે આ મર્યાદા તમે જાતે સ્વીકારેલી છે. તમારા ઉપર કોઇ અંકુશ મૂકતું નથી. જાતે મૂકેલા અંકુસથી કોઈ પણ જાતના આવેશયુક્ત વર્તન, કમ્પલ્શન તેમજ વ્યસનથી છૂટવામાં મદદ થાય છે.

- **નવા વૈજ્ઞાનિક અભિગમ :**

★ વધુ પડતું વજન ઘટાડવા આહારમાં ચરબીનું પ્રમાણ કુલ કેલરીના ૧૦ ટકા જેટલું રાખવું.

★ આહારમાં કાર્બોહાઇડ્રેટનું પ્રમાણ કુલ કેલરીના ૭૫ ટકા રાખવું.

★ રેસા વગરના - સિમ્પલ કાર્બોહાઇડ્રેટ ચરબી જેટલા જ અપથ્ય લેખાય. માટે તેનું પ્રમાણ કુલ કાર્બોહાઇડ્રેટના ૧૦ ટકા જેટલું રાખવું.

★ બાકીની ૧૫ ટકા કેલરી કઠોળ, દાળમાં રહેલ પ્રોટીનમાંથી

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૨ ઉપર)

**મીતા'સ કોર્નર**

# તમે C.C.T.V. કેમેરાની નજરમાં છો!!!

**મીતા એન. સોલંકી**

નમસ્કાર! ફ્રેન્ડ્ઝ, કેમ છો તમે, ફાઈન? હું થોડી અપસેટ છું વિચારોની દૃષ્ટિએ. એનું કારણ તમને જણાવું.

એક કિસ્સો સંભળાવું. ૧૦ ડિસેમ્બર, ૨૦૧૭ના દિવસે ટીન સિટી - ભુજ સમૂહલગ્ન પ્રાંગણમાં મારો મોબાઇલ ખોવાયો! તરત જ ખ્યાલ આવતાં ફોન કર્યો એ મોબાઇલમાં. રીંગ ગઈ... એક... બે... ત્રણ... પછી તરત જ બંધ કરી નખાયો! મોબાઇલ કોઇના હાથમાં આવી ગયો હતો. એ જ મિનિટમાં મોબાઇલ પાછો આપી શકાત જેના હાથમાં આવ્યો! પરંતુ બદ્ ઇરાદાથી એને સ્વીચ ઑફ કરી નખાયો! આપણા પોતાના સમાજની વ્યક્તિઓ હતી. મારી દૃષ્ટિએ શરમજનક બાબત કહેવાય. પરંતુ અનેક જાહેરાત કરવા છતાં પરિણામ શૂન્ય!

આજનો વિષય આજ ટ્રેક પર છે.

આજની પેઢી પાસે બુદ્ધિમત્તા છે. સાથે સાથે ઇમાનદારી જો હોય તો એ અલગ કોમોડિટીની વ્યક્તિ બની જાય છે. બંને સાથે હોય તો એ રેર કેસ છે. ઇન્ટેલિજન્સ સાથે ચાલાકી આવી જાય છે. બીજાનો મોબાઈલ હાથમાં આવતાં બુધ્ધિ ભ્રષ્ટ થતી હોય, ઇમાનદારી ડગમગતી હોય તો વિચારો ફ્રેન્ડ્સ કે આ મોબાઇલ પોતાનો હોય, પોતાની પાસે જ રહેવાનો હોય તો તમે તેના Addict બની જાઓ છો. સ્ટુડન્ટ લાઇફમાં મોબાઈલથી દૂર રહેવું હવે અશક્ય છે. પરંતુ અજાણતાં જ ખોટા રસ્તે પહોંચી જવાય છે. પ્રોબ્લેમ મોબાઇલ નથી, એના ઉપયોગની જે લત લાગે છે, એની છે. જરૂર પૂરતો ઉપયોગ આનો બેસ્ટ ઉપયોગ છે. મોબાઇલ કામ આવતો હોય એનાથી વિશેષ એની લત છે, એ ખરાબ છે. એ જ નુકસાનીનું કારણ છે.

સ્ટડીમાં ધ્યાન બેધ્યાન થઈ જાય છે, અજાણતા જ ખોટા ટ્રેકમાં ચડી જાઓ છો! થાય છે શું કે વૉટ્સઍપ જુઓ, ફેસબુક પર લાઇક જુઓ, કેટલી લાઈક આવી? કોઈ મેસેજ છૂટી નથી જતાને જોવાના! આવા પ્રોબ્લેમ હોય છે. પરિણામ એકાગ્રતાની કમી.

થોડા ઉપાય વિચાર્યા છે કે પોતાની જાતને તૈયાર કરો કે હું બે કલાક વાંચીશ તોજ મોબાઇલને અડધો કલાક યુઝ કરીશ. વાંચતી વખતે મોબાઇલને મમ્મી-ડેડીને આપી દઈશ. ગેમ બ્લોક કરી નાખીશ. ફ્રેન્ડ્સને કહી દઈશ કે આ ટાઈમ પર ડિસ્ટર્બ ના કરે. મોબાઇલ વગરના રૂટીન સેટ કરી શકાય છે. આવું કરવાનું, પોતાની જાતને રીવોર્ડ કરવાનું છે.

ઇન્સ્ટ્રુમેન્ટ ઉપયોગી છે. તેનો વધુ પડતો ઉપયોગની આદત ખરાબ છે. કોઈપણ વસ્તુની લત લાગી જાય, નશો ચડી જાય એ સારી વસ્તુ પણ ખરાબ પરિણામ આપે છે. 'અતિ સર્વત્ર વર્જયતે' – ૧૦૦% રાઈટ છે. સારી વસ્તુ પણ 'અતિ' થાય એટલે તેને કન્ટ્રોલ કરી લેવો એ જ ઉપાય છે.

મોબાઇલની શોધ તો ખૂબ સારી શોધ છે. દુનિયા આખી મુઠ્ઠીમાં હોય છે. તમે ઇચ્છો તેવો ઉપયોગ કરી શકો છો.

મોબાઇલને લઇને બનતા ક્રાઇમને કારણે એક આખી Site ની શોધ થઈ છે – Cyber Crime. તેમાં જે ગુનાઓ થાય છે, તે જોઈને વિચાર આવે છે કે બુધ્ધિશાળી વર્ગના લોકો પણ સાવ હલકી કક્ષાના કહેવાય એવા ક્રાઇમમાં પકડાય છે.

સારા ઉપયોગ પણ એટલા જ અને એનાથી પણ વિશેષ છે, આપણે કેમ ઉપયોગ કરવો એ આપણી ઉપર આધારિત છે. તમે સમૂહમાં હો, જાહેરજીવનમાં હો અને તમે એકલા હો. તમારી પર કોઈની નજર નથી એવી ખાત્રી હોય. આ બંને પરિસ્થિતિમાં તમારૂં વર્તન કેવું છે એ બતાવે છે કે તમે એકાંતમાં છો. તમારી ઉપર કોઈની નજર નથી ત્યારે તમે જે વર્તન કરો છો એ રીયલ નેચર છે.

પહેલાના જમાનામાં 'વેલકમ' લખાતું. પછી આંગણામાં 'કૂતરાથી સાવધાન!' એવું લખાતું થયું. પરંતુ હવે તો તેનાથી એક સ્ટેપ આગળ **"સાવધાન!! તમે C.C.T.V. કેમેરાની નજરમાં છો!!"**

## વધુ પડતા વજનની સમસ્યા

**(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)**

મેળવવી.

★ બીજી એક આદર્શ વહેંચણી આ પ્રમાણે હોઈ શકે : આહારમાં અનાજ ૪૦ ટકા, શાકભાજી અને ફળો ૪૦ ટકા, દાળ, કઠોળ ૧૦ ટકા અને બાકીના ૧૦ ટકામાં મલાઈ કાઢેલ દૂધ, દહીં તેમજ ઘી-તેલ ગણી શકાય.

★ સવારનો નાસ્તો ચૂકવો નહીં. બે મુખ્ય ભોજન ઉપરાંત બે વખત હળવો નાસ્તો કે ફળ લેવા.

★ નિયમિત મધ્યમ ચાલે રોજ ૨૦થી ૪૦ મિનિટ ચાલવાની કસરત કરવી.

★ નિયમિત ધ્યાન ધરવું.

વધુ પડતા વજનની સમસ્યા હલ કરવા વ્યક્તિનાં સામાજિક, કૌટુંબિક અને મનોવૈજ્ઞાનિક પરિબળો પણ સમજવાં જરૂરી છે. ઘણું વધારે વજનવાળી વ્યક્તિને સલાહ આપતી વખતે સહાનુભૂતિપૂર્વકનું વર્તન હોવું જોઈએ. થોડું વજન ઓછું થતાં પણ ઘણો લાભ વર્તાશે એ હકીકત સમજાવવી જોઈએ. માત્ર બેથી ત્રણ કિલો વજન ઘટતાં ઘૂંટણના દુખાવામાં રાહત મળે છે અને હૃદયરોગના દર્દીમાં કામ કરવાની શક્તિમાં નોંધપાત્ર સુધારો થાય છે.

***સૌજન્ય : ડૉ. રમેશ આઇ. કાપડિયાની***
***'સ્વાસ્થ્ય સુધા' પુસ્તિકામાંથી સાભાર***

SHREE
VIKAS
GOLD

Wholesaller of
- Plain Jewellery,
- Antique jewellery
- Casting Jewellery,
- Culcutti Jewellery

Super Mall, C.G. Road, Ahmedabad. Ph. 079-2640 5524, 2640 5525

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.







Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021.
Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00